Date of Pulication 21st Posted on Every Month

ISSN 2347-2448 છૂટક કિંમત : ₹ 20.00

# બુદ્ધિપ્રકાશ

સંપાદક

**મધુસૂદન પારેખ ✳ રમેશ શાહ**

**સહાયક : પ્રફુલ્લ મહેતા**

પુસ્તક ૧૬૪મું • મે, ૨૦૧૮ • અંક : ૫

## દિશાશૂન્ય સાધુઓ

વિપુલ ભારતવર્ષના વિરાટ જનસમાજમાં બીજા એક વર્ગના લોકો છે, જેઓ જપ તપ ધ્યાન ધારણા કરવા ખાતર માણસનો ત્યાગ કરીને, દારિદ્રય અને દુઃખના હાથમાં સંસારને છોડી દઈને ચાલ્યા જાય છે. એ અસંખ્ય ઉદાસીન મંડળીના એ મુક્તિકામીઓને અન્ન તો તેમણે જ પૂરું પાડ્યું છે, જેમને એ લોકો મોહગ્રસ્ત અને સંસારાસક્ત માને છે. એક વખતે કોઈ એક ગામમાં એવા એક સંન્યાસી સાથે મારો ભેટો થયો હતો. મેં તેમને કહ્યું હતું, 'ગામમાં દુષ્કર્મ કરનાર, દુઃખી, પીડાગ્રસ્ત જેઓ છે, તેમને માટે તમે લોકો કેમ કશું કરતા નથી ?' મારો આ પ્રશ્ન સાંભળીને તેઓ નવાઈ પામ્યા હતા અને ચિડાઈ ગયા હતા. તેમણે કહ્યું હતું, 'શું ! જેઓ સંસારના મોહમાં સપડાયેલા છે, તેની ચિંતા મારે કરવાની ! હું તો સાધક રહ્યો, વિશુદ્ધ આનંદને ખાતર એ સંસારનો ત્યાગ કરીને આવ્યો છું, અને હવે પાછો તેની જંજાળમાં પડું !' આ શબ્દો જેમણે ઉચ્ચાર્યા હતા તેમને અને તેમના જેવા બીજા બધા સંસારની સ્પૃહા વગરના ઉદાસીનોને બોલાવીને પૂછવાનું મન થાય છે કે, તેમના ગોળમટોળ દેહની સુંવાળી ચકચકિત કાંતિ કોને આભારી છે ? જેમને એઓ પાપી અને હીન ગણીને છોડીને આવ્યા છે તે સંસારી લોકોએ જ એમને અન્ન પૂરું પાડ્યું છે. પરલોક તરફ જ સતત દૃષ્ટિ રાખવાને લીધે કેટલી બધી શક્તિ વેડફાઈ ગઈ છે, તે કહી શકાય એમ નથી. અનેક સૈકાઓ થયા. ભારતવર્ષમાં આ નબળાઈ ચાલતી આવી છે. એની જે સજા, તે આ વિશ્વના વિધાતાએ આપણને કરી છે. તેમણે આપણને હુકમ ફરમાવીને મોકલ્યા છે કે સેવા દ્વારા આ સંસારને ઉપયોગી થજો. તે હુકમનો આપણે અનાદર કર્યો છે એટલે સજા ભોગવવી જ પડવાની.

**રવીન્દ્રનાથ ટાગોર**

**[રવીન્દ્ર નિબંધમાલા - ૧ પૃ. ૪૩]**

**અનુવાદક : નગીનદાસ પારેખ**

**ગુજરાત વિદ્યાસભા**

શેઠ ભો. જે. વિદ્યાભવન, એચ. કે કૉલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

જ્ઞાનં પરં ધીમહિ

## સૂચના

- આ માસિકનો અંક દર અંગ્રેજી માસની ૨૧મી તારીખે બહાર પડે છે.
- પ્રસિદ્ધ થયેલા લેખો, નોંધો અને અભિપ્રાયો માટેની જવાબદારી તે તે લેખકની રહેશે.
- માસિકની રવાનગી, વ્યવસ્થા, લવાજમ તેમ જ જાહેરખબર અંગે પત્રવ્યવહારનું સરનામું : **ગુજરાત વિદ્યાસભા**, શ્રી એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન : **૨૬૫૮૨૦૮૮**
- લેખ અંગે સંપાદકો સાથે પત્ર-વ્યવહારનું સરનામું : 'બુદ્ધિપ્રકાશ' C/O શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
- લવાજમના દર
  - વાર્ષિક લવાજમ : બસો રૂપિયા
  - સંસ્થાના નોંધાયેલા આજીવન સભ્ય રૂ. ૧૦૦. છૂટક નકલ રૂ. ૨૦. ચેક/ડી.ડી. 'ગુજરાત વિદ્યાસભા'-ના નામનો મોકલવો.
- જાહેરખબરના દર

  પાછલું પૂઠું ૧૦૦૦ રૂપિયા
  અંદરનું પૂઠું ૭૫૦ રૂપિયા
  આખું પાનું ૬૫૦ રૂપિયા
  અડધું પાનું ૩૦૦ રૂપિયા

### લેખકોને ખાસ વિનંતી

- 'બુદ્ધિપ્રકાશ'માં એક કૃતિ પ્રગટ થઈ ગયા પછી જ બીજી મોકલવી. સ્વીકૃત કૃતિનો જવાબ એક માસની અંદર આપવામાં આવે છે. અન્યથા એ રદ સમજવી.
- જવાબ માટે પોસ્ટકાર્ડ મોકલશો નહિ. કૃતિ પરત મેળવવા માટે પૂરતી ટિકિટોવાળું જવાબી પરબીડિયું મોકલવું.

# બુદ્ધિપ્રકાશ

**પુસ્તક ૧૬૪મું** **મે** **અંક : ૫**

### અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રાસંગિક નોંધ | | |
| બળાત્કાર માટે મૃત્યુદંડ | રમેશ શાહ | ૩ |
| પંચવર્ષીય લક્ષ્યાંકો | રમેશ શાહ | ૪ |
| સ્ટીફન હોકીંગનું નિધન | સુરેશ શુક્લ | ૫ |
| અમેરિકાની નવી વિઝાનીતિ ભારતીયો માટે નુકસાનકારક | દિનેશ શુક્લ | ૬ |
| છેલ્લા ૧૦ વર્ષોમાં બાળ-અપરાધોમાં ૫૦૦ ટકાનો વધારો | દિનેશ શુક્લ | ૬ |
| કવિતા | | |
| બે રચના | રાધેશ્યામ શર્મા | ૮ |
| બે રચના | પ્રવીણ ગઢવી | ૯ |
| બે રચના | કિશોર મોદી | ૧૦ |
| થઈ ગયું છે | ચંદ્રકાન્ત પટેલ 'સરસ' | ૧૦ |
| રાહ જોવા વિશે | રમેશ કોઠારી | ૧૧ |
| કાવ્યાકાશમાં ઉડ્ડયન | સંધ્યા ભટ્ટ | ૧૩ |
| ગઝલ | દિનેશ ડોંગરે ''નાદાન'' | ૧૫ |
| ધ્રુવ ભટ્ટની 'તત્ત્વમસિ' અને 'રેવા' | શરીફા વીજળીવાળા | ૧૬ |
| આસ્વાદ | રાધેશ્યામ શર્મા | ૨૩ |
| રવીન્દ્રનાથનાં બે ગીતિનાટ્ય : ચંડાલિકા અને શ્યામા | દક્ષા વ્યાસ | ૨૫ |
| કાન્ત અને કરુણાશંકર | પ્રફુલ્લ રાવલ | ૨૭ |
| હાથ અને હૈયાનો એકાત્મભાવ | પ્રવીણ કુકડિયા | ૩૧ |
| ગઝલનો મિજાજ | ભરત કાનાબાર | ૩૪ |
| યશવન્ત મહેતાનાં બાળકાવ્યોમાં શિક્ષણ | રવીન્દ્ર અંધારિયા | ૩૭ |
| ઘનશ્યામ દેસાઈની વાર્તાઓમાં પ્રયોગશીલતા | ભગવાન એસ. ચૌધરી | ૪૨ |
| સાહિત્યવૃત્ત | | ૪૪ |
| શાશ્વત ઊર્મિઓની શિલ્પાકૃતિ – 'શાશ્વતી' | વિરંચિ ત્રિવેદી | ૪૫ |
| પ્રસાદ (બુદ્ધિપ્રકાશ – સો વર્ષ પહેલાં) ખડા તાત્વિક બે બોલ | સંકલન : થોમસ પરમાર | ૪૮ |
| પુસ્તક પરિચય | | |
| ઘર અને શાળા માટેનો અખંડ દીવો | ઈશ્વર પરમાર | ૫૦ |
| સોનાની લગડી જેવા હાઈકુ – 'સત્તરાક્ષરું' | યોસેફ મૅકવાન | ૫૧ |
| 'વાદ-વિવાદ-સંવાદ' મનનીય લઘુ નિબંધોનો સંગ્રહ | યોસેફ મૅકવાન | ૫૩ |


ગુજરાત વિદ્યાસભા વતી પ્રકાશક : માનાર્હ મંત્રી, ગુજરાત વિદ્યાસભા, શ્રી એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * ફોન : ૨૬૫૮૨૦૮૮ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ * ફોન : ૨૬૫૬૪૨૭૯

## પ્રાસંગિક નોંધ

**રમેશ શાહ ● દિનેશ શુક્લ**

બુદ્ધિપ્રકાશ

**બળાત્કાર માટે મૃત્યુદંડ**

કઠુઆમાં આઠ વર્ષની બાળકીનું અપહરણ કરીને એના પર દિવસો સુધી બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી એ ઘટનાની નોંધ આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ. બળાત્કારની બીજી ઘટના ઉત્તરપ્રદેશમાં ઉન્નાવમાં બની. એક ધારાસભ્યે સત્તર વર્ષની એક છોકરી પર બળાત્કાર કરેલો. એ કિસ્સામાં પોલીસે ફરિયાદ નોંધવાને બદલે છોકરીના પિતાને પૂરી દઈને એવો માર માર્યો જેનાથી એનું મૃત્યુ નીપજ્યું. અલબત્ત, એ ઘટનાએ ભારે ચકચાર જગવી એ પછી સદરહુ ધારાસભ્ય સામે વિધિસર કેસ નોંધવામાં આવ્યો છે. એ ધારાસભ્ય ભાજપનો છે તે ઘટના સૂચક છે. એ શાસક પક્ષનો સભ્ય હોવાથી એની સામે ફરિયાદ નોંધવાનો આરંભમાં પોલીસે ઇન્કાર કર્યો અને આવા 'મોટા' માણસ સામે ફરિયાદ કરવાની ગુસ્તાખી કરવા માટે ફરિયાદી બાપને પીટવામાં આવ્યો.

આ બે ઘટનાઓ સાથોસાથ પ્રકાશમાં આવી તેના પગલે દેશમાં ભારે ઊહાપોહ થયો. આવી ઘાતકી ઘટનાઓ બને ત્યારે દિલ્હીના શાસકોએ તેમણે અપનાવેલી નીતિ પ્રમાણે દેશ માટે આ અત્યંત શરમજનક ઘટનાઓ પરત્વે પણ મૌન સેવ્યું. એ મૌન પોતે ભારે ટીકાનો મુદ્દો બનતાં વડાપ્રધાનશ્રીએ મોડેથી એક મોળું નિવેદન કર્યું. બનેલી ઘટનાઓ પરત્વે તેમનો કોઈ આક્રોશ એ નિવેદનમાં વ્યક્ત થયો નહોતો. એના વિકલ્પે એક વટહુકમ બહાર પાડવામાં આવ્યો. બાર વર્ષની વય સુધીનાં બાળકો પર બળાત્કાર કરનારાઓને મૃત્યુદંડની સજા કરવામાં આવશે. નાની બાળાઓ પર બળાત્કારના કિસ્સા વધતા જાય છે તેની સામેની લોકલાગણી આ પ્રકારની આકરી સજા ફટકારવાની માગણીમાં પરિણમતી હોય છે. આ કિસ્સામાં તો કેટલાક મહાનુભાવોએ પણ બાળકો પર બળાત્કાર કનારાઓને મૃત્યુદંડ કરવાની માગણી કરી હતી. તેથી સરકાર લોકલાગણી પરત્વે સંવેદનશીલ છે એવું આ વટહુકમ  દ્વારા દર્શાવી શકી.

પણ ક્યારે લોકલાગણીને માન આપવું અને ક્યારે લોકલાગણીને દોરવી તેનો વિવેક શાસકોએ દાખવવાનો હોય છે. પ્રસ્તુત વટહુકમ પુખ્ત વિચારણા કર્યા વિના જ બહાર પાડવામાં આવ્યો છે. બાળકો પર થતા જાતીય (Sexual) અપરાધો સામે રક્ષણ આપતા કાયદા (Posco)ના અનુભવને ધ્યાનમાં લીધા વિના આકરું પગલું ભર્યાનો દેખાવ કરવામાં આવ્યો છે. જે બાળકોના હિત માટે આ વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે તેમના માટે જ આ વટહુકમ જોખમકારક

છે.

દેશમાં બળાત્કારની જે ઘટનાઓ બને છે તેમાં સત્તર વર્ષ સુધીની વયની બાળકીઓનું પ્રમાણ ઠીકઠીક મોટું હોય છે. આ વાસ્તવિકતાના સંદર્ભમાં ૧૨ વર્ષની વય સુધીની છોકરીઓ પરના બળાત્કારને મૃત્યુદંડને પાત્ર, ખૂન જેવો ગંભીર અપરાધ ગણવામાં અને એનાથી ત્રણચાર વર્ષ મોટી કિશોરીઓ પરના બળાત્કારને ઓછો ગંભીર અપરાધ ગણવામાં કોઈ તર્ક નથી. હકીકતમાં તો બળાત્કારનો ભોગ બનનારની વયના આધારે બળાત્કારના અપરાધની ગંભીરતા નક્કી કરવામાં જ ન્યાયનું કોઈ ધોરણ જળવાતું નથી. બાર વર્ષની ભેદરેખા નક્કી કરવામાં એક વ્યવહારુ પ્રશ્ન પણ ઊભો થશે. દેશમાં જન્મતારીખનો અધિકૃત દાખલો ન ધરાવતી હોય એવી વ્યક્તિઓનું પ્રમાણ ઘણું મોટું છે. તેમાં સમાજના ગરીબ વર્ગોમાં એવો દાખલો ન ધરાવતી સ્ત્રીઓ અને છોકરીઓનું પ્રમાણ ઘણું વધારે છે. આવી સ્થિતિમાં બાર વર્ષની વય પોતે જ તકરારનો વિષય બને : પ્રથમ તો છોકરી બાર વર્ષની વયની છે કે તેનાથી મોટી વનયી એ નક્કી કરવાનો પ્રશ્ન ઊભો થાય.

બાર વર્ષની વય સુધીની છોકરીઓ પરના બળાત્કારને ખૂન જેવો મૃત્યુદંડને પાત્ર અપરાધ ગણવામાં એક ધારણા રહેલી છે : આકરી સજાથી ગભરાઈને સંભવિત બળાત્કારી બળાત્કાર કરવાથી દૂર રહેશે. સજાના ભયથી ગુનેગારો ગુનો કરતા અચકાતા નથી એ દુનિયાના મોટા ભાગના દેશોનો અનુભવ છે. આપણો એક વિશેષ પ્રશ્ન છે. આપણું પોલીસતંત્ર અને ન્યાયતંત્ર જાણે-અજાણે બળાત્કારીઓની તરફેણમાં કામ કરે છે. ૨૦૧૬માં બળાત્કારના કેસોમાં ૭૫ ટકા આરોપીઓ નિર્દોષ છૂટી ગયા હતા. એક બીજી હકીકત પણ ધ્યાનમાં રાખવાની છે. બળાત્કારના ૯૫ ટકા કિસ્સામાં બળાત્કારી પુરુષો પરિચિત હોય છે. ઘણા બળાત્કારો કુટુંબના ગણી શકાય એવા પુરુષો અને પડોશીઓ દ્વારા જ થતા હોય છે. આ સ્થિતિમાં બળાત્કારને મૃત્યુદંડને પાત્ર અપરાધ બનાવવાથી સગાસંબંધીઓ અને અન્ય પરિચિતોના દબાણથી નાની વયની બાળાઓ પરના બળાત્કારની ફરિયાદ કરવાનું માંડી વાળવામાં આવે એવા કિસ્સાઓ વધી જશે. મતબલ કે મૃત્યુદંડની સજા પોતે જ તેની અસરકારકતા ઘટાડનારી બની રહેશે.

૨૦૧૨માં નિર્ભયાનો કેસ બન્યો એ પછી બળાત્કારીઓ દ્વારા સ્ત્રીઓ અને છોકરીઓની હત્યા કરી નાખવાના કિસ્સા વધતા જાય છે. બળાત્કારીઓ પુરાવાનો – સાક્ષીનો નાશ કરવા માટે આ પગલું ભરતા થયા છે. ૨૦૧૬માં થયેલી હત્યાઓ માટેનું એક પ્રમુખ કારણ બળાત્કાર હતું. બળાત્કારને મૃત્યુદંડને પાત્ર ગણીને બળાત્કારીઓને છોકરીઓની હત્યા કરી નાખવા માટે પ્રબળ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે. આ બધી રીતે વિચારતાં બળાત્કાર અંગે બહાર પાડવામાં આવેલો વટહુકમ પુખ્ત વિચારણા વિના ભરવામાં આવેલું પગલું છે. વ્યાપક પરિપ્રેક્ષ્યમાં પણ આ પગલાનો બચાવ થઈ શકે તેમ નથી. દુનિયાના ૧૦૦થી અધિક દેશોએ મૃત્યુદંડની સજા કાયદાપોથીમાંથી રદ કરી છે. બીજા ઘણા દેશોમાં કાયદાપોથીમાં મૃત્યુદંડની સજાની જોગવાઈ હોવા છતાં વ્યવહારમાં મૃત્યુદંડ આપવામાં આવતો નથી. ભારતમાં પણ જૂજ અપવાદરૂપે કિસ્સામાં ફાંસીની સજા કરવામાં આવે છે. મૃત્યુદંડ અંગે બદલાયેલા આ દૃષ્ટિકોણને કારણે નિર્ભયા-કેસ પછી નિમાયેલી વર્મા સમિતિએ બળાત્કારના કિસ્સાઓમાં મૃત્યુદંડની હિમાયત કરી નહોતી.

**૧-૫-૨૦૧૮** **રમેશ શાહ**

**પંચવર્ષીય લક્ષ્યાંકો**

વડાપ્રધાનશ્રીએ ૨૦૧૭માં પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાની ઘોષણા કરી હતી. ખેડૂતોને અપાયેલું આ એક વચન છે કે સરકારની શુભ આકાંક્ષા છે તે આપણે જાણતા નથી પણ એ ઘોષણાને ગંભીરતાથી લઈને તેને અંગે ગંભીર ભાવે ચર્ચા કરવામાં આવે છે અને તેના અનુષંગે પગલાં વિચારવામાં આવે છે. એના સંદર્ભમાં લક્ષ્યાંક સાથે વિચારવામાં આવી રહેલા એક પગલાની ચર્ચા કરવા જેવી છે.

ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંકની પૂર્તિ કરવાના એક પગલારૂપે કૃષિપ્રધાને તાજેતરમાં કૃષિપેદાશોની નિકાસો ૨૦૨૨ સુધીમાં ૧૦૦ અબજ

ડૉલર કરવાનો કૃષિખાતાનો સંકલ્પ જાહેર કર્યો. બીજી બાજુ, વેપારખાતાએ કૃષિપેદાશોની નિકાસો માટે જે નીતિવિષયક ખરડો તૈયાર કર્યો છે તેમાં ૨૦૨૨-૨૩માં કૃષિપેદાશોની નિકાસોનો લક્ષ્યાંક ૬૦ અબજ ડૉલરનો રાખ્યો છે. આ લક્ષ્યાંકો આપણી જરૂરિયાતના આધાર પર મુકરર કરવામાં આવ્યા છે કે તે હાંસલ કરવાની આપણી ક્ષમતા પર નક્કી કરવામાં આવ્યા છે તે આપણે જાણતા નથી, પણ કેન્દ્ર સરકારના બે ખાતાઓએ મુકરર કરેલા લક્ષ્યાંકો વચ્ચેનો તફાવત બહુ મોટો છે. સરકાર કૃષિનિકાસોનો લક્ષ્યાંક નક્કી કરવાની બાબતમાં કેટલી ગંભીર છે તેવો પ્રશ્ન આમાંથી ઊભો થાય છે.

કૃષિપેદાશોની નિકાસોનો લક્ષ્યાંક મુકરર કરવામાં આવી રહ્યો છે ત્યારે નજીકના ભૂતકાળમાં કૃષિનિકાસ અંગેનો આપણો અનુભવ નોંધવા જેવો છે. (કૃષિનિકાસોમાં દરિયાઈ પેદાશો અને માંસ જેવી ચીજોનો પણ સમાવેશ કરવામાં આવે છે.) ૨૦૦૪-૦૫માં આપણી કૃષિનિકાસોનું મૂલ્ય ૮.૭ અબજ ડૉલરનું હતું તે વધીને ૨૦૧૩-૧૪માં ૪૨.૬ અબજ ડૉલરનું થયું હતું. આમ નવ વર્ષમાં કૃષિનિકાસો પાંચ ગણી થઈ હતી. આ વધારો સરકાર પક્ષે કશા આયોજન કે લક્ષ્યાંક મુકરર કર્યા વગર બજારનાં પરિબળોની કામગીરીથી સધાયો હતો. એવાં જ બજારનાં પરિબળોની કામગીરીથી એ પછીનાં વર્ષોમાં કૃષિનિકાસો ઘટી. ૨૦૧૬-૧૭માં દેશની કૃષિનિકાસોનું મૂલ્ય ૩૩ અબજ ડૉલર હતું. આ સ્થિતિમાં અત્યારે તો ૨૦૧૩-૧૪માં આપણે જે કૃષિનિકાસો કરી શક્યા હતા તે સપાટી પર પહોંચવું એ જ એક પડકારરૂપ કાર્ય બની ગયું છે. મુદ્દો એ છે કે અર્થતંત્રમાં કાર્યરત પરિબળો પર રાજ્યનો અંકુશ બહુ ઓછો હોય છે. યુરોપ અમેરિકાના મોટા ભાગના દેશો ૨૦૦૮માં શરૂ થયેલી મંદીમાંથી હજી પૂરેપૂરા બહાર આવી શક્યા નથી તે તેનું એક તાજેતરનું ઉદાહરણ છે. ભારતમાં પણ આપણો એ જ અનુભવ છે. આર્થિક આયોજનના યુગમાં દેશમાં રાજ્ય અર્થતંત્રમાં મોટી ભૂમિકા ભજવતું હતું અને અર્થતંત્ર પર વ્યાપક નિયંત્રણો ધરાવતું હતું ત્યારે પણ અર્થતંત્ર તો બજારનાં પરિબળોથી પોતાની રીતે જ ચાલતું હતું અને આયોજનપંચ દ્વારા નિર્ધારિત લક્ષ્યાંકો અપવાદરૂપે જ હાંસલ થતા હતા.

આ અનુભવના સંદર્ભમાં પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવામાં આવશે. કૃષિનિકાસો વધારીને ૬૦ કે ૧૦૦ અબજ ડૉલરની કરવામાં આવશે એવા લક્ષ્યાંકો પ્રગટ કરીને પાંચ વર્ષ પછીનું ગુલાબી ચિત્ર રજૂ કરવાની સરકારની ચેષ્ટાને તપાસવાની છે. વર્તમાન સરકારે આવતાંની સાથે આયોજન પંચને વિખેરી નાખ્યું છે, પણ પંચવર્ષીય યોજનાના અવશેષ જેવા પંચવર્ષીય લક્ષ્યાંકો પ્રગટ કરતા રહેવાનું તેને રાજકીય રીતે ઉપયોગી માલૂમ પડ્યું છે.

૩-૫-'૧૮ **રમેશ શાહ**

## અમેરિકાની નવી વિઝાનીતિ ભારતીયો માટે નુકસાનકારક

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે તાજેતરમાં એવો નિર્ણય લીધો છે કે તેમની સરકાર એચ-૧બી વિઝા ધરાવતાં પતિ કે પત્નીને કાયદેસર રીતે અમેરિકામાં નોકરી કરવાની મંજૂરી આપવી નહીં. ભારતના આઈટી પ્રોફેશનમાં એચ-૧ બી વિઝા સૌથી વધારે લોકપ્રિય છે. પરિણામે ટ્રમ્પ સરકારના આ નિર્ણયની સૌથી માઠી અસર ભારતીયો પર પડશે. જાણવા મળે છે તે અનુસાર ટ્રમ્પ સરકાર એચ-૧ બી વિઝા માત્ર અત્યંત હોશિયાર અને તેજસ્વી નાગરિકોને પોતાના દેશમાં કામ કરવાની (નોકરી કરવાની) પરવાનગી આપવા માંગે છે. વિઝાધારકના જીવનસાથી પતિ કે પત્નીને અમેરિકામાં નોકરી ન કરવા દેવાના આ નિર્ણયની સૌથી માઠી અસર ભારતના લોકોને થશે. કારણ કે ભારતના વિદ્યાર્થીઓ આઈટી-ઇન્ફર્મેશન ટેક્નૉલૉજીમાં અત્યંત હોશિયાર અને પારંગત છે.

અગાઉના પ્રમુખ બરાક ઓબામાએ અમેરિકામાં કામ કરતા કર્મચારીઓના જીવનસાથી (પતિ અથવા પત્ની)ને વર્ક પરમિટ આપવાનો નિર્ણય કર્યો હતો જે ટ્રમ્પ સરકારે સત્તા પર આવતાં જ રદ કર્યો હતો.

યુએસ સિટીઝનશિપ ઍન્ડ ઇમિગ્રેશન સર્વિસીસના ડાયરેક્ટ ફ્રાન્સિસ સીરસામે સૅનેટ સભ્યોને લખેલ એક પત્રમાં જણાવ્યું છે કે ટ્રમ્પ સરકાર એચ-૧ બી વિઝાધારકોના જીવનસાથીને અપાતી વર્ક પરમિટ રદ

કરવાનો ઇરાદો ધરાવે છે.

માઇગ્રેશન પોલિસી ઇન્સ્ટિટ્યૂટે તાજેતરમાં કરેલ એક સર્વેમાં જાણવા મળ્યું છે કે અમેરિકી સરકારે એચ૧-બી વિઝાધારકોના જીવનસાથીને વર્ક પરમિટ આપવામાં આવી છે તેમાં ૯૦ ટકા ભારતીયો એચ એચ-૪ વિઝા મેળવનારાઓમાં ૯૪ ટકા મહિલાઓ છે, તેમાં પણ ૯૩ ભારતીય મહિલાઓ છે, જ્યારે માત્ર ચાર જ ટકા ચાઇનીઝ નાગરિકો છે.

**દિનેશ શુક્લ**

## છેલ્લા ૧૦ વર્ષોમાં બાળ-અપરાધોમાં ૫૦૦ ટકાનો વધારો

બાળકોના અધિકારો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા – 'ચાઈલ્ડ રાઇટ્સ ઍન્ડ યુ' તરફથી તાજેતરમાં બહાર પાડવામાં આવેલ એક હેવાલમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં બાળકો વિરુદ્ધ થતા અપરાધોમાં ૫૦૦ ટકાનો વધારો થયો છે. વધુમાં જણાવવામાં આવ્યું છે કે ૫૦ ટકાથી પણ વધારે આવા બનાવો દેશનાં પાંચ રાજ્યો જેવાં કે ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં બન્યા છે. આ હેવાલમાં કેટલીક ચોંકાવનારી આંકડાકીય માહિતી પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૬માં બાળ-અપરાધોની સંખ્યા ૧૮,૯૬૮ હતી જે ૨૦૦૭માં વધીને ૧,૦૬,૯૫૮ થઈ ગઈ. મોટા ભાગના અપરાધો બાળકો-બાળકીઓ સાથે જાતીય શોષણના હતા.

જ્યારે સમગ્ર દેશમાં કઠુઆ (જમ્મુ-કાશ્મીર) અને ઉન્નાઉ (ઉત્તરપ્રદેશ)માં બાળકો ખાસ કરીને બાળકીઓ પર થયેલા બળાત્કારોને કારણે પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો હતો. આપણા દેશમાં હૉસ્પિટલો, શાળાઓની સંખ્યા કરતા કહેવાતા ધાર્મિક સ્થળોની સંખ્યા વધારે છે, ત્યાં બાળકો-બાળકીઓ પર આટલી બધી ક્રૂરતા કેમ આચરવામાં આવતી હશે, વારુ ?

'એસોસિયેશન ઑફ ડેમોક્રેટિક સ્કીમ રિફોર્મ'ના જણાવ્યા અનુસાર દેશના કુલ રાજકીય નેતાઓના ૪૦ ટકા નેતાઓ પોતે જ કોઈને કોઈ ગુનાના અપરાધી છે અને હવે તો 'કહેવાતા' ધર્મગુરુઓ - બાબાઓ પોતે જ બળાત્કારી સાબિત થયા છે.

અન્ય મોટાં શહેરોની વાત ન કરીએ પણ દેશના પાટનગર દિલ્હીની જ વાત કરીએ તો ૨૦૧૩ના એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહમાં બળાત્કારના ચોંકાવનારા આંકડા બહાર આવ્યા છે. તેમાં પોતાના સગા પિતા દ્વારા ૧૦, ઓરમાન ભાઈ દ્વારા ૦૨, પોતાના પતિ દ્વારા, પ્રેમી દ્વારા ૧૧૮, મકાનમાલિકો દ્વારા ૦૮, ડૉક્ટરો દ્વારા ૦૨ બળાત્કાર આચરવામાં આવ્યા એવા કિસ્સાઓ બન્યા છે.

દુષ્કર્મ (બળાત્કાર) શા માટે આચરવામાં આવે છે, તે સંદર્ભમાં મેસ્લો નામના મનોવૈજ્ઞાનિકે જણાવ્યું છે કે કોઈ પણ વ્યક્તિ, પછી તે ગમે તે ધર્મ પાળતી હોય, – સૌથી પહેલાં તો પોતાની શારીરિક જરૂરિયાતો સંતોષવાનો પ્રયાસ કરી છે જેમ કે, ભૂખ, તરસ અને સેક્સ.

ગમે તેવા કડક કાયદા કરો પણ બળાત્કાર કરનારને અટકાવી શકાતો નથી. તાજેતરમાં ભારત સરકારે વટહુકમ બહાર પાડ્યો છે, તે અનુસાર સગીર વયની બાળા પર બળાત્કાર ગુજારનારને ફાંસીની સજા કરવામાં આવશે. ફાંસીની સજા એ અંતિમ સજા ગણાય છે. તેના ભયથી બળાત્કાર કરનાર બળાત્કાર નહીં કરે ? ખરેખર તો પૌરુષેય માનસિકતામાં ધરમૂળથી પરિવર્તન કરવાની જરૂર છે.

**દિનેશ શુક્લ**

## સ્ટીફન હોકીંગનું નિધન

એક વખત ફ્રેડરિક નિત્સે કહ્યું હતું 'આ વિશ્વમાં આપણો માનવસમુદાય સ્વપ્ન' જોનારા નહીં હોય ત્યારે માનવજાત ઉપર અકલ્પ્ય એવી આફત આવશે... ઉત્ક્રાંતિનો પાયો સ્વપ્નશીલતાને લીધે જ શક્ય બને. ૮મી જાન્યુઆરી, ૧૯૪૨માં ફ્રેંક હોકીંગ અને ઈઝાબેલને ત્યાં જન્મ, પિતા બાયોલૉજિસ્ટ અને મા મેડિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરે. બાળપણમાં પરંપરાગત શિક્ષણ મેળવ્યું પણ ક્યારેય એમના શિક્ષકોને વિદ્યાર્થી તરીકે પ્રભાવશાળી ન લાગ્યા. પણ સ્વભાવગત કાંઈક જાણવાની જિજ્ઞાસાવૃત્તિને લીધે સૌને અટપટા પ્રશ્નો કર્યા કરે. આ કારણસર એમના શિક્ષકોને સતત સ્ટીફન માટે એક પ્રકારની નફરત થઈ. પણ ઉચ્ચશિક્ષણ લેવા ઓક્સફર્ડમાં ભૌતિક શાસ્ત્રમાં સ્નાતકની પદવી લઈને

(કોસ્મોલૉજી) સંશોધન કેમ્બ્રિજમાં પણ ખ્યાતિ મેળવી. 'થિયરી ઑફ એવરીથીંગ' એટલે કે બ્રહ્માંડની પણ ઉત્પત્તિ કેવી રીતે થઈ એ બાબતમાં સંશોધન માટેની ખૂબ જ નાજુક તબિયત હોવા છતાં મનોબળની મક્કમતાને કારણે એ પણ ગ્લોબલકેમ્પસ બીજા આઇન્સ્ટાઈનની બરોબરી કરે એવા વૈજ્ઞાનિક મળ્યા. વિશ્વના તમામ પ્રથમ હરોળના સૌ વૈજ્ઞાનિકોએ એમની સંશોધન માટેના લગાવ જોઈને 'જુનિયર આઇન્સ્ટાઈન' તરીકે બિરદાવવાનું શરૂ કર્યું.

સ્ટીફન હોકીંગે એક અકલ્પ્ય એવી યુવાન વૈજ્ઞાનિકોને માટે પગદંડી તૈયાર કરી એમ કહેવામાં કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ નથી. જે કોઈ વ્યક્તિ શાંત, સૌમ્ય હોય તે વ્યક્તિને સર્જનાત્મકતા સહજ બને. આપણા વિશ્વનો નિયમ છે કે પૂર્ણતા ન મળે – કાંઈક ક્યાંય ખાલીપો રહેવાનો, આપણે હવે બધું જ જાણી ચૂક્યા છીએ. એ પ્રકારનો ભ્રમ આપણી અધૂરાપણાની નિશાની છે. આપણી અણસમજણને આપણા આખા 'ગ્લોબલ કૅમ્પસ'ને જાણે દિશાહીન બનાવી ચૂક્યા છીએ. જે સમાનતા બુદ્ધિજીવીઓની ઊર્જાનો અભાવ હોય એવા લોકો યુવાનવિજ્ઞાનીઓની કદર કરવામાં કસર કર્યા કરે છે. સ્ટીફને 'બ્લેકહોલ'ની વાત કરી છે. તે ભૌતિકશાસ્ત્ર અને 'એનથ્રોપોલોજી'ની જરૂરી વગર ન સમજાય.

સ્ટીફને વારંવાર કહ્યું : 'જીવનની બાજી સરળ ન હોય તો જ મજા છે, કષ્ટદાયક જીવનને માણવામાં મજા છે... પ્રયત્નો કરવામાં કચાશ ન રાખો, જે વ્યક્તિના જીવનમાં સંકલ્પબળ હોય તો જ આપણો માર્ગ સરળ બને.'

સ્ટીફન હોકીન્સને વિપરીત પરિસ્થિતિમાં કામને પાર પાડ્યું. એ માનસિક રીતે સતત કાર્યરત રહ્યા એ કાંઈ નાનીસૂની વાત નથી. એ વિરલ આત્માને કોટી કોટી નમન.

**સુરેશ શુક્લ**

[આજે ગામડાંનો દીવો બુઝાઈ ગયો છે. શહેરમાં કૃત્રિમ દીવો સળગ્યો છે — એ દીવામાં સૂર્ય ચંદ્ર નક્ષત્રનું સંગીત નથી. પ્રત્યેક સૂર્યોદય સમયે જે પ્રણામ થતા, સૂર્યાસ્ત સમયે જે આરતીનો દીપ સળગતો તે આજે લુપ્ત થયો છે, મ્લાન થયો છે. કેવળ જળાશયનું જળ સુકાઈ ગયું છે એટલું જ નહિ, હૃદય પણ સુકાઈ ગયું છે, જીવનના આનંદથી મેદાનમાંનાં ફૂલની પેઠે જે બધાં નૃત્ય ગીત આપોઆપ જાગી ઊઠતાં હતાં તે બધાં જીર્ણ થઈને ધૂળમાં મળી ગયાં છે. પ્રાણની ઉદારતા અત્યાર સુધી પોતે જ પોતાના સહજ આનંદનાં સુંદર ઉપકરણો ઉત્પન્ન કરતી આવી હતી – આજે તે મૂંગી થઈ ગઈ છે, આજે તેને યંત્રમાં બનેલા આમોદ-પ્રમોદનો આશ્રય લેવો પડે છે – એ જેમ જેમ એનો આશ્રય લે છે તેમ તેમ તેની સર્જનશક્તિ વધુ ને વધુ જડ બનતી જાય છે.]

[રવીન્દ્ર નિબંધયાત્રા-૧ પૃ. ૫૩૦]

● રાધેશ્યામ શર્મા

# બે રચના

## ૧. વ્યતીત

શૈશવનું સ્વપ્નું
જાગીને
ઝબકી જશે
દાંતોને
હોઠથી કરડશો તો
મુર્દાના મિલનની પળ
બેઠી થશે
નખને
દાંતથી કરડશો તો
બોખલા કૂવામાંનાં કબૂતરાં
ફડફડ ઊડશે ઓષ્ઠ પર
આંગળી ફેરવશો તો
શ્વાસો વાંસવનમાં
કૃષ્ણ રાધાને પામશે
પગથી નખક્ષત કરશો
તો –
શેષનારાયણના શિરે
ખૂંટી વાગી જશે !

## ૨. ઘડીપળ

ગઈ
ગળી
ગળી
ભૂંગળી
એક
આંખ
બન્ધ
કરી
દૂરબીનમાં
જુવે
તો
બીન
બજે
બ્રહ્માંડે
ફૂંક
મારે
દરિયામાં

સૂતેલા
મગર
મોજાંને
અને
વાજાં
વાગે
પાતાળે
વાળે
અવનિના
પ્રદૂષણને
અ-મૃત
જીભથી
પણ
દેવ
દેવીઓ
ક્યાં
છે ?

● પ્રવીણ ગઢવી

# બે રચના

## ૧. બિનસરમાં હિમાલય*

*વ્હેલી પરોઢના*
*સ્વપ્ન શો ધૂસર*
*દીસે હિમાલય...*
*ઉદિત થાય રવિ ધીરેધીરે*
*પૂર્વ દિશે,*
*ત્યમ*
*પ્રથમ ધરે ભસ્મરંગ,*
*પછી સોનેરી,*
*ક્ષણોમાં રૂપેરી,*
*પછી શ્વેત શ્વેત દેદીપ્યમાન !*
*પળે-પળે બદલે રંગ રૂપ*
*જાણે કો' બહુરૂપી*
*હિમાલય !*

---
* અલમોડા પાસે એક વન્યજીવન અભયારણ્ય

## ૨. હિમવર્ષા

*થીજી ચાંદની*
*વરસે નભ થકી*
*એ હિમવર્ષા !*

*તૂટ્યા મેઘ*
*વરસે નભ થકી*
*એ હિમવર્ષા !*

*માનસરના*
*હંસનાં ખરે પીંછાં*
*એ હિમવર્ષા !*

*અપ્સરા ઓષ્ઠ*
*થકી ખરે ફૂલડાં*
*એ હિમ વર્ષા !*

*ચંદ્રની રજ*
*ખરે અવની પટે*
*એ હિમ વર્ષા !*

> સત્ય ઐક્ય અર્પે છે; ધન ભેદબુદ્ધિ પેદા કરે છે. તે ઉપરાંત તે અંતરાત્માને શૂન્ય રાખે છે; એટલે પૂર્ણતાને બહારથી ઝૂંટવી લેવાની ઇચ્છા થાય છે. આથી કેવળ સંખ્યા વધારવા તરફ જ રાતદિવસ ઊંચે શ્વાસે દોટ દેવી પડે છે; ‘હજી’ના પોકાર પાડતાં પાડતાં, હાંફતાં હાંફતાં આંકના કોઠાએ કોઠાએ આકાંક્ષાની ઘોડદોડ કરાવતાં કરાવતાં ફેર ચડે છે; માણસ ભૂલી જાય છે કે બીજું બધું મળે છે પણ આનંદ મળતો નથી.
>
> [રવીન્દ્ર નિબંધમાલા-૧]
> પૃ. ૨૬૩

● કિશોર મોદી

## બે રચના

### ૧. પ્રેમમય

મન-સુમીરનની ઉડાનો પ્રેમમય,
માંહ્યલાનો સિંહફાળો પ્રેમમય.

કોઈ કંડારે છે શબ્દોની તરજ,
વાયરાના દેવદૂતો પ્રેમમય.

ઓઢણીની આંખમાં વિશેષ છે,
ભાતીગળ શિલ્પાય ભાષ્યો પ્રેમમય.

બીજનો અંબાર મનભાવન બહુ,
સ્મિતના અલ્લડ પ્રભાવો પ્રેમમય.

સાંજ પળભર વ્યક્તતારૂપે પમાય,
ભીતરી બોલાશ શ્વાસો પ્રેમમય.

કયા મિષે ગઝલો કહેવાતી કિશોર ?
સૃષ્ટિમાં અદબદ પ્રકારો પ્રેમમય.

### ૨. ઊઘડે

હા, ઉષા જેવું મગનમન ઊઘડે,
ને હયાતીનું સમયવન ઊઘડે

ગૌરવાચ્છાદિત સફળ જગ ઊઘડે,
મૈત્રી નેપથ્યે સુહૃદ જણ ઊઘડે

સોળવર્ષી શુભત્વ મઘમઘતું સરે,
સાત સૂરજ શા નયનશર ઊઘડે

આંખ બહુ તરસાય રહી છે જન્મથી,
દિલમાં ઉમંગી વિહગસ્વર ઊઘડે

● ચંદ્રકાન્ત પટેલ 'સરસ'

## થઈ ગયું છે

સહેજમાં સહેજ ઉમેરતા તો ઘણું થઈ ગયું છે.
આખરે આવીને કોઈ તો આપણું થઈ ગયું છે.

મેં સ્વયમ મેળવ્યું ક્યાં છે જેને તમે સુખ કહો છો,
પૂર્વજોની કમાણીનું એ દૂઝણું થઈ ગયું છે !

એટલું મારું ક્યાં છે ગજું કે તને હું ચાહું પણ,
માત્ર તારા તરફ થોડું આ ખુદપણું થઈ ગયું છે !

હોય છે ક્યાંક મારી અને હોય છે ક્યાંક તારી,
ખામીઓ ગણતાં પીળુંપચક આ પાંદડું થઈ ગયું છે !

આ જુદાઈ એ કઈ ચીજ છે પૂછ નહિ તું વધારે,
આજ તોરણ વિનાનું સૂનું આંગણું થઈ ગયું છે !

છોડ આ વસવસો કુળદીપક તણો, મારી મા, તું,
દીકરાનું કોઈ ઘરમાં ક્યાં દૂઝણું થઈ ગયું છે ?

રાતની વાત રાતે જ કરવા બેઠી તારી સામે,
હોઠ ખૂલ્યા ન ખૂલ્યા કે મોંસૂઝણું થઈ ગયું છે !

સ્થાન સૌનું ગ્રહણ સ્થાન પોતે જ આવી કરે છે,
આપણું તો નિમિત્ત માત્ર ત્યાં બેસણું થઈ ગયું છે !

આવ-જાનો કદીયે નહીં થાય આ સિલસિલો પૂરો,
એકનું ઊઠવું, બીજાનું પારણું થઈ ગયું છે !

C/O ''સંસ્કૃતિ દર્શન'' કાર્યાલય
આસોપાલવ શેરી નં. ૦૨, રેલવે સ્ટેશન પ્લોટ
માણાવદર-૩૬૨૬૪૦ (જિ. જૂનાગઢ)

# રાહ જોવા વિશે

**રમેશ કોઠારી**

કહેવાયું છે, 'જે રાહ જુએ તે મા હોય છે' પણ આ વાત સંતાનનેય એટલી જ લાગુ પડે છે. દેવદર્શને ગયેલી, શાકભાજી કે કરિયાણું ખરીદવા ગયેલી, કોઈ પરિચિતને મળવા ગયેલી પોતાની માતાના પાછા ફરવાની ઉત્કટતાથી બાળક પ્રતીક્ષા કરે છે અને તેની ધીરજનો અંત આવે, રડવાનું ચાલુ કરે તો ફોન કરીને ઝડપથી પાછી બોલાવી લેવાય છે.

બાળકો અને માતાપિતા વચ્ચેના આ ગાઢ લોહીના સંબંધને કારણે, બંને પક્ષે સતત એકબીજાની હાજરીની જરૂર વરતાય છે. હાજરી એ જ મોટી હૂંફ. જેમનાં માતાપિતા અકાળે અવસાન પામ્યાં હોય તેવાં કુમળી વયનાં અનાથ બાળકો સાચે જ દયાને પાત્ર છે. બાળપણમાં વાંચેલી હિન્દી વાર્તાના આવા જ પાત્રને, પતંગ એ આશાએ ચગાવતાં કે તેની દોરી પકડી તેની સદ્ગત માતા સ્વર્ગમાંથી નીચે આવશે, જોઈને કોની આંખો અશ્રુભીની નહીં થઈ હોય ?

ટાગોરની કવિતામાં આવી જ બાલિકાની વાત છે ને ? રજાઓ પૂરી થતાં, નાયક વ્યવસાયના સ્થળે પરત જઈ રહ્યો છે, તૈયારીઓ જોરશોરથી થઈ રહી છે ત્યારે એની દીકરી બારણા પાસે બેસી, તેના નાનકડા બે હાથ લંબાવી કહે છે, 'ના, હું નહીં જવા દઉં.'

જરા આ વાતને વિસ્તારથી વર્ણવવામાં આવે અને કેટકેટલા સ્થળે, કેટકેટલા લોકો, એક યા બીજા હેતુસર રાહ જોતા બેઠા હોય છે તેનો વિચાર કરીએ તો છક થઈ જવાય. મંગળા કે શયનના દર્શનની રાહ જોતા દર્શનાર્થીઓ, ટ્રેનના આગમનની રાહ જોતા યાત્રિકો, વરસાદ પડવાની રાહ જોઈ, આકાશ સામે નજર રાખીને બેઠેલા કૃષિકારો, પોતાના અલગ રહેતા સંતાનના પત્ર કે ફોનની રાહ જોતા વયસ્કો, પોતાનો માલ ક્યારે ઝડપથી વેચાઈ જાય અને ઘેર જઈ શકાય તેની રાહ જોતા નાના દુકાનદારો – પ્રતીક્ષા, પ્રતીક્ષા, પ્રતીક્ષા. રાહ જોવાનું ન જ ગમે, પણ બીજો વિકલ્પ પણ ક્યાં છે ?

અલબત્ત, રાહ જોવાનો પણ એક આનંદ હોય છે. મૂળ શબ્દો તો યાદ નથી પણ ક્યાંક આ મતલબનું કહેવાયું છે કે જે મઝા રાહ જોવામાં છે, તે મિલનમાં નથી. એક વાર ખૂબ આવેગપૂર્વક જેને મેળવવા ગાતા ફરતા હોઈએ, 'તને ઝંખી છે મેં, યુગોથી ધખતા સહરાની તરસથી' અને તેની સાથે નસીબ જોડાઈ જાય તો પછી હવે રાહ જોવાનો આનંદ ગયો. નહીં મદ્યપાન કરવાનું, નહીં તારા ગણવાના, નહીં પડખાં ફેરવવાનાં.

દીર્ઘકાળ પર્યંત રાહ જોયા બાદ પણ શમણું સાકાર થશે જ એની કોઈ ખાતરી નથી. રાહ જોતાં પહેલાં આઘાત માટે પૂર્વતૈયારી કરી રાખવી સારી. ટી. એસ. એલિયટે, આપણી આ રાહ જોવાની પ્રવૃત્તિ વિશે ચેતવણી આપતાં કહ્યું છે,

> ***'Wait without hope***
> ***For hope would be of the wrong thing'***

એલિયટ જેવો આર્ષદ્રષ્ટા કવિ જ આ સત્ય ઉચ્ચારી શકે. આપણે આપણી જાતને પ્રશ્ન પૂછવો રહ્યો, જેની પ્રાપ્તિ માટે જીવન બરબાદ કરી નાખીએ છીએ, જેને માટે આ બધા ઉધામામાં શક્તિ વેડફીએ છીએ, તે વાસ્તવમાં મેળવવા લાયક છે ? કવિ જેને 'The wrong thing' તરીકે ઓળખાવે છે તે આભાસી પ્રેમ, સત્તા, પ્રતિષ્ઠા, ઐશ્વર્ય – આપણને ઉચ્ચ સ્તરે મૂકી આપવા સક્ષમ નથી જ.

રાહ જોવા વિશે વાત માંડીને બેઠો છું ત્યારે 'ધૂમકેતુ'ની અણમોલ ભેટ સમો અલી ડોસો યાદ ન આવે તો જ નવાઈ. જોજનો દૂર પોતાની વહાલસોયી દીકરીના સમાચાર મેળવવા ઝંખતા આ વૃદ્ધાજનના વર્તનને પોચટ લાગણી- વેડામાં ખપાવી દેવાય, તેને હડધૂત કરાય,

અપમાનિત કરાય તોય એ રાહ જોવાનું ન જ છોડે એ જ માનવી તરીકેની, પિતા તરીકેની ઊંચાઈનાં દર્શન કરાવે છે. આપણને તો સરખી રીતે રાહ જોતાંય ક્યાં આવડે છે ? બીજી બધી બાબતોને અવગણીને માત્ર રાહ જોવી, દેખાડો કર્યા વિના રાહ જોવી, લાભાલાભની ગણતરી કર્યા વિના રાહ જોવી – એ બધાના હાથની વાત નથી.

માની લો કે આપણે નેત્ર, કર્ણ, ચરણ વગેરે ગુમાવી બેસીએ તોય પ્રિયપાત્ર પાસે જતાં જો આત્મવિશ્વાસ અડગ હોય તો, કોઈ રોકી શકે જ નહીં. આથી રિલ્કે – ઈશ્વર કે પ્રેયસીનું સાન્નિધ્ય ઝંખતા, તારસ્વરે કહે છે, 'નેત્રહીન અવસ્થામાં તેને જ જોઈશ, કાન ન હોય તોય તેનાં જ ગીતો સાંભળીશ, ચરણ ન હોય તોય તે જ દિશામાં ગતિ કરીશ.' રાહ જોનારામાંથી કેટલા રિલ્કેની કક્ષાએ પહોંચી શકે ?

થોડી અંગત વાત. ભાઈ જીવતા હતા ત્યારે તેમના આગમનની રાહ જોતા, બારણા પાસે કે ઝાંપા પાસે ઊભો રહેતો હતો. આજે તેમના અવસાન બાદ, તેમના આગમનની - જે અશક્ય છે તે જાણવા છતાં - પ્રતીક્ષા કરતો તેમની તસવીર સમક્ષ ઊભો રહું છું. ઇતિહાસનું પુનરાવર્તન થતું હોય તેમ મારો માંડ ત્રણ-સાડા ત્રણ વર્ષનો પૌત્ર તનય, તેના પપ્પાને ગમે તેટલું મોડું થાય તોય તે ન આવે ત્યાં સુધી જમતો નથી કે સૂતો નથી. લગભગ પ્રત્યેક બાળકને મળેલા આ જન્મજાત રાહ જોવાના સંસ્કાર ઉત્તરોત્તર દૃઢ થતા જાય છે.

છેવટે, દરેકે રાહ જોવાની હોય છે, આ આપણી નિયતિ છે. જે ઘરમાં કોઈનું અવસાન ન થયું હોય તેવા ઘરમાંથી ચોખાના દાણા લઈ આવવાના બદલે ભગવાન બુદ્ધે, જે પરિવારમાં કોઈએ ક્યારેય રાહ ન જોઈ હોય તે ઘરમાંથી ચોખાના દાણા લઈ આવવાનું શોકગ્રસ્ત કિસા ગૌતમીને કહ્યું હોત તો મૃત્યુની જેમ જ રાહ જોવાની સર્વ વ્યાપકતાનો ખ્યાલ આવ્યો હોત. ભલે સભાનપણે નહીં પણ અભાનપણેય આપણે મરણની રાહ જોઈએ જ છીએ.

રાહ જોવાની બાબતમાં, આપણે મૌન સેવવાનું પસંદ કરીએ છીએ. મને શેની, કોની પ્રતીક્ષા રહે છે તે બીજાને જણાવવાનું જરૂરી ખરું ? લોકનિંદાના ભયે કે નાહક ટીકાથી બચવા આપણે તેને અભેદ્ય આવરણથી ઢાંકી દઈએ છીએ. આપણે શું ઇચ્છીએ છીએ તેની આપણા પહેલાં ઈશ્વરને ખબર પડી જતી હોય તો પછી બીજાને વચમાં લાવવાની શી જરૂર ? મને લાગે છે, જે ગમે તે કારણોસર રાહ જુએ છે તેને દૈવી સહાય મળી રહે છે, આશાના તાંતણે જીવન જીવી જાય છે, ક્યારેક તો બધા અવરોધોને અતિક્રમી તેનું પ્રિયપાત્ર સન્મુખ આવીને ઊભું રહેશે અને વનલતા સેનની જેમ પ્રશ્ન પૂછશે, 'આટલો સમય ક્યાં હતા ?'

રાહ જોનારને તો નાની સરખી, સ્વાભાવિક ક્રમમાં બનતી ઘટનામાંય ઇચ્છાપૂર્તિ નજીકમાં હોવાનો અણસાર આવતો રહે છે - અદ્દલ પેલી નાયિકાની જેમ જેને થોડો અવાજ સંભળાતા ગાય છે, 'જરા સી આહટ હોતી હૈ તો દિલ સોચતા હૈ, કહીં યે વો તો નહીં.'

અત્ર તત્ર પથરાયેલા કરોડો રાહ જોનારાઓને કારણે, આખું વિશ્વ જ વિરાટ 'વેઇટિંગ રૂમ'માં પરિવર્તિત થઈ ગયેલું જણાય છે. કોઈને રિસાઈને ગૃહત્યાગ કરી ગયેલા સંતાનના પુનરાગમનની, કોઈને કોઈના પત્ર, તાર, ટેલિફોનની, કોઈને પરિણામની, કોઈને સ્વાસ્થ્ય પ્રાપ્તિની રાહ જોવાનું લલાટે લખાયેલું હોય છે. જેટલા મનેખ એટલા પ્રતીક્ષાનાં કારણો. કોઈને ફળ તરત મળે, કોઈને ન મળે. 'દા' દેવો હરિહાથ છે.'

હર્મન હેસની યશોદાયી કૃતિ 'સિદ્ધાર્થ'માં કોઈ દ્વારા સિદ્ધાર્થને તેની સિદ્ધિઓ વિશે પૂછવામાં આવે તો તેનો અર્થપૂર્ણ ઉત્તર આપતા તે કહે છે, 'I can think, I can wait, I can fast' સિદ્ધાર્થ જેવા સિદ્ધાર્થ પણ રાહ જોવાને, તેમની સિદ્ધિઓ પૈકીની એક ગણાવે છે. આવી સિદ્ધિ મેળવવાનું આપણુંય અવતારકૃત્ય બની રહો.

# કાવ્યાકાશમાં ઉડ્ડયન

**સંધ્યા ભટ્ટ**

'અવાજનું અજવાળું', 'તેજના ચાસ', 'જેસલમેર', 'ટકોરા મારું છું આકાશને', 'કલરવતું અજવાળું' – આ કાવ્યસંગ્રહો આપ્યા પછી હવે યોગેશ જોષી 'આખું યે આકાશ માળામાં' શીર્ષકથી છઠ્ઠો કાવ્યસંગ્રહ આપે છે. આ કવિના કાવ્યસંગ્રહોનાં શીર્ષકોમાં 'આકાશ' અને 'અજવાળું' ફરી ફરીને આવે છે. તેમનાં કાવ્યો વાંચતી વખતે પણ આકાશ અને ઉજાસનાં સંવેદનો જુદીજુદી તરાહે આસ્વાદ્ય બને છે.

આ કાવ્યસંગ્રહની અનુક્રમણિકામાં બીજાં કાવ્યો સાથે બાર પુષ્પકાવ્યો, અગિયાર વાવકાવ્યો અને અગિયાર સમયકાવ્યો ધ્યાન ખેંચે છે. પ્રથમ કાવ્ય 'અચાનક'માં દૃશ્યમાન છે, સરોવરમાં તરતાં શ્વેત પંખીઓનું ટોળું. પણ જેવું તે પાંખ ફફડાવતું ઊડે છે કે કવિને આખુંયે સરોવર ઊડતું ભાસે છે, માછીમારની જાળની જેમ. કવિની ઊર્ધ્વગામી દૃષ્ટિને આ સરોવર પંખી-ટોળાની પાછળ જળ-તેજ વેરતું દેખાય છે. કાવ્યનું શીર્ષક 'અચાનક' કવિની ક્ષણાર્ધમાં આકાર લેતી કાવ્યદૃષ્ટિને ચીંધે છે. એ પછી એકએક કવિતા વાંચીએ છીએ ત્યારે કવિની સંવેદના અનેકરૂપે આમ જ ઉડ્ડયન કરતી, વિલસતી જોવા મળે છે. ઓછા શબ્દો, નાનકડું દૃશ્ય, સંવેદનની તીવ્રતા સાથે આકસ્મિકતા અને તાજગી તેમ જ મુદ્રણસૌંદર્ય ભાવકને કવિતાનો આનંદ આપી રહે છે.

ક્યારેક કવિતા નિસ્પૃહતાનું ચિત્રણ કરે છે. 'કાંઠે'માં કવિ ઊભા ઊભા સરોવર, વહાણ, હિલોળા લેતાં પાણી અને નાવિકને જોઈ રહે છે. નાવિક પણ જાણે કવિ ભણી મીટ માંડી રહે છે, પણ કવિને કોઈ જ ઇચ્છા નથી. તેઓ તો બસ ઊભા છે, કાંઠે... અહીં અંતે આવતો એકાકી શબ્દ 'કાંઠે' સાર્થક થતો અનુભવાય છે.

કવિની સંવેદના એવી તો બળવાન હોય છે કે પૂર્વજન્મના ભાવોને પણ આકર્ષતી હોય છે ! 'છીપ ખોલીને જોઉં' કવિતામાં તેઓ લખે છે,

*'કશાય કારણ વિના જ*
*કોઈ જન્મની ઉદાસી*
*ઘેરાવા લાગી*
*ઘનઘોર*
*મારી ભીતર...' (પૃ. ૧૪)*

પંખીઓ સાથે કવિનો જાણે પૂર્વજન્મનો નાતો હોય તેમ પંખી, ઈંડું, સળેકડું, ડાળ, ક્ષિતિજ વગેરે તેમના ભાવવિશ્વમાં રસાઈને નવા પોતે કાવ્યનું વસ્ત્ર વણે છે ! ઋતુઓ, આકાશ, વાદળ, પહાડ, બરફ, સમય, તડકો – આ સનાતન તત્ત્વો નવાં-નવાં રૂપે કવિતામાં અવતરતાં અહીં જોવા મળે. ઉદાહરણ જોઈએ.

*'કયા વિરાટ પિંજારાએ*
*પીંજી નાખ્યું છે*
*આ આખું યે ભૂરું ભૂરું આભ ?!' (પૃ. ૩૪)*

*'મને*
*અસહ્ય તરસ લાગી છે તડકાની*
*સમુદ્રમંથન પછી*
*નીકળેલા અમૃતની જેમ*
*મારે પીવો છે તડકો ઘટક ઘટક*
*ને*
*આરોગવાં છે*
*તડકાનાં સોનેરી ચોસલાં !' (પૃ. ૪૯)*

'કૃતિના Baby shower પ્રસંગે' કાવ્યમાં સગર્ભા સ્ત્રીનું ભીનું હૃદય, સ્ત્રીના સમગ્રમાં ફોરતી શિશુની સુગંધ અને દંપતીની બાળક માટેની પ્રતીક્ષા સુંદર કલ્પનોમાં

---

['આખુંયે આકાશ માળામાં' (કાવ્યસંગ્રહ) લે. યોગેશ જોષી પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ, પૃ. ૧૦+૧૧૮, કિં. રૂ. ૧૫૦]

કાવ્યરૂપ પામે છે.

પુષ્પકાવ્યો અંતર્ગત કવિએ કેસૂડાં, ગુલમહોર, જૂઈ, તગડ, ધતૂરો, પારિજાત, પીળી કરેણ, પોયણાં, મોગરો, રાતરાણી, શિરીષ અને સૂર્યમુખી પર ફૂલ જેવાં જ હળવાં લઘુકાવ્યો આપ્યાં છે. પુષ્પોની વિલક્ષણતાને આશ્લેષતા કવિ દરેક પુષ્પની પૂર્ણતાને ચિત્રકારની પીંછીની જેમ એકાદ લસરકે પ્રગટાવી શક્યા છે. 'કેસૂડાં' કાવ્યમાં આ ફૂલનો રંગ, તેના આગમનની ઋતુ અને પ્રકૃતિ પર તેનો પ્રભાવ – આ બધું જ અપૂર્વ સાયુજ્ય સાધે છે. જૂઈની સુગંધને કવિ 'શ્વેતશ્વેત' કહે છે અને તે તારલાની જેમ ઝગમગે અને ટમટમે છે એમ કહે છે. ઇન્દ્રિયવ્યત્યયની પ્રયુક્તિ અહીં સહજ કાવ્યબાનીમાં આવે છે. ધતૂરાનો વિરાગ અને પારિજાતનું સૌંદર્ય તેમ જ પીળી કરેણની નાનકડી કટોરીઓ અને ઘંટડીઓને કવિ લાઘવની કળા વડે ચાક્ષુષ કરી શક્યા છે.

વાવકાવ્યો વાંચતી વખતે કવિ જાણે કે શબ્દના પગથિયેથી વાવ જોવા લઈ જતા હોય એવું અનુભવાય છે. આમ જોઈએ તો કવિને ખુદને પણ વાવ સુધી જતાં ભારે મથામણ થઈ છે. અહીં ભૌગોલિક વાવ પણ છે અને કવિના અંતઃતલમાં સ્થિર થયેલી વાવ પણ છે. 'અંદર પણ હું અને બહાર પણ...', 'ટાઢા જળની આશ લઈ', 'ભીતર એક નાવ લઈને' કાવ્યોમાં કવિની અવિરત ભીતરયાત્રા સંભળાય છે. 'બૂડ...બૂડ...બૂડ...' કાવ્યમાં વાવનું archetype અનેકસ્તરીય અર્થો ઇંગિત કરે છે.

પ્રતિભાવાન કવિને જ મળે એવું આ કલ્પન જુઓ.

*'ફેંકાયેલા*
*ઢેખાળાની જેમ*
*ચંદ્ર*
*પડ્યો*
*વાવના*
*અંધ*
*જળમાં –*
*ભફાંગ !' (પૃ. ૭૨)*

રાણકીવાવના જીર્ણોદ્ધારને લઈને એક સરસ કાવ્ય થયું છે. જેમાં ઝરૂખા, ગોખ, તોરણના નકશીકામની સાથે લાવણ્યમય મૂર્તિઓના શાસ્ત્રીય નૃત્યની ગતિમય સ્વભાવોક્તિ પણ છે.

આ કાવ્યોમાં વારંવાર વપરાતો શબ્દ 'રમણક' (વિસામો) વાવના પગથિયે ઊતરીએ ત્યારે થાક લાગતાં વચ્ચે વચ્ચે લેવાતા વિરામના સંદર્ભે છે. આ વિરામને કવિ વ્યાપક અર્થમાં જુએ છે. જુઓ...

*ભૂતકાળમાં જે*
*ઉતારતા હતા*
*વણઝારાઓ, મુસાફરોનો થાક –*
*રઝળપાટનો થાક*
*કાળ-દુકાળનો થાક*
*ઝાંઝવાના જળનો થાક*
*નહિ સાંપડતી પળનો થાક*
*જીવતરનો થાક*
*ને*
*મરણની પ્રતીક્ષાનો થાક....*

*રમણક પછી*
*પગથિયાં*
*પછી*
*રમણક*
*પછી પાછાં પગથિયાં*
*વળી રમણક*
*પછી પાછાં પગથિયાં.... (પૃ. ૮૪)*

જે મૂર્ત છે તેનાં સૂક્ષ્મ પરિમાણો બતાવવાં અને જે અમૂર્ત અને સૂક્ષ્મ છે તેને મૂર્ત કલ્પનો દ્વારા દૃશ્યમાન કરી બતાવવાં અને એ રીતે જે ગર્ભિત કે સૂચિત છે તેને અંશતઃ (સ્પષ્ટ રીતે નહિ) અને કલાત્મક રીતે ઉઘાડી આપવાનું કામ કલાકાર કરે છે અને કવિ આ કામ શબ્દ દ્વારા કરે છે. આ પ્રકારનું કામ અહીં થયેલું જોવા મળશે.

સમય એ એક સંકુલ પરિમાણ છે. સમયનાં કાવ્ય કરવાનું પડકારજનક કામ આ કવિએ ઉપાડ્યું છે. આ એ કવિ છે જે તરતાં બરાબર આવડી ગયા પછી પાણીમાં જેમ શરીર છુટ્ટુ મૂકી દઈએ ને તેમ પોતાનાં તન-મન છુટ્ટા મૂકી દે છે. વળાંક લઈને વહેતા આ ચળકતા સમયમાં.' (પૃ. ૯૧) સમયને તેઓ પાનખરનાં પાનની જેમ ખરતો

જોઈ શકે છે અને તડકે જેમ ધાન તપાવીએ તેમ જૂનાપુરાણા મજૂસમાંથી બંધિયાર સમયને કાઢીને તડકે તપાવવા પણ મૂકી શકે છે. તેમને સમય ભીનો, ઊનો ને ક્યારેક ખીલેલા ગુલમહોર જેવો લાલચટ્ટક લાગે છે.

સામાન્ય માણસની નાની-નાની ક્રિયાઓ કે ચેષ્ટાઓને Closeangleથી સહજપણે જોનાર કવિનજરનો કેમેરા કલ્પનાશીલતાની સાથે ઐક્ય સાધીને તાજપમાં ઝબોળાયેલી કવિતાનો કરકરો અને મીઠો સ્વાદ આપે છે. આ કવિના માળામાં આખુંયે આકાશ ઊતરી આવ્યું છે તેમાં ઉડ્ડયન કરીએ. પરિશિષ્ટના કાવ્યાસ્વાદ અને શ્રી એમ. શશીધરનનું સુંદર આવરણચિત્ર ભાવકવિહારને તે તરફ આકર્ષે છે. અસ્તુ.

**'સ્નેહલ' પ્રજાપતિ વાડી સામે,**
**ગાંધી રોડ, બારડોલી, જિ. સુરત**
**મો. ૯૮૨૫૩-૩૭૭૧૪**

પશ્ચિમના દેશોએ એક દિવસ જે મૂશળને જન્મ આપ્યો હતો તેની જ શક્તિ આજે યુરોપના માથા ઉપર તોળાઈ રહી છે. આજે એવી સ્થિતિ ઊભી થઈ છે કે આજ જતાં આવતી કાલે યુરોપની સંસ્કૃતિ ટકશે કે કેમ એ પણ શંકા પડતી વાત છે. તે લોકો જેને પેટ્રિયૉટિઝમ કહે છે તે પેટ્રિયૉટિઝમ જ તેમને ગરદન મારશે. તે લોકો જ્યારે મરશે ત્યારે બેશક આપણી માફક નિર્જીવપણે નહિ મરે, ભયંકર અગ્નિ ઉત્પન્ન કરીને એક ભીષણ પ્રલયમાં મરશે.

આપણામાં પણ અસત્ય પેઠું છે. જેઓ પોલિટિશ્યનની જાતના છે તેમણે પક્ષાપક્ષીનું વિષ ફેલાવ્યું છે. આજે એ પોલિટિક્સમાંથી જ વિદ્યાર્થીઓમાં પણ પક્ષાપક્ષીનું વિષ દાખલ થયું છે. પોલિટિશ્યનો કાર્યાર્થી માણસો હોય છે; તેઓ માને છે કે, કાર્ય સિદ્ધ કરવું હોય તો જૂઠની જરૂર પડે છે, પરંતુ વિધાતાનું વિધાન એવું છે કે એ છળ અને ચાતુરી પકડાયા વગર રહેતા નથી. પોલિટેશ્યનોની, એ બધા ચતુર વહેવારુ માણસોની પ્રશંસા ભલે કરીએ. પણ ભક્તિ તો મહાત્માની જ થઈ શકે, જે સત્યની સાધના કરે છે. જૂઠની સાથે ભળીને તેમણે સત્યની સાર્વભૌમ ધર્મનીતિનો અસ્વીકાર કર્યો નથી. ભારતની યુગસાધનામાં એ એક એવા માણસ છે જેમણે હર હાલતમાં સત્યને માન્યું છે, પછી તેથી તાત્કાલિક સગવડ થતી હોય કે ન થતી હોય : તેમનું દૃષ્ટાંત આપણી આગળ મહાન દૃષ્ટાંત છે.

[રવીન્દ્ર નિબંધમાલા-૧]

● દિનેશ ડોંગરે ''નાદાન''

## ગઝલ

*દૃશ્ય નોખું એ ફરી ક્યારેય સર્જાયું નહીં,*
*આંખની સામે હતું ને તોય દેખાયું નહીં.*

*ત્યાં ક્ષિતિજે સૂર્ય ડૂબ્યો એ નવી ઘટના નથી,*
*એ જ ઘટના કે ફરી એનાથી ઉગાયું નહીં.*

*ચંદ્ર ને મંગળ ઉપર પહોંચી ગયો છે એ છતાં,*
*માનવીથી માનવી સુધી જ પહોંચાયું નહીં.*

*જન્મથી મૃત્યુ લગી મથતો રહ્યો છે તોય પણ-*
*સત્ય ગર્ભીત છે હજી આજેય સમજાયું નહીં.*

*સાંત્વના, આશ્વાસનો, મિત્રો અને સંબંધીઓ,*
*હા હતું બધ્ધું છતાંયે સ્વસ્થ રહેવાયું નહીં.*

*નાવ ડૂબી વાંક એમાં ફક્ત દરિયાનો ન'તો,*
*માન થોડું આપણાથી એનું જળવાયું નહીં.*

*આંગણે અવસર રૂડો 'નાદાન' આવ્યો ને ગયો,*
*કોણ જાણે કેમ આ હૈયું જ હરખાયું નહીં.*

# ધ્રુવ ભટ્ટની 'તત્ત્વમસિ' અને 'રેવા'

**શરીફા વીજળીવાળા**

ઓચિંતુ કોઈ મને રસ્તે મળે ને કદી ધીરેથી પૂછે કે કેમ છે, આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં ને ઉપરથી કુદરતની રહેમ છે.

જેમના પ્રલંબ લયનો છાક કાન સાથે હૈયાને પણ ગમી જાય, જીભ તરત ગણગણતી થઈ જાય એ ધ્રુવ ભટ્ટ ગુજરાતી વાચકને નવલકથાકાર તરીકે વધારે પરિચિત. ગુજરાતી વાચકને ફરીવાર નવલકથા વાંચતો કરનાર ધ્રુવ ભટ્ટે ૧૯૮૮માં દ્રૌપદીના પાત્રને કેન્દ્રમાં રાખી 'અગ્નિકન્યા' લખી પણ ગુજરાત ધ્રુવ ભટ્ટના પ્રેમમાં પડ્યું ૧૯૯૩માં પ્રકાશિત 'સમુદ્રાન્તિકે' નવલકથાથી. પછી ૧૯૯૮માં 'તત્ત્વમસિ' આવી. પછી તો 'અતરાપી', 'કર્ણલોક', 'અકૂપાર', 'લવલી પાનહાઉસ', 'તિમિરપંથી' ને છેલ્લે હમણાં ભીષ્મને કેન્દ્રમાં રાખીને લખાઈ 'પ્રતિશ્રુતિ'.

'સમુદ્રાન્તિકે'માં સૌરાષ્ટ્રના ઝાંઝમેર, જાફરાબાદના દરિયાકાંઠે શિયાળબેટ અને સવાઈપીરની આસપાસના ખારાપાટમાં કથા ફરતી રહે છે. કારમા જીવનસંઘર્ષ વચ્ચે ટકવા મથતી અહીંની પ્રજાની આગવી જીવનશૈલીની સમાંતરે એમની આગવી જીવનફિલસૂફીની વાત કરતા લેખક 'તત્ત્વમસિ'માં મધ્યપ્રદેશના અંતરિયાળ, અડાબીડ જંગલોમાં વસતા આદિવાસીઓની વાત કરે છે. એમની માન્યતાઓ, પરંપરાઓ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધાઓમાં ડોકાતાં ભારતીય સંસ્કૃતિનાં સત્ત્વ અને તત્ત્વને લેખક નર્મદાના પરિભ્રમણના દોરામાં ગૂંથીને આપણી સામે વાતને મૂકે છે.

ધ્રુવ ભટ્ટની લગભગ તમામ નવલકથાઓ કથાના નાયક દ્વારા કહેવાઈ છે. આ કથાનાયકો જે તે પ્રદેશમાં અનાયાસ/પરાણે જઈ ચડેલા છે. આ કથાનાયકોનાં ભ્રમણ નિમિત્તે, એમના અનુભવજગતના સહપ્રવાસી તરીકે આપણે કથામાં પ્રવેશીએ છીએ, પાત્રોને મળીએ છીએ. જે તે પ્રદેશ આપણી સામે એના તમામ રંગો સાથે ઊઘડતો આવે છે. એ પ્રદેશના પ્રશ્નો, એ પ્રશ્નો સામે ઝૂઝવાની, ટકી રહેવાની ત્યાંની પ્રજાની તાકાત, એ પ્રજાની આગવી જીવન ફિલસૂફીનો સાક્ષી થતો વાચક પણ કથાનાયકની જેમ જ કથાના પ્રવાહમાં તણાતો જાય છે. આ બધા કથાનાયક ભલે ગયા છે, પરાણે / અનિચ્છાએ; પરંતુ એમને પોતાને સમજાય તે પહેલાં આ નાયકો જે તે પ્રદેશના થઈ ગયા છે, ત્યાંના લોકોના પ્રશ્નોમાં સંડોવાઈ જાય છે. દરેક નવલકથાની નાયિકાઓ વિશિષ્ટ છે. નાયકોને એ નોખી રીતે વિચારતા કરી મૂકે છે. જવાબો બધા જાત પાસેથી જ મેળવાય અને સમય આવ્યે, અનુભવે સઘળું આપોઆપ સમજાય, રહસ્યો આડે પહેલા પર્દાઓ આપોઆપ ખસી જાય એવું અંતે જતાં આ કથાનાયકો સમજે છે. આ સમજણ (ડહાપણ) આવે ત્યારે 'તત્ત્વમસિ'ના નાયકને પાણી પાનાર છોકરીમાં રેવા = નર્મદાનાં દર્શન થાય છે.' 'અકૂપાર'ના નાયકને 'ખમ્મા ગર્યને' એવી આઈમાનો ઉદ્‌ગાર સમજાઈ જાય છે અને 'સમુદ્રાન્તિકે'નો કથક સ્વીકારી લે છે કે ધરતી સાદ કરે અને માનવી સાંભળે. એમની મોટા ભાગની નવલકથાના નાયકનાં નામ નથી.

ધ્રુવ ભટ્ટની નાયિકાઓ લગભગ એક જ ગોત્રની. 'સમુદ્રાન્તિકે'ની અવલ, 'તત્ત્વમસિ'ની સુપ્રિયા કે 'અકુપાર'ની સાંસાઈ. આ બધી જ સામાન્ય છતાં અસામાન્યાઓ, બધી જ નાયક કરતાં ચડિયાતી. દરેકની આસપાસ કંઈ ને કંઈ રહસ્ય વીંટળાયેલું જ હોય, અંત સુધી રહસ્ય જળવાય. છેક અંતે જતાં અંકોડા ઉકેલાય પણ ત્યાં સુધીમાં કથાનાયકની જેમ વાચકો પણ એ નાયિકાઓના પ્રેમમાં પરવશ થઈ ચૂક્યા હોય. પણ આ પ્રેમ આપણી અત્યાર સુધીની નવલકથાઓમાં આલેખાયો છે તેવો જરાય નહીં. ગુજરાતી નવલકથા જે રીતે પ્રેમકથાથી ટેવાયેલી, નાયક-નાયિકા વચ્ચે અંતે જતાં

કોઈક સંબંધ તો બંધાય જ એવી અપેક્ષા ધ્રુવ ભટ્ટની નવલકથાઓમાં ધરાર ખોટી પડે છે. અહીં જે સંબંધ છે તે માનવીય પ્રેમ, પરસ્પરની કાળજી લેતા ઇન્સાની નાતાથી વધારે કશું નથી. ધ્રુવ ભટ્ટના બધા નાયક એમની નાયિકાઓ સામે બહુ મોળા લાગે. આ મેઘમાયાઓ, જરૂર પડ્યે કથાનાયકોને પાણીથીયે પાતળા કરી નાખે છે. પણ એ નાયિકાઓના પ્રતાપે જ કથાનાયકો બહારના જગતમાંથી અંદરની યાત્રા તરફ વળી શક્યા છે.

ન અહીં પરંપરાગત માળખું છે, ન પરંપરાગત પ્રેમકથા, કુટુંબકથા કે સમાજકથા છે. અહીં એવું કંઈ નથી જે અત્યાર સુધીની ગુજરાતી નવલકથાઓમાં હતું. પાત્રો વચ્ચે અપેક્ષા વગરના સહજ અને સરળ સંબંધો છે, જે માત્ર માણસાઈના નાતે ટકેલા છે. એમની તમામ નવલકથાઓમાં સ્થળ નોખાં છે, લોક નોખા છે, એમના પ્રશ્નો, એમની કથાઓ પણ નોખી છે. તે છતાં આ બધાની શ્રદ્ધા, માન્યતાઓ, પ્રકૃતિનાં તત્ત્વો સાથેનું એમનું એકત્વ, માનવમાત્ર પ્રત્યેની મમતા... આ બધામાં કશું સરખાપણું છે. આ કશાંક સરખાં તત્ત્વને, સત્ત્વને ભારતીયતા કહી શકાય ?

આ બધી એવા પ્રદેશની વાતો છે જ્યાં સમય ઘડિયાળ સાથે નહીં ઘટનાઓ સાથે સંકળાયેલો છે. શિરામણટાણું, રીંઢાટાણું, ઝાલરટાણું, ગોરજટાણું... જ્યાં લોકો એક વરસાદથી બીજા વરસાદ સુધીના સમયને 'વરહ' કહે છે. વાર, તારીખ જેવી ઝંઝટમાં પડવાની આ પ્રજાને જરૂર જ નથી પડતી. જ્યાં દિશાઓની, વૃક્ષોની, દરિયાની, નદીની, ગાયની, આકાશ કે ધરતીની આરતી ઉતારાય છે એવા પ્રદેશની આ વાતો છે. અભાવની કોઈ ફરિયાદ વગર, સર્વને સમાવતી આ સંસ્કૃતિમાં અજાણ્યો પણ અતિથિ, એને ભાવભર્યો આવકાર અને ભર્યું ભાણું આપવાની પ્રથા આ દેશમાં સદીઓથી ચાલી આવે છે... આંગણે આવેલાને પહેલા આવકાર અને પછી પ્રશ્ન પૂછતી આ ભદ્ર ભાવનાને ભારતીયતા સિવાય બીજું શું કહીશું ? 'તત્ત્વમસિ'નો સાવ ગરીબ આદિવાસી પણ મહેમાન ખાલી પેટે જાય તો પાપ લાગે એવું માને છે : ને સામે ખાલી પેટે મહુડી પીને 'મેરી રોટી હો ગઈ' કહેનારા ગુંડફકીર પણ આ જ ધરતીના.

'તત્ત્વમસિ'નો નાયક ૧૮ વર્ષે ભારત પાછો ફરે છે. એના પ્રોફેસરે આદિવાસી સંસ્કૃતિના અભ્યાસ માટે એને મધ્યપ્રદેશનાં જંગલોમાં મોકલવાનું નક્કી કર્યું તે એને નો'તું ગમ્યું. એને ભારત જઈ સુપ્રિયા ભારતીયને મળવાનું પ્રોફેસરે કહેલું છે. ટ્રેન કોઈ લાંબા પુલ પરથી પસાર થતી હતી ત્યારે એ 'નર્મદે હર !'ના અવાજોથી જાગી જાય છે. બારી ખોલી પૈસા નાખવા મથતા માજીને એ મદદ કરે છે. માજીને ખીજવવા બિસ્કિટના ખાલી ખોખાને નદીમાં પધરાવી 'નર્મદે હર' બોલે છે. પરિક્રમા પર નીકળી પડેલ કથાનાયક નવલકથાના અંતે નર્મદાના પ્રવાહમાંથી બિસ્કિટનું ખાલી ખોખું કાઢે ત્યારે જાણે એના સુધરવાનું ચક્ર પૂરું થાય છે. માજી અકળાતાં નથી. સવારે માજી એની સીટ પર માળા કરતાં હતાં ને ઉપરની સીટવાળો માજીની સીટ પર નમાજ પડતો હતો. ભાષા, ધર્મમાં ભેદ છતાં માજીએ ધરેલ નાસ્તો નમાજ પડવાવાળાએ લીધો પણ કથાનાયકને એ ગંદો લાગે છે ! પેલાં બેઉની વાતો સાંભળતા નાયકને વિચાર આવે છે : 'આટઆટલી ભિન્નતાઓ વચ્ચે પણ આ પ્રજા શી રીતે નિરાંતે જીવે જાય છે ? અનેક પ્રશ્નો, ઝઘડાઓ, અસમાનતાઓ અને વિવાદો વચ્ચે પણ આ દેશ હજારો વર્ષથી એક અને અખંડ ટકી રહ્યો છે એનું રહસ્ય શું છે ?'

ભોપાલ સ્ટેશને ઉતરતાં માજી કથાનાયકને આશીર્વાદ આપે છે : 'મા નરમદા તારી રક્ષા કરે...' નાયક મજાક કરે છે : 'નદી રક્ષા કરે કે ડુબાડે ?' માજી સ્વસ્થપણે જવાબ આપે છે : 'એ તો જેવી જેની ભાવના, બેટા.' આવ્યો ત્યારે નાયકને નર્મદા કે નર્મદાની પરિક્રમા કશામાં આસ્થા નો'તી. પણ એક વર્ષ પછી એ પોતાની પરદેશી મિત્ર લ્યુસીને કહે છે : 'દરેક પરિક્રમાવાસી એક શ્રદ્ધા સાથે નીકળે છે કે સ્વયં નર્મદા એની સંભાળ લેશે. પરિક્રમા દરમિયાન ક્યાંક ને ક્યાંક નર્મદા એને સદેહે મળશે પણ ખરી...' નદીને આ રીતે પામી શકાય, મળી શકાય એ વાત લ્યુસીને ગળે નથી ઊતરતી. પણ કથાનાયક એને કહે છે : 'હું પણ નહોતો માનતો... પણ હવે ધીમે ધીમે લાગવા માંડ્યું છે કે એમેઝોન કે મિસિસિપીને પણ પામી શકાય જો આવી જ શ્રદ્ધાથી તેની પરિક્રમા કરીએ તો.' (૧૮૭)

ટ્રેનમાં જે મુસાફરો હવે ચડ્યા એ અર્ધનગ્ન, તીરકામઠાધારી હતા, એનાથી છેટા, નીચે બેસનારા હતા. કાળી સરખી આદિવાસી યુવતી મોજથી કશુંક ગાતી હતી. કથાનાયકને પ્રશ્ન થાય છે કે આટલા ખુશ, મોજમાં તો એણે સુખી, સમૃદ્ધ લોકોને પણ નથી જોયા. પુરિયા, બિત્તુબંગા, ગુપ્તાજી, પાર્વતીમા, સુપ્રિયા... એક પછી એક પાત્રોને મળતો જતો નાયક મુનિકા ડેરા, ભીમ તકિયા, ઈનરા સીડી, જીન્દા સાગબાન, એમ એક પછી એક સ્થળ-વૃક્ષ, નદી, જંગલને પણ મળતો જાય છે. એણે ધાર્યું હતું કે સુપ્રિયા કોઈ ઘરડી, ખાદીધારી, ચશ્મધારી હશે પણ એના બદલે આ તો યુનિવર્સિટીમાં ભણેલી, દૂબળીપાતળી, દેખાવડી યુવતી હતી. ધીમેધીમે અહીંના લોકોને ઓળખતો થયેલો નાયક સુપ્રિયાનાં કામોમાં ગૂંથાતો જાય છે. એના મનમાં ચાલતા પ્રશ્નો આપણે એની ડાયરી તથા પ્રોફેસરને લખાતા પત્રોમાંથી જાણી શકીએ છીએ. માણસ કામનો હોય ત્યાં સુધી એનો ઉપયોગ કરવાનો પછી એને કાઢી મૂકવો અથવા શક્ય તેટલાં કામ મશીનો વડે કરવાની માનસિકતાવાળા પ્રદેશમાંથી આવેલા કથાનાયકને ભારતીય ભૂમિતી, ગાંધીમાર્ગીય ફિલસૂફીની નથી ખબર એટલે જ એ કમળાને કાઢી મૂકવાનું કહે છે. સુપ્રિયાનો જવાબ 'પોતાની રસોઈ જાતે કરી લેવી' એને ખાસ્સો કડવો લાગે છે.

પણ ધીમે ધીમે એ સુપ્રિયા સાથે સંમત થતો જાય છે કે વધારે હાથને કામ મળી રહેવું જોઈએ, માણસ જ્યાં રહેતો હોય ત્યાં જ એને લાયક રોજગાર ઊભા થવા જોઈએ. એટલે જ એ મધઉછેર કેન્દ્રમાં લક્ષ્મણ સાથે જોડાય છે. લ્યુસીને લખાતા પત્રો કે સુપ્રિયા સાથેની વાતચીતમાંથી બિત્તુબંગા, નારદી, પુરિયા, રામબલી, કાલેવાલી મા, સાઠસાલી જાતિ... એમ અનેક પાત્રોની – માન્યતાઓની વાતો ઊઘડતી આવે છે. અનાયાસે શાસ્ત્રીજી પાસે આવી પહોંચતો નાયક પોતાના અનેક પ્રશ્નોના જવાબો મેળવવાની કોશિશ કરે છે. એમની સાથેની વાતચીત દ્વારા શાસ્ત્રીજીને ત્યાં સુપ્રિયાનાં માતા-પિતાના વનિતા - સુરેશના - ફોટા જોતા નાયકના મનમાં અનેક પ્રશ્નો જાગે છે. એમનું શાસ્ત્રીયગાન, 'જોગનથી બિન્તા' જેવા પુરિયા કે અન્યના ઉદ્‌ગારોથી એનું આ કુતૂહલ પછીથી સતત વધતું ગયું છે.

કથાનાયક 'અંધશ્રદ્ધા અને ધર્માંધતાથી પીડાતી આ પ્રજાને સાચા રસ્તે વાળવાનો પ્રયત્ન' કરવા માગે છે (૫૭) પણ શાસ્ત્રીજીનું કહેવું છે કે 'પહેલાં તું લોકોને સમજ... આદિવાસીઓને સુધારવાનો અધિકાર આપણને છે કે નહીં તે હું નથી જાણતો. હા, તું જો આદિવાસીઓનાં જીવન સુધારી શકે તો મને ખૂબ આનંદ થાય...' (૫૮) શાસ્ત્રીજી પ્રત્યે નાયકને ખાસ આદર નથી. એટલે એમની 'ભાગવત સાંભળ્યું હશે' વાતના જવાબમાં એ તરત કહી દે છે : 'ધર્મકર્મમાં કે ક્રિયાકાંડમાં મને શ્રદ્ધા નથી', પરંતુ શાસ્ત્રીજીનો જવાબ 'ધર્મમાં શ્રદ્ધા હોવી જરૂરી નથી. પણ માણસને શ્રદ્ધા તો હોવી જોઈએ.' નાયકને મૂઢ બનાવી દે છે... આ શ્રદ્ધા જ તો છેલ્લે એને 'લે, ખાઈ લે' કહી તાજી મકાઈનો ડોડો આપતી બાળામાં 'રેવા'ના દર્શન કરાવે છે ને ?

હરિખોહની અદ્‌ભુત, અલૌકિક વનશ્રી, એક જ લીલા રંગની અનેકરંગી ઝાંય. નાયકને નોખી રીતે વિચારતો કરે છે. સાવ નાનાં-નાનાં વાક્યોમાં દુનિયાભરનું ડહાપણ ભરતાં આ પ્રજા ક્યાંથી શીખી હશે એવો એને વિચાર આવે છે. 'સમુદ્રાન્તિકે'માં અભણ ડોશી 'દરિયો ડોલમાં ન સમાય' એ સમજે છે. અહીં પણ ગંડુફકીર કહે છે 'અગર કહીં જા સકતી હૈ તો જા' અથવા પરિક્રમા વેળાએ મહંત કહે છે : 'અહીં જે લઈ જાય છે એ પોતે જ આગળ આવીને આપી જાય છે' (૨૨૭) સાવ ગરીબ આદિવાસી અજાણ્યાને આવકાર આપી 'ખાલી પેટની જાણે દું' કહે. ઝૂંપડીમાં આવકારતા 'તીરથ હો ગયા, આજ તીરથ હો ગયા' કહી આનંદ વ્યક્ત કરે અને એની મહુડી પી ચાલતો થતો ગંડુ ફકીર, એને ભૂખ્યો જતો જોઈ દુઃખી થતી સુપ્રિયા... કથાનાયકને એના આટલા ભણતર પછી પણ આમાંની એકેય વ્યક્તિ કે એકેય રિવાજ નથી સમજાતાં.

શુકન-અપશુકન, પાપ-પુણ્ય, વિધિ-નિષેધ વગેરે પાછળના તર્ક સમજાવતાં શાસ્ત્રી કહે છે તેમ બદલાયેલા જમાના સાથે આમાંથી ઘણું છોડવું પણ પડે. આ સંસ્કૃતિએ કાયમ પરિવર્તનો સ્વીકાર્યાં છે. ધર્મ દ્વારા મુકાતા નિષેધની, તીર્થાટન, મેળા અને યાત્રાની વાત કરતાં

શાસ્ત્રીજી એમ કહે છે : 'આ સંસ્કૃતિ તીર્થાટન કરનારાઓના પગે ઊભી છે, તેમના પગે પસાર પામી છે. એ યાત્રાઓએ જ અમને જીવનના નવા નવા અર્થો આપ્યા છે, ધર્મમાં ઔદાર્ય આપ્યું છે.' (૧૧૭) મધઉછેર કેન્દ્ર માટે આવેલ લક્ષ્મણને કથાનાયક પૂછે છે : 'તું ગયા જનમમાં માને છે ?' જવાબમાં લક્ષ્મણ સામું પૂછે છે : 'તમે આ જન્મમાં માનો છો ?' (૧૨૪) અચાનક ઘાની જેમ વાગેલ આ પ્રશ્ન એને 'હું કોણ છું ?' સુધી લઈ જાય છે. પરિક્રમાની સેવા કરનારા આ પરંપરા જળવાઈ રહે એ માટે સેવા કરે છે એ વાત એને સમજાય છે. સુપ્રિયાનો દરેક આદિવાસી પ્રત્યેનો પ્રેમ જોઈને કથાનાયક મનોમન કહે છે : 'હું ઈશ્વરમાં માનતો નથી. મેં ક્યારેય પ્રાર્થના કરી નથી. તે છતાં મનોમન ઇચ્છતો હતો કે એવી કોઈ શક્તિ જો આ સૃષ્ટિમાં હોય તો તે મને આટલો પ્રેમ અને આટલી સમજણનું દાન કરે કે સદા સદા સત્ય ઋક્ષચેલા નર્મદાના પરમ પારદર્શક જળ જેવી નિર્મળ મતિથી હું જેને ગંદા, અભણ અને ગમાર માનું છું, તેઓને સહી શકું' (૯૩) નર્મદા રક્ષા કરે એવા આશીર્વાદ આપનારા અને નર્મદા સદેહે પ્રગટ થઈ દર્શન આપે એવું માનનારા લોકોના પ્રદેશમાં આવી ચડેલ કથાનાયક હવે બ્રહ્મ, ઈશ્વર, સાક્ષાત્કાર જેવા વિષયે વિચારે ચડે છે. એને હવે સુપ્રિયા અને લ્યુસી વચ્ચેનો ભેદ દેખાય છે. લ્યુસીના ઉપયોગિતાવાદ માટે દુઃખ પણ થાય છે. એ ધીમેધીમે પણ નક્કરપણે બદલાઈ રહ્યો છે. આ બદલાવ બાહ્ય નથી પણ આંતરમન, માંહ્યલો બદલાવાની આ વાત છે.

ઋગ્વેદ કહે છે : અયમાત્મા બ્રહ્મ (આત્મા જ બ્રહ્મ છે)

યજુર્વેદ કહે છે : અહં બ્રહ્માસ્મિ (હું બ્રહ્મ છું)

સામવેદ કહે છે : તત્ત્વમસિ (તું જ બ્રહ્મ છે)

અથર્વવેદ કહે છે : પ્રજ્ઞાનં બ્રહ્મ (જ્ઞાન જ બ્રહ્મ છે)

પણ જ્ઞાન સુધી નહીં પહોંચેલા આ ભોળિયા, અભણ લોક પ્રકૃતિના તમામ તત્ત્વોમાં અભેદ નીરખે છે. જેમને આપણે સંસ્કાર કે સંસ્કૃતિ વગરના કહીએ છીએ એમનામાં આ એકત્વ, અભેદત્વ વધુ ઘૂંટાયેલું છે. આ અભણ પ્રજા સાચા અર્થમાં 'તત્ત્વમસિ'ની ભાવનાને આત્મસાત્ કરી શકી છે. પોતાના ભાઈને મારી નાખનાર વાઘ નથી પણ બચ્ચાંવાળી વાઘણ છે એવું જાણ્યા પછી પોતાનું વેર ભૂલી એને છોડી મૂકનાર બિત્તુબંગા આવી સમજ લેવા ક્યાં ગયો હશે ? જેમની પાસે કશું જ નથી, જે ભૂખે મરે છે તે લંગોટધારી આદિવાસીઓ ગુપ્તાજીનું વ્યાજ ચૂકવવા દર પૂનમે અચૂક આવે છે, કારણ કે દેવું ચૂકવવું એ તેમનો ધર્મ છે. દિવસોની લાગેલી આગમાં, સઘળું ભસ્મીભૂત થઈ ગયા પછી વરસાદ આગને શાંત કરે, આદિવાસી પોતીકા સ્થળે પાછા ફરે ત્યારે જ મદદ મળે તેની લૂંટાલૂંટ નથી થતી.

નર્મદાની પરિક્રમા આ વિશાળ દેશને એક દોરામાં પરોવે છે. આ પરંપરા સચવાવી જોઈએ એટલે પરિક્રમાવાસીને સાચવવાના એવું માનતા સુપ્રિયા, શાસ્ત્રીજી કે બીજાઓ... એવું નથી લાગતું કે મૂલ્યોનું જગત તો આ પ્રજા જ સાચવીને બેઠી છે ? અને એ પણ કોઈ જાતના દેખાડા વગર... આ વિશાળ દેશ, એની ભાતીગળ પ્રજા, કેટકેટલી ભાષાઓ, ઉત્સવો, ધર્મો, રીતરિવાજો અને છતાંય ચોદિશ વસતા માનવીઓમાં આટલી હદનું સામ્ય કઈ રીતે ? દેશના દરેક ખૂણે વસનારા, ભણેલા કે અભણ દરેક રામકૃષ્ણની, કૌરવ-પાંડવની, સીતા-દ્રૌપદીની કથા જાણે. નદીને હાથ જોડી પૈસા ફેંકતી પ્રજાની ભાષા, પ્રદેશ, તહેવારો, રહેણીકરણી બધું જ અલગ છે. પરંતુ પ્રકૃતિનાં તત્ત્વોને નમવું, થાનક-દરગાહને મંદિર-મસ્જિદ કરતાંય વધારે માનવું, બીજાના ધર્મનેય આદર આપવો... આ તો આખા દેશમાં જોવા મળશે. અને આ જ તો છે આ મહાદેવને એક તાંતણે બાંધી રાખનારું તત્ત્વ. એ જ ભારતીય સંસ્કૃતિ છે ને ?

મેં નમાજી બનું યા શરાબી બનું / બંદગી મેરે ઘર સે કહાઁ જાએગી ?ની ખુમારી લઈને ફરતા સૂફીઓ, 'ના મૈં કોઈ ક્રિયા કરમમેં'નો સંદેશો સાળ પર વણતા મહામાનવો, અંતે તો 'હેમનું હેમ હોયે.' કહી તમામ ભેદભાવ ભૂલી સચરાચરને એક ભાવે નીરખનારા આવા લોકોએ જ પ્રજામાનસમાં આ એકત્વ સીંચી હજારો વર્ષની સંસ્કૃતિને જીવતી રાખી છે. શાસ્ત્રીજી એટલે જ ધર્મની નહીં સંસ્કૃતિની ચિંતા કરે છે. એ ગુપ્તાજીને કહે છે : 'આપણે મુક્તિનાં સંતાનો છીએ. આ દેશ અધ્યાત્મ પર ટકે છે, ધર્મ પર નહીં.' (૫૪) હીન કક્ષાના શાસકો,

પરદેશી હુમલાખોરો, કનિષ્ઠ મહાજનો અને અયોગ્ય ધર્મગુરુઓ વચ્ચે પણ પોતાના અસ્તિત્વ અને અસ્મિતાને એના એ સ્વરૂપે ટકાવી રાખનારી પ્રજાએ આ સંસ્કૃતિ અને પરંપરાના જોરે જ તો દેશને અખંડ, અતૂટ રાખ્યો છે ને ? આ દેશને એક કરતું, પ્રજાઓને પરસ્પર બાંધી રાખતું તત્ત્વ ધર્મ કદી ન હતું/નથી. એ સંસ્કૃતિ છે જેણે દેશને એક રાખ્યો છે. એટલે જ શાસ્ત્રીજીને ધર્મની ચિંતા નથી. જીવનરીતિ અને પરંપરાઓના ખોવાઈ જવાની, સંસ્કૃતિના હ્રાસની એમને ચિંતા છે. એ સ્પષ્ટ શબ્દોમાં કહે છે : 'આપમી પરંપરા, આપણી સંસ્કૃતિ આ જશે તો દેશ નહીં ટકે. મારી ખરી ચિંતા એ છે, ધર્મ નથી. (૫૫) પ્રજાકીય માન્યતાઓ, પરંપરાઓ, ઉત્સવો, મેળા, શ્રદ્ધા આ જ તો છે ભારતીય સંસ્કૃતિ. એણે જ પ્રજાઓને એક ધાગામાં બાંધી રાખી છે. શાસ્ત્રીજી સાચું જ કહે છે : 'જેણે આ દેશને, આ સંસ્કૃતિને જીવતી રાખી છે, તેમણે ધર્મને જીવનનો પાયો નથી ગણ્યો. આ પ્રજાના મનમાં ધર્મ કરતાં પણ ઊંડાં મૂળ અધ્યાત્મનાં છે. તે સિવાય આ પ્રજા આટલી બળકટ ના હોય... (૧૧૭) શાસ્ત્રીજી ગુપ્તાજીને કહે છે : 'ઈશ્વરને અહીં જન્મ લેવો પડે છે. આપણી સાથે, આપણી જેમ, આપણી વચ્ચે રહીને આપણાં સુખદુઃખ અનુભવવાં પડે છે.' (૫૪) આ દેશના અભણ અને છેવાડાના માણસને પણ ખબર છે કે પોતે સ્વયં બ્રહ્મનો હિસ્સો છે. આ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે અને તેમાં જ લય પામે છે, એ જ્ઞાન આ પ્રજાના લોહીમાં હોવાને કારણે એકત્વ ઘૂંટાય છે. 'સમુદ્રાન્તિકે'માં વિદેશી સંન્યાસિની સહજપણે કહે છે : 'માણાંના મનમાં ધરમ હોય, ઈનું કોઈ નામ નંઈ. જીવની સેવા કરવી ને આનંદથી રે'વું ઈ ધરમ.' (સમુદ્રાન્તિકે-૧૦૬) નામ વગરનો ધર્મ આ દેશની ધોરી નસ છે. એ નસ કપાઈ ન જાય ત્યાં સુધી આ દેશ ટકવાનો છે. મંદિરો કે ધર્મોએ આસ્થાને જીવતી નથી રાખી. આ પ્રજાની આસ્થા પ્રકૃતિનાં તત્ત્વોએ જીવતી રાખી છે. આ આસ્થા, એના ટેકે ટકેલી સંસ્કૃતિ ટકી રહે એટલે જ સુપ્રિયા પરિક્રમા જીવતી રાખવાની તરફેણ કરે છે અને શાસ્ત્રીજી તીર્થાટનની વાત કરે છે. સર્વને સમાવતી, પ્રકૃતિનાં તમામ તત્ત્વો સાથે એકત્વ અનુભવવાનો આદેશ આપતી આ સંસ્કૃતિમાં આપણને ભારતીયતાની સોડમ આવશે. પણ કમનસીબે આપણે ઝડપભેર આ સોડમ ખોઈ રહ્યા છીએ. આપણે વિકાસના નામે વનો વેડ્યાં, ઉદ્યોગો નાખી જમીનો ખતમ કરી દીધી, અંતરિયાળ, અડાબીડ વનોમાં રસ્તા બાંધ્યા. પોતીકી પરંપરાઓને સાચવીને બેઠેલાઓને આપણે 'સુધારવા' બેઠા. સુપ્રિયાનો પ્રશ્ન સમજવા જેવો છે : 'એકાદ પ્રાણી કે પક્ષીની જાતિનું અસ્તિત્વ જોખમમાં આવી પડે તો એના વિશે બોલાય છે, લખાય છે, ઊહાપોહ કરનારા એને બચાવવા મેદાને પડે છે. પણ માણસની આખી સંસ્કૃતિ, તેની પરંપરા, એના જીવનની ધરોહર સમૂળગી નાશ પામે, આખેઆખી વ્યવસ્થા જ પડી ભાંગે તેને પરિવર્તન ગણીને વધાવી લેનારાઓને શું કહેવું ? એની ચિંતા કેમ કોઈના હૈયે નહીં ? (૬૧) ઊંધા માર્ગે ચાલી નીકળેલી આપણી વિકાસની વિભાવના સામે પ્રશ્નો ઊભા કરતા ધ્રુવ ભટ્ટનો પાયાનો પ્રશ્ન આ છે : 'એમને સુધારનારા આપણે કોણ અને એમના વતી નિર્ણય લેનારા આપણે કોણ ?'

'ઈનરાસીડી' પાસે ઊભો રહી નાયક આ દેશની બે અંતિમો વચ્ચે જીવતી પ્રજા વિશે વિચારે ચડે છે. એક બાજુ સંસ્કૃત જેવી અસંખ્ય સમાસો અને જોડાક્ષરોથી ભરેલી ભાષામાં ઉત્તમ સાહિત્યનું સર્જન કરતી પ્રજા તો બીજી બાજુ જોડાક્ષર બોલવામાં પણ મુશ્કેલી અનુભવતી પ્રજા... આ બે અંતિમોમાં જીવતી પ્રજાને એક સાથે ટકાવી રાખે તેવાં શાસ્ત્રો ઘડનારાઓએ કેટલું વિચાર્યું હશે ? જીવનને કેટલું નજીકથી જોયું હશે ત્યારે આ પરંપરાઓનું સર્જન થયું હશે ને ? આ પ્રજાનો બ્રહ્મ સાથેનો પ્રેમ કરવાનો, લડવા-ઝઘડવાનો, રિસાવા-મનાવાનો, હાલરડાં ગાઈને ઘોડિયે હીંચોળવાનો સંબંધ એને એક દોરે બાંધી રાખનારો અદૃશ્ય તાંતણો હશે ? દરેકની જીવન તરફની દૃષ્ટિ એક જ રહે, જીવન જીવવાનો અભિગમ સમાન રહે, ભાવનાઓમાં ભેદ ન રહે એવી જીવનદૃષ્ટિનું અવતરણ કરી પ્રજાઓ વચ્ચેનું સંતુલન સાધનારી સંસ્કૃતિ અને પરંપરા જળવાવાં જ જોઈએ એવું નથી લાગતું ? એટલે જ સુપ્રિયા કહે છે ને : 'એકવીસમી સદીમાં આપણે જગતથી આગળ કોઈએ અને આપણી પરંપરાઓ આપણી સાથે જ હોય એવું હું ઇચ્છું.' (૨૧૧)

બહારથી આવેલી લ્યુસીને નર્મદા ભારતને બે ભાગમાં વહેંચતી હોય એવું લાગે છે પણ નર્મદાને ગંગાથી પણ વધુ આદર આપતા શાસ્ત્રીજી કહે છે : 'એ આ દેશને જોડે છે. ઉત્તરાખંડને અને દક્ષિણપથને જોડીને એક સાથે રાખે છે આ રેવા... અમરકંટકથી નીકળીને સમુદ્રને મળે છે ત્યાં સુધીમાં આ નદી કેટકેટલી શ્રદ્ધા, કેટકેટલી સાંત્વના, કેટકેટલા પ્રેમ, કેટકેટલા આદર, અનેક પુણ્યો અને અગણિત દંતકથાઓનું સર્જન કરે છે.' (૧૯૪)

કથાનાયક દ્વારા કહેવાતી કથામાં નાયકના મનોમંથન દ્વારા, એના સવાલોને અન્યના જવાબો દ્વારા ભારતીય સંસ્કૃતિનું હાર્દ સ્પષ્ટ કરવાની લેખકે ભરચક કોશિશ કરી છે. કથકના બાળપણની કથા આમ જરૂરી નથી લાગતી, પરંતુ માનવીય સંબંધોના માહાત્મ્યનું કામ એ કથા કરે છે. ધ્યાનથી વાંચનારને આપી કથા નર્મદા દ્વારા કહેવાઈ રહી છે એવું લાગી શકે. આપણને આ નવલકથા ગમે છે કારણ કે એ ધર્મની નહીં અધ્યાત્મની વાત કરે છે, તોડવાની નહીં પણ જોડવાની વાત કરે છે, ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિના હાર્દની વાત કરે છે... એટલે જ હું એનાં નબળાં પાસાંની વાત અત્યારે ટાળું છું.

ધ્રુવ ભટ્ટની 'તત્ત્વમસિ' પરથી બનેલી રાહુલ ભોલે અને વિનિત કનોજિયાની 'રેવા' ફિલ્મની વાત. અત્યારે ચોપાસ લોકો 'રેવા'ના વખાણે ચડ્યા છે ત્યારે થોડીક ગમી ગયેલી અને થોડીક નહીં ગમેલી વાત કરવી છે.

આમ તો ગુજરાતી ફિલ્મે છેલ્લા બે-ચાર વર્ષથી રસ્તો બદલ્યો છે. પણ સાહિત્યકૃતિ પરથી ફિલ્મ બનાવી એ ગમ્યું વળી, 'માનવીની ભવાઈ' જેવું ભયાનક પરિણામ ન આવ્યું એક સાહિત્યકૃતિનું એ પણ ગમ્યું. કર્ણપ્રિય સંગીત, એરિયલ ફોટોગ્રાફી ગમ્યાં. બે-ચાર દિવસ જીભ પર 'રેવા રેવા તારું પાણી નિર્મળ' અનાયાસે આવતું રહે છે. ફિલ્મના આરંભે કાન પર પડતો નર્મદાના જળનો નાદ ગમી ગયો, પરંતુ પછીથી વનશ્રીમાં રહેનારાઓની સાથે સાથે આપણા કાન પર પણ બીજા થોડાક અવાજો પડતા રહેવા જરૂરી હતા. અવાજો જંગલમાં નહીં હોય તો ક્યાં હશે ? નર્મદાને સાડી ઓઢાડવાનો પ્રસંગ અદ્ભુત. સિનેમેટોગ્રાફર પર વારી જવાનું મન થાય. એક પરદેશી ફિલ્મમાં આ રીતે દોરડા ફેંકાતા જોયેલા તોયે આ દૃશ્ય ગમ્યું; કારણ કે, જોનારાઓની આસ્થા ભળતા એ દૃશ્ય એક અનોખી ઊંચાઈ પ્રાપ્ત કરે છે. નવલકથામાં નાયકને કોઈ નામ નથી. ફિલ્મમાં નાયકને કર્ણ નામ આપી ગંગાને બદલે નર્મદાને ખોળે નાખ્યો એય ગમ્યું. એ રીતે નર્મદાનું માહાત્મ્ય પણ વધ્યું. બિત્તુબંગા (અતુલ મ્હાલે અને અભિનય બૅન્કર)નો સાહજિક અભિનય બહુ ગમ્યો. અભિનય બાબતે શાસ્ત્રીજી (યતીન કાર્યેકર), ગંડુ ફકીર (દયાશંકર પાંડે) અને પુરિયા (રૂપા બોરગાંવકર)ને પણ પૂરા ગુણ મળે.

રૂપાંતરણ કરનારને ધ્રુવ ભટ્ટે બધી છૂટ આપી હશે તો કથાને ધરમૂળથી બદલી શકાય હોય ને ? ભણશાલીનો દેવદાસ માત્ર લંડનથી આવેલો... બાકી બધુ (પરિવેશ સહિત) હતું તેમનું તેમ જ રહેલું... જ્યારે અહીં તો નવલકથા ન વાંચી હોય તોયે થોડીક ફરિયાદો રહેવાની. ફિલ્મના આરંભે જ ગીત ગાતી પુરિયા તમને એકેય છેડેથી આદિવાસી કન્યા લાગે છે ખરી ? બિત્તુબંગા તો તીરકામઠાધારી, પોતડીધારી પ્રદેશના... એમના વારેવારે બદલાતા ખમીસનો એમના પાત્ર-પરિવેશ સાથે મેળ નથી ખાતો. એવું જ સુપ્રિયાના ડિઝાઇનર વસ્ત્રો બાબતે પણ કહી શકાય. નાયકનાં વસ્ત્રો (મોબાઈલ કે બાઈક) ચલાવી લેવાય, કારણ કે એ અહીં આગંતુક હતો. મને તો જોકે આખીયે ફિલ્મમાં સુપ્રિયા પણ આગંતુક જ લાગી. આવા આશ્રમોમાં કામ કરનારા કોઈને આ લોકોએ જોયા જ નહીં હોય ? સૌથી વધુ આઘાત મને કાલેવાલી માને જોઈને લાગ્યો. મલીરધારિણી, રહસ્યમાં વીંટળાયેલી, સાઠસાલીઓ વચ્ચે ગુફામાં રહેતી, વનમાં ફરતી રહેતી કાલેવાલી મા મેકઅપના આટલા થથેડા સાથે ? શું આપણે બિમલ રોયની નૂતન કે શ્યામ બેનેગલની સ્મિતા કે શબાનાને જોયાં જ નથી ? પુરિયાના ડાકણ થવાનું દૃશ્ય અતિરંજિત, અતિનાટકિયું. આદિવાસી રીતરિવાજને ભાંડતા, આ દેશને મદારીઓનો દેશ કહેતા કથાનાયકની હીરોગીરીમાં 'તત્વમસિ'નો સૂર સાવ દબાઈ જાય છે. વળી નવલકથામાં અશ્રદ્ધાથી શ્રદ્ધા તરફની નાયકની ગતિ ગળે ઊતરે છે. એનો માંહ્યલો બદલાયા પછી એ બદલાય છે. ફિલ્મમાં આ આખી વાત સપાટી પર રહી જાય છે

એટલે પ્રતીતિકર નથી લાગતું. ધ્રુવ ભટ્ટની નવલકથાઓમાં નાયક-નાયિકા વચ્ચે નર્યો માનવીય પ્રેમ, ઇન્સાની નાતો. પણ અહીં ફિલ્મી પ્રેમની જરૂર પડી... સુપ્રિયાનું એવું કોઈ વ્યક્તિત્વ આપણી સામે આવ્યું જ નથી જેનાથી પ્રભાવિત થવાય. નાયક પણ એના દેખાવથી પ્રભાવિત થતો હોય કે એની વાત માનતો હોય એવી છાપ વધારે પડે છે. થોડાંક સરસ દૃશ્યો પુસ્તકમાં છે પણ ફિલ્મમાં નથી. કેમ નથી નો જવાબ તો બનાવનારા જાણે....

૧. આરંભે ટ્રેનમાં માળા ફેરવતાં માજીની બાજુમાં જ નમાજ પઢતો મુસ્લિમ બતાવ્યો છે. પછીથી બેઉ જણ સાથે બેસીને ઢેબરાં ખાય છે. આ દેશની સમન્વય સાધનારી, સહિષ્ણુ સંસ્કૃતિમાં આ સામાન્ય હતું. આજના માહોલમાં આ દૃશ્ય વધારે જરૂરી નહોતું ?

૨. બિત્તુબંગા પર વાઘ હુમલો કરે ત્યારે સુપ્રિયા ચર્ચમાં ઘૂંટણિયે પડી પ્રાર્થના કરે છે. તમે જેને માનો છો એ ઈશ્વરને કોઈ પણ સ્થળે પ્રાર્થી શકાય અથવા ઈશ્વર એક જ છે એવી સરસ વાત અહીં આપોઆપ વ્યંજિત થાય છે. આપણી સંસ્કૃતિમાં પ્રાર્થના માટે સ્થળ મહત્ત્વનું નથી એ આખી વાત જ ફિલ્મમાંથી કાઢી નખાઈ.

૩. ભાઈને મારનાર વાઘ નથી પણ બચ્ચાંવાળી વાઘણ છે એવું જાણ્યા પછી બિત્તુબંગા એને છોડી મૂકે. આદિવાસીની આ ઉદારતા, એનું કોઠાડહાપણ દર્શાવવું અઘરું નહોતું. વગર વાઘે એ દર્શાવી શકાયું હોત.

૪. અનાયાસે, અંદરના ધક્કાથી પરિક્રમા પર નીકળી પડેલો કથાનાયક નર્મદાના જળની અંજલિ ભરીને બોલે છે : 'હું મારા નામનો ત્યાગ કરું છું. મારા પરિચયનો ત્યાગ કરું છું.'... કલ્પના કરો આ દૃશ્ય ફિલ્મમાં કેવું પ્રભાવક બની રહેત ?

લોકપ્રિયતા અને પૈસા રળી લાવે એવી ફિલ્મ બનાવવા નાયકને આટલી હદે બદલવાની જરૂર હતી ખરી ? મધ્યપ્રદેશનાં જંગલોને બદલે ડાંગથી ચલાવ્યું હોત તો ચાલત પણ અહીં તો ઉત્તર ગુજરાતના પોળોનાં જંગલ અને મંદિરો દેખાય ત્યારે મારા જેવાને પ્રશ્ન થાય કે ભલામાણસ નર્મદાના કાંઠે મંદિરોની જરાય ખોટ છે ખરી ?

ને છેલ્લે, ધ્રુવ ભટ્ટની 'તત્ત્વમસિ' શુદ્ધ અર્થમાં અધ્યાત્મની વાત કરે છે. ત્યાં સંસ્કૃતિ, પરંપરા અને ભારતીયતામાં આધ્યાત્મિકતાનાં દર્શન થાય છે જ્યારે 'રેવા'માં ધાર્મિકતાનાં. 'તત્ત્વમસિ'નો મુખ્ય સૂર જ એ છે કે આ દેશ આધ્યાત્મિકતા પર ટકેલો છે, ધર્મ પર નહીં, ને 'તત્ત્વમસિ'માં એવી સમુદાર, સહિષ્ણુ સંસ્કૃતિ, એમાં આસ્થા ધરાવનાર છે પણ ખરા. જ્યારે 'રેવા'માં વર્તમાન સમયને વટાવવા માગતા હોય એવી ધાર્મિકતાનાં દર્શન થાય છે. બહુ જ બોલકા બનીને ફિલ્મના અંત ભાગે એ બધું કહેવાયું છે. નવલકથામાં નર્મદા મારી સાથે, મારી અંદર ખળખળતી થાય છે.... પરંતુ ફિલ્મમાં છેક છેલ્લે એ થઈ શક્યું છે. આ મહાનદને આરંભથી અંત સુધી સાથે રાખી શક્યા હોત તો 'રેવા' સાવ અલગ જ હોત. આટલી હદે વાર્તા બદલી નાખનારે બે-ચાર વાક્યો સૂકી ભઠ થતી જતી નર્મદા માટે કહ્યાં હોત તો રાજી થવાત. બધી જ કળાઓ પર સામાજિક ઉત્તરાદાયિત્વનો ભાર હોય છે એવું નહીં ધ્રુવભાઈ ?

પુરુષના સર્જનકાર્યમાં નારી-સ્વભાવના આ અનિર્વચનીય માધુર્યે સદા સાથ આપ્યો છે. એ નજરે ચઢે એવો નથી હોતો પણ અપરિહાર્ય હોય છે. પુરુષના ચિત્તને નારીનું આ પ્રાણવાન માધુર્ય અંદરખાનેથી સક્રિય ન બનાવે તો તે પોતાનું પૂર્ણ ફળ નહિ ફળાવી શકે. વીરનું વીરત્વ, કર્મવીરનો કર્મોદ્યોગ, કલાકારનું કલાસર્જન વગેરે સંસ્કૃતિના બધા મોટા મોટા પ્રયત્નોની પાછળ નારી-પ્રકૃતિની ગૂઢ પ્રેરણા રહેલી હોય છે.

[રવીન્દ્ર નિબંધમાલા-૧ પૃ. ૩૩૮]

## આસ્વાદ

**રાધેશ્યામ શર્મા**

### નિર્ઝરતી વાવ સમી ગહન ગઝલ !

**નામ મારું ટહુકાતું જાય છે**

*સ્મિતની લહર પારખું છું હું,*
*જાતને જરીક જાળવું છું હું.*

*લાભશુભતણી લીલી વાતનું,*
*રોજ નવ્ય ભળભાંખરું છું હું.*

*એક નિર્ઝરતી એવી વાવ છું,*
*બુંદ બુંદ શિવ કાલવું છું હું.*

*તાજ્જુબીની શણગારું વારતા,*
*ચિત્તથી અજબ આળખું છું હું*

*નામ મારું ટહુકાતું જાય છે,*
*બ્હારનું બ્યૂગલી માળખું છું હું.*

**[નામ મારું ટહુકાતું જાય છે, પૃ. ૧]**

કવિશ્રી કિશોર મોદી સતત કશુંક નવ્ય, નોખું લેખન કરતા રહ્યા છે. સુરતી કે હુરતી તળપદી બોલીમાં 'અંઈ વખતની લીલીહૂકી વાત છે' સંગ્રહ કર્યો એ એમનું પ્રથમ વિશિષ્ટ પગલું હતું. ત્યાર બાદ શું ? તો 'રથોદ્ધતા-સ્વાગતા' છંદમાં ઝુકાવી છેલ્લો ગઝલ સંચય 'નામ મારું ટહુકાતું જાય છે' સંગ્રહ સ્વયં પ્રકાશિત કર્યો. ગુજરાતી સાહિત્યમાં કદાચ વૃત્ત ગઝલનો આ 'પહેલા પહેલા પ્યાર' સમો સંચય દીસે છે.

કિશોર, સુરતી બોલીના અધિકૃત ચાહક લેખક પણ એમને આવકારો મળ્યો સંસ્કૃતજ્ઞ વિખ્યાત આલેખક હર્ષદેવ માધવ તરફથી. તેમણે કવિની ઓળખ આપી 'મૌનના મિજાજમાં કવિતાની મોસમને મલકાવનાર' તરીકે. શ્રી ભરત યાજ્ઞિકે એ જ રીતે 'પૂર્વસૂરિઓનાં પગલાંમાં પગ માંડતો સર્જક' રૂપે કિશોરને પોંખ્યા.

પ્રસ્તુત વૃત્તાવૃત્ત ગઝલમાં કાફિયા છે : 'પારખું છું/જાળવું છું.', 'એવી વાવ છું - કાલવું છું' ઇત્યાદિ. જ્યારે રફીક છે : પૂરી રચનામાં સાદ્યંત 'છું હું...'

છંદસિદ્ધ કૃતિઓ ગમે તેટલી સંખ્યામાં હોય પણ કાવ્યત્વની ગુણવત્તાનો મહિમા, ઇપ્સિત પ્રાપ્તિમાં જડે. અહીં મત્લામાં ડોકિયું કરી જોઈએ : 'સ્મિતની

લહર પારખું છું હું / જાતને જરીક જાળવું છું હું.' સૂક્ષ્મતા કેવી છે, કેવળ 'સ્મિત' નહિ, સ્મિતની લહરના નાયક પારખું-પારેખ છે. પાંચે શેઅરમાં કાવ્યનાયકનો 'હું'કાર પ્રસરી વળ્યો એ કબૂલ, પણ જાતને 'જરીક જાળવવાની' જાહેરાતથી નિખાલસ નમ્રતાનો ઇશત્ સુખદ ઇશારો મળે. જરીક જાતને જાળવી લઈ 'હું'નું ઉન્નયન (સબ્લિમેશન) સાધવાનો ઇરાદો પણ સં-ભળાય.

***લાભશુભતણી લીલી વાતનું***
***રોજ નવ્ય ભળભાંખરું છું હું***

આવાસોની અન્દરબહાર શુભલાભ -
લાભશુભના સ્ટિકર ચોંટાડેલાં જોઈએ છીએ,
એવી વાત સાવ સામાન્ય છે. કવિએ લાભશુભની વાતને 'લીલી' વિશેષણથી હરિયાળી બનાવી દીધી !

પરંતુ નિજી 'હું' અહંકારથી વિમુક્ત થવાનું કાવ્યરસિત ઇંગિત બીજી કડીમાં આબાદ પરોવ્યું છે : રોજ નવ્ય ભળભાંખરું છું હું' એકેય દિવસ ચૂક્યા વિના નવીન પરોઢે (ન્યૂ, ફ્રેશ ડૉન)નું સ્વાગત રસસિક્ત છે.

અધિક કાવ્યરસની પ્યાસ અવશિષ્ટ લાગે તો ત્રીજો શેઅ્ર હાજર છે :

***એક નિર્ઝરતી એવી વાવ છું,***
***બુંદ બુંદ શિવ કાલવું છું હું.***

ઉપમાયુક્ત પંક્તિમાં કાવ્યનાયક પોતાને પર્વતસરિતા સમી વાવ - અર્થાત્ સૂચક સંકેત પ્રમાણે પાર્વતી સદશ વાવ સ્વરૂપે સ્થાપે છે ! એના અનુષંગે - જાણે પાર્વતી બિન્દુબિન્દુ જમાઝારીથી શિવજીને કાલવે છે ! પ્રવાહીરૂપે ઘૂંટે છે ! જળાભિષેક કરે છે !

વાવનું કલ્પન કવિનું ગમતું પાત્ર છે. સંગ્રહની અન્ય રચના 'ગુલછડી ચીતરેલી છે' (પૃ. ૫૯) અને 'કોણ માનશે ?' (પૃ. ૬૨)માં પણ વાવનો વિનિયોગ છે.

(૧) 'ઊભીને અદબથી અવાવરુ / વાવની કથની સાંભળેલી છે.

(૨) 'ક્ષુબ્ધતા હવડ વાવ જેવી છે, / શ્વાસ છે વિમલ કોણ માનશે ?' જોકે વાવનું પુનરાવર્તન, નવીન સંદર્ભમાં વિનિયોગપાત્ર છે.

ચોથો શેઅ્ર વાવ પાસેથી ખમી વાર્તા પ્રતિ ગતિ કરે છે : 'તાજ્જુબીની શણગારું વારતા, ચિત્તથી અજબ આળખું છું હું.' વારતાને આશ્ચર્યથી નહીં, આશ્ચર્યની વારતારૂપે નાયક શણગારે છે ! એનું ચિત્ત કેવું અજબ કે આળખી દોરે છે વિસ્મયવત્ વારતા !

મક્તામાં કાવ્યનાયક પોતાને આખરે નામાંકિત જાહેર કરે છે :

***'નામ મારું ટહુકાતું જાય છે'***

અહીં 'ટહુકાતું' ક્રિયાપદથી હુંકારનું નિર્ગલન સધાય તેની હારોહાર –

***બહારનું***
***બ્યૂગલી***
***માળખું***
***છું***
***હું***

ઉપરોક્ત ક્લાયમૅક્સ પંક્તિમાં ફ્રેમ કરેલું 'બ્યૂગલી માળખું' માત્ર બહારનું, પરંતુ આંતરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્મિતની લહર સાથે પંખી પેઠે ટહુકતું છે !

સુજ્ઞો છંદ શોધી કાઢશે, તપાસશે, પણ આ લખનારને મન તો ટપ્ટપ્થી નહિ મમ્-મમ્થી કાવ્ય માણવાની મજા કવિશ્રી કિશોર મોદીએ કરાવી.

# રવીન્દ્રનાથનાં બે ગીતિનાટ્ય : ચંડાલિકા અને શ્યામા

**દક્ષા વ્યાસ**

રવીન્દ્રનાથે નાટકને વિવિધ રૂપે ખેડ્યું છે, તેમાં એમનાં ગીતિનાટ્ય લાક્ષણિક આયોજન, સંગીતમય રજૂઆત અને નર્તનના તત્ત્વને કારણે નોખાં તરી આવે છે. એમણે પાછલી વયે લખેલાં ત્રણ ગીતિનાટ્ય : 'ચિત્રાંગદા' ('૩૬), 'ચંડાલિકા' ('૩૮) અને 'શ્યામા' ('૩૯) પ્રેમનાં ભિન્ન ભિન્ન રૂપોને પ્રગટ કરે છે. અબૂ સઈદ ઐયૂબ 'પાન્થજનના સખા'માં ચંડાલિકા પ્રકૃતિ અને ચિત્રાંગદાના પ્રેમનાં બે ભિન્ન રૂપને તંતુએ તંતુ તારવીને સાથે સાથે ચર્ચે છે અને 'શ્યામા'ના 'આ દુર્લભ પ્રેમ' લેખમાં અલગ ચર્ચા કરે છે. અનિલાબહેન દલાલ 'ચંડાલિકા' અને 'શ્યામા'માં પ્રગટ પ્રેમનાં બે ભિન્ન ભિન્ન રૂપોને સહજ-સરળ રૂપમાં રજૂ કરે છે.

અબૂ સઈદ ઐયૂબ લખે છે કે ''રવીન્દ્રનાથને ઘણા ભક્તકવિ તરીકે ઓળખે છે, કેટલાક પ્રકૃતિકવિ તરીકે ઓળખે છે તો કોઈ તેને માનવતાના કવિ કહે છે, પણ મૂળે તો તે પ્રેમના કવિ છે. તેમના ઈશ્વરપ્રેમના પડેપડમાં નારીપ્રેમ કાવ્યભાષાના સોયા વડે ગૂંથાયેલો છે.'' (૧૬૭) હકીકતમાં એમની કવિતામાં ચિરકાળથી પ્રિયજનની પ્રતીક્ષા કરતું નારીહૃદય વારંવાર વ્યક્ત થતું રહ્યું છે. ચંડાલિકા પ્રકૃતિ અને શ્યામા આવી ચિરપ્રતીક્ષાવંતી નારીઓ છે. ઉભયનો પ્રેમ પ્રથમ દૃષ્ટિનો છે, રોમેન્ટિક ઉન્મેષવાળો છે.

પ્રકૃતિ અનવેધ શ્યામ સુંદરી છે. એનાં શાંત-સરળ જીવનજળ એક ઘટનાથી ડહોળાય છે, કૂવાકાંઠે જલ સીંચતી પ્રકૃતિ પાસે બૌદ્ધ ભિક્ષુ આનંદ પાણી માગે છે : 'પાણી આપ' એ ચમકી ઊઠે છે. એનું હૃદય કંપી ઊઠે છે. દૂરથી પ્રણામ કરી કહે છે :

''હું તો ચંડાલની દીકરી છું. કૂવાનું પાણી અપવિત્ર છે.' પણ આનંદ કહે છે.

''હું જેમ માણસ છું તેમ તુંય માણસ છે; અને તપી ગયેલાને સાંત્વન આપે, તૃષાતુરને તૃપ્ત કરે તે બધાં જળ તીર્થજળ છે.'' નાટ્ય હોવા છતાં કવિવરે આ ઘટનાને દશ્યરૂપે મૂકી નથી, પ્રકૃતિ માતા સમક્ષ તેનું વર્ણન કરે છે. એમ કરીને તેઓ આનંદના અપાર્થિવ તપતેજને અનુભવગમ્ય જ રાખે છે. મુગ્ધા પ્રકૃતિ જીવનમાં પ્રથમવાર નવયુવાન ભિક્ષુના મુખે સન્માનિત થાય છે. એ એના સુકોમળ, અચ્છોદસમ સ્વચ્છ અંતસ્તલને આંદોલિત કરે છે. તેથી 'પાણી આપ' એમ ઉચ્ચારાયેલા સ્વાભાવિક - સામાન્ય શબ્દો પ્રકૃતિના હૃદયમાં સાંકેતિક અર્થમાં એની સમજ બહાર પરિવર્તિત થાય છે. પાણી, પ્રેમ અને જીવનનો પર્યાય બની જાય છે. એ અનુભવે છે કે આનંદ પાણીને મિષે પ્રેમ માગી રહ્યો છે. એ પોતે તો પ્રેમાતુર મુગ્ધા છે જ, સમર્પણ - તત્પર અવસ્થામાં છે જ. એની આનંદની પ્રતીક્ષામાં ખોવાઈ જાય છે. એક ક્ષણે પોતાને અવગણીને આનંદને સાથીઓ સાથે જતો જોઈ એ આહત થાય છે, ઝંખના વધુ તીવ્ર બને છે. પરાકાષ્ઠાએ એ માને જાદુઈ મંત્રનો ઉપયોગ કરવા વિનવે છે.

પ્રકૃતિપ્રેમનો મંત્ર ન શીખેલી અબુધ નારી છે, પણ એનો પ્રેમ સાવ સ્થૂળ નથી. અદમ્ય ઝંખના છતાં નિજ હૃદયપથના પથિકને સ્થૂળ રૂપે નિમંત્રવા એનું મન માનતું નથી :

***નહીં રે નહીં, નહીં બોલાવું, નહીં બોલાવું***
***બહારથી એમને આપ;***
***બનશે તો તો એમને ઉરે સાદ દઈને***
***લાવીશ તેડી ભીતરને મુજ ધામ.***

પણ ઝંખના ઉત્કટ થતાં સદેહે દર્શનની તાલાવેલી માઝા મૂકે છે. છતાં જાદુઈ મંત્રની સિદ્ધિ દરમિયાન પણ એને એમ લાગે છે કે પોતે વિરક્ત આનંદને ખોટી રીતે મોહમાયામાં ઘસડી રહી છે. એક દ્વિધાભરી મનઃસ્થિતિમાં એ મુકાય છે. એ માયાદર્પણમાં આનંદને પરાણે ખેંચાતો

જોવા માગતી નથી અને છતાં જોયા વિના રહી પણ શકતી નથી. માયાદર્પણમાં આત્મપરાજયથી નિસ્તેજ બનેલા આનંદનો જીવસટોસટનો સંઘર્ષ જોતાં જ એ દર્પણને ફગાવી દે છે – ફોડી નાખે છે અને પોતે પરિશુદ્ધ પ્રેમને પામી સાચા અર્થમાં દીક્ષિત થાય છે. કવિની અભિજાત સૌંદર્યદૃષ્ટિનું નિર્મળ પ્રતિબિંબ આ નાટ્યદર્પણમાં ઝિલાયું છે. માયાદર્પણની ઘટના પણ અહીં પ્રતીકાત્મક બને છે. આનંદના આત્મસંઘર્ષનું એમાં પ્રકૃતિને થયેલું દર્શન ખુદ તેના પોતાના એકાત્મભાવમાંથી પ્રગટેલા આત્મમંથનની પ્રતીકાત્મક અભિવ્યક્તિ બની રહે છે. પ્રેમને પૂર્ણપણે ઊર્ધ્વીકૃત કરવા કઠોર તાવણીમાંથી પસાર થવું પડે છે એવું એક દર્શન એમાંથી ઉપસે છે. પ્રેમ સમર્પણથી ન્યાલ બને છે અને ત્યાગીને સર્વોપરી બને છે.

'શ્યામા' કવિને હાથે ત્રણ વખત આવિષ્કૃત થઈ : 'પરિશોધ' કથાકાવ્યરૂપે, 'પરિશોધ' નાટ્યગીતિ રૂપે અને નૃત્યનાટિકા શ્યામા રૂપે એ સૂચક છે. 'ચંડાલિકા'ની જેમ એ પણ બૌદ્ધ જાતકકથાનું જ વસ્તુ ધરાવે છે. શ્યામા અનન્ય સૌંદર્યરાજ્ઞી, ગર્વોન્નતા અસાધારણ રાજનર્તકી છે. પ્રકૃતિનું સૌંદર્ય શામક છે; શ્યામાનું દાહક-જાજ્વલ્યમાન - આંખો આંજી દે તેવું. નિજ ઐશ્વર્યને સમર્પિત કરી દેવાની એની પણ ઝંખના પ્રબળ છે; પરંતુ પાત્રની યોગ્યતાનો એનો માપદંડ આગવો છે. તેથી નથી એ ચલિત થતી શ્રેષ્ઠીપુત્ર ઉત્તીયથી, નહીં કોઈ રાજવી કે શ્રેષ્ઠીથી. અન્યાયથી બંદીવાન બનેલા અતીવ સુંદર પરદેશી વજ્રસેનના પ્રથમ દર્શને જ એ એને પૂર્ણપણે સમર્પિત થઈ જાય છે. વજ્રસેનને મુક્ત કરવા અખૂટ લક્ષ્મી આપવાનું પ્રલોભન કારગત નીવડતું નથી ત્યારે એ ચિત્કારી ઊઠે છે : 'છે કોઈ વીર, જે એને બચાવે ?' શ્યામા પ્રત્યે મુગ્ધ યુવાન ઉત્તીય તત્કાળ આત્મબલિદાન દ્વારા વજ્રસેનને મુક્ત કરાવે છે. ઇચ્છવા અને મથવા છતાં શ્યામા નિર્દોષ ઉત્તીયને બચાવી શકતી નથી. આ ઘટના એને એની પોતાની નજરમાં નીચી પાડે છે. રાજસમ્માન છોડી વજ્રસેન સાથે નીકળી પડેલી શ્યામાને અધીર વજ્રસેન પોતાની મુક્તિનું રહસ્ય જણાવવા મજબૂર કરે છે અને ઉત્તીયે અપવાદ માથે લીધાનું સત્ય ખૂલે છે. આ રીતે ભિક્ષાપાત્રમાં મળેલો પ્રેમ વજ્રસેનને આઘાત આપે છે. એ શ્યામાને કલંકિની, પાપિષ્ઠા કહી મૂર્છિત અવસ્થામાં જ અમાનુષીપણે તરછોડે છે.

પણ પ્રથમ દૃષ્ટિનો પ્રેમ એમ વિમુખ થઈ શકતો નથી. વિયોગની વેદી પર એ પ્રજ્વલિત થઈ ઊઠે છે અને પુનઃ પ્રિયાને તીવ્રતાથી ઝંખે છે, આમંત્રે છે. શ્યામા પુનઃ એની સમક્ષ પ્રગટ થાય છે; પરંતુ તેનું પ્રત્યક્ષ દર્શન પુનઃ તેને પેલી આઘાતક મનોદશામાં ધકેલે છે. કઠોર હૃદય તાર સ્વરે પોકારે છે 'ચાલી જા' 'ચાલી જા' બંને પ્રેમીઓ વિમુખ બને છે, તરફડાટ તેનો તે રહે છે. શ્યામાને પક્ષે નિજ ઐશ્વર્યના સર્વસમર્પણ છતાં ઇપ્સિતને પામી ન શકવાની વેદના છે તો વજ્રસેનને પક્ષે પોતે શ્યામાને ક્ષમા કરવાની ઊંચાઈએ ન ઊઠી શકવાની વેદના.

અનવદ્ય પ્રકૃતિનો પ્રેમ ત્યાગ દ્વારા શમમાં પરિણમે છે અને આનંદમય ભૂમિકામાં ઉન્નત રૂપે વિલસે છે. શ્યામાનો પ્રેમ એના દાહક વ્યક્તિત્વની માફક દાહક છે અને ઉભય પક્ષે નિતાંત પીડાને વરે છે. 'ચંડાલિકા'માં ઊર્ધ્વાભિમુખ, પરિશુદ્ધ સાત્ત્વિક પ્રેમનું પ્રતિબિંબ છે. એમાં પ્રકૃતિ અને આનંદ – પાત્ર નામ પણ પ્રતીકાત્મક ઊંચાઈએ પહોંચે છે. 'શ્યામા'માં પ્રેમનું રાજસિક રૂપ પ્રતિબિંબિત થાય છે. આ પ્રેમ પોતે શુદ્ધ છે, પરંતુ વ્યવહાર-જીવનની કઠોર કાલિમા એને નિતાંત પીડાકર બનાવે છે.

(અનિલા દલાલ લિખિત – 'પ્રેમનાં બે રૂપ : ચંડાલિકા અને શ્યામા'
સંદર્ભે થોડોક પૂરત પ્રતિભાવ.)

**કોટ**
**ભગિની સમાજ સામે**
**વ્યારા-૩૯૪૬૫૦ (જિ. તાપી)**
**મો. ૯૪૨૭૧૨૫૨૨૬**

# કાન્ત અને કરુણાશંકર

**પ્રફુલ્લ રાવલ**

કાન્ત કરતાં કરુણાશંકર વયમાં છ વર્ષ નાના હતા, અને એમના પ્રિય વિદ્યાર્થી હતા. કરુણાશંકરે આજીવન કાન્તને પોતાના 'પરમ પૂજ્ય શિક્ષક' માનેલા અને પોતાને શિષ્ય. એમની નોંધપોથીમાં અનેક સ્થળે કાન્તના ઉલ્લેખો મળે છે. એમણે કાન્તને લખેલા પત્રોમાં કાન્ત પ્રત્યેનો અપાર આદર પમાય છે. શિવાભાઈ જેઠાભાઈ પટેલને ૩૦ ઑક્ટોબર, ૧૮૯૯ના રોજ ભાવનગરથી લખેલ પત્રમાં લખ્યું હતું : 'આપણા પરમપૂજ્ય ગુરુજીના સાન્નિધ્યમાં રહેવાની મને ઘણા સમયથી ઇચ્છા હતી તે પરમકૃપાળુ ઈશ્વરે પૂર્ણ કરી છે.[૧] કરુણાશંકરના પત્રોમાં આદર સાથે એમની જિજ્ઞાસા અને વિશાળ વાચન પરખાય છે. એમની નિખાલસ વૃત્તિ 'પ્રિય શિક્ષક, આપ, બેશક, મારાથી કશું છુપાવતા નથી, તોપણ હું આપના સ્નેહને યોગ્ય સ્નેહ ધારી શકતો નથી.' જેવા વિધાનથી પમાય છે. કાન્ત કરુણાશંકર પાસે ઘણું વ્યક્ત કરતા. કરુણાશંકરને ક્યારેક લાગતું કે કાન્ત કેટલીક વાતો દિલમાં જ રાખે તો સારું. કાન્તે એનો ઉત્તર પાઠવતાં લખેલું :

'વારંવાર અમુક લખતાં એવું લાગેલું છે કે આપ તમને લખવું એ કેવલ અધૈર્ય છે, નીતિવિરુદ્ધ છે. છતાં એક વિચારને લીધે અત્યાર સુધી મેં એ થવા દીધું છે.'[૨]

વળી પત્રમાં આગળ જણાવ્યું છે કે, 'કોઈ પણ પ્રકારના ગોપનને તમારી સાથેના સંબંધમાં રહેવા દેવામાં મને બન્ધુધર્મની ખામી લાગી છે, તમે પોતાને શિષ્ય ભલે ગણો, પણ હું તો આપણે સ્વામીના જ શિષ્યો છીએ એમ માનું છું. આત્મવૈદ્ય આપણ સર્વનો એ પિતા જ છે. તમે જો મિત્ર ન હો, તો મારે કોઈ જ મિત્ર નથી. હું જેવો છું તેવો તમારી પાસે દેખાઉં એ ઇચ્છા મુખ્યત્વે કરીને તો મને એટલા મારે રહે છે, કે જે નવીન માર્ગમાં આપણે સાથે છીએ, તેની અંદર જે સ્વામીનું છે તેની અને જે મારું પોતાનું છે તેની વચ્ચે તમે ભેદ કરી શકો. અને હું તમને કદાપિ છેતરું નહીં.'[૩]

૪ ફેબ્રુઆરી, ૧૯૦૭ના આ પત્રમાં કાન્તનો કરુણાશંકર માટેનો ભાવ તો છતો થયો જ છે તો એમના પ્રત્યેનો વિશ્વાસ પણ પ્રકટ થયો છે.

૧૯ ઑગસ્ટ, ૧૮૭૩માં જન્મેલા કરુણાશંકર કુબેરજી ભટ્ટ વડોદરાની અધ્યાપન પાઠશાળાના વિદ્યાર્થી હતા. છેક ૧૮૯૩થી મણિશંકર ભટ્ટ - કાન્તના પરિચયમાં હતા. કાન્તકૃત 'શિક્ષણનો ઇતિહાસ' કરુણાશંકરનું સહુથી પ્રિય પુસ્તક હતું. લગભગ આખું પુસ્તક એમણે આત્મસાત્ કર્યું હતું. એમની નોંધપોથીમાં એના અનેક વાર ઉલ્લેખો જોવા મળે છે. કરુણાશંકર જ્યારે પેટલાદ હતા ત્યારે કાન્તનાં સંતાનો ત્યાં જતાં. થોડો સમય ત્યાં ભણેલાં પણ ખરાં. મુનિકુમારે કરુણાશંકરનો ગુરુ તરીકેનો ઉલ્લેખ કર્યો છે. જયંત પણ પેટલાદ જતો.

કરુણાશંકરે નોંધપોથીમાં '''શિક્ષણનો ઇતિહાસ' વગર વિલમ્બે એક વાર હાલ વાંચી જવો જોઈએ, કારણ કે એ ઘણી વાર વાંચવાની જરૂર છે. પણ ઘણી વારનું મૂળ એક વારમાં છે.''[૪] લખ્યું છે. વળી 'ઇંગ્રેજી શાળાના હેડમાસ્તર અને બીજા શિક્ષકો 'શિક્ષણનો ઇતિહાસ' ધ્યાનથી વાંચે તેવી યોજના કરવી'[૫] એવું ૧૮ ફેબ્રુઆરી, ૧૯૦૭ની નોંધપોથીમાં નોંધ્યું છે. એમના મતે 'શિક્ષણનો ઇતિહાસ' ઘણાંખરાં જુદાંજુદાં દષ્ટિબિન્દુઓથી વિચારી શકાય તેમ છે.'[૬] એમનો આ ગ્રંથ સંદર્ભનો ભાવ તો એમને 'પ્રથમ તો શિક્ષણનો ઇતિહાસ ફિલસૂફીના ઇતિહાસ સાથે સંબંધ હોવાથી વિચારવંત પુરુષોને સ્વાભાવિક રીતે જ આકર્ષે છે...'[૭] કહેવા પ્રેરે છે. નોંધપોથીમાં અવારનવાર કરુણાશંકર 'શિક્ષણના ઇતિહાસ'ના ખંડો ઉતારે છે. કેટલાંક વાક્યો નોંધે છે. કેટલાક શિક્ષણ સંબંધી ઐતિહાસિક અવતરણો ટાંકે છે.

કરુણાશંકરનો કાન્તના 'શિક્ષણના ઇતિહાસ' ગ્રંથ તરફનો લગાવ અદ્ભુત હતો. એમણે એનો સંનિષ્ઠ અભ્યાસ કર્યો હતો. એ ગ્રંથના પ્રત્યેક વાચને એ અલૌકિક

અનુભવ કરતા. ૧ નવેમ્બર, ૧૯૧૦ની નોંધપોથીમાંના કરુણાશંકરના શબ્દો સાંભળો :

‘‘ગઈ રાત્રિનો વરસાદ શરૂ થયો છે. ‘શિક્ષણનો ઇતિહાસ’ વાંચતાં ઉત્તરોત્તર વધારે અને વધારે રસિક વૃત્તાંતો આવતાં જાય છે. મને તો આ પુસ્તક બધાં પુસ્તકોમાં સર્વોપરિ લાગે છે.’’[૮]

કરુણાશંકર તો ‘પ્રભુની અનેક સુન્દર ભેટોમાંની એક પરમ ઉપયોગી ઉન્નતિપ્રદ ભેટ’[૯] એ ‘શિક્ષણનો ઇતિહાસ’ હોવાનું માને છે.

કરુણાશંકરની નોંધપોથીમાં કાન્તનાં એકાધિક કાવ્યોની પંક્તિઓ મળે છે. ક્યાંક આખું કાવ્ય પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત કાન્તનાં અન્ય પુસ્તકોનો સંદર્ભ તરીકે એમણે વિનિયોગ કર્યો છે. લગભગ કાન્તની મોટા ભાગની ગદ્યકૃતિઓ વિશે નોંધપોથીમાં ઉલ્લેખ મળે છે.

કાન્તને કરુણાશંકર પ્રત્યે ભાવ હતો. એ જેવા પ્રેમાળ શિક્ષક હતા તેવા જ સહૃદથી મિત્ર પણ હતા. કાન્તનું ૧૬ જૂન, ૧૮૯૭ના પત્રમાંનું આ કથન એક શિક્ષકના વ્યક્તિત્વને ઉજાગર કરે છે : ‘માણસ માત્ર લોભી છે, અને તેટલા માટે સુખ ઢૂંઢે છે. કિસ્મત પ્રમાણે જે સુખ મળે તેથી સંતોષ ન માનવાને લીધે ઘણા હાથે કરી વિષાદ વહોરી લે છે.’[૧૦] કાન્તના પરિચય સાથે તત્કાલીન અન્ય સર્જકો – લેખકોના સાહિત્યના વાંચને કરુણાશંકરને પણ લખવાનું મન થતું ત્યારે એમણે પોતાના શિક્ષક કાન્તને જણાવ્યું હતું અને શિક્ષક કાન્તે શિષ્ય કરુણાશંકરને એનો ઉત્તર આમ આપેલો : ‘સહાય આપવા તત્પર છું. શું લખવા ધારો છો તે જણાવશો. હું પોતે ઘણું વાંચ્યા પછી થોડું જ લખી શકું છું.’[૧૧]

શિષ્ય હોવા છતાં કાન્તને કરુણાશંકર પ્રત્યે અપાર ભાવ અને ભરોસો હતો. ભાવનગર છોડવાની પરિસ્થિતિ કાન્ત માટે સર્જાઈ ત્યારે કરુણાશંકરને ભારે ચિંતા થયેલી. કાન્તે ૩૧ જાન્યુઆરી, ૧૯૦૦ના પત્રમાં કરુણાશંકરને લખેલું : ‘કશી ચિન્તા કરશો નહીં. સ્વામીની દયાથી કશી હરકત આવશે નહીં.’[૧૨] કાન્તની વિપદા વૃદ્ધિ જ પામતી જતી હતી અને કરુણાશંકર એમના દુઃખમાં સતત સમભાગી થતા રહેતા.[૧૩] એપ્રિલ, ૧૯૦૧ના પત્રમાં કાન્ત લખે છે : ‘તમારો પત્ર મળ્યો છે. માનો કે મને ક્લેશ નથી. હૂં સુખી છૂં. સન્તુષ્ટ છૂં. – પરમ દયાલૂ પિતાની નિસ્સીમ દયા છે. નીચેના નવીન ગીતમાં તમે નવીન આશાની ઝાંખી કરી શકશો.’[૧૩] મે મહિનાના પત્રમાં ‘સમગ્ર ઋગ્વેદનું ભાષાન્તર આદરવાની મારી પ્રબલ અભિલાષા છે. ઈશ્વરેચ્છા હશે સફલ થશે.’[૧૪] એવું જણાવે છે. વચ્ચે પરિવારથી વિખૂટા પડેલા કાન્તને ત્યાં એમની માતા, બહેન, પત્ની નર્મદા અને પુત્ર મુનિકુમાર આવી રહેતાં, કાન્તે કરુણાશંકરને સહર્ષ જાણ કરતાં લખેલું : ‘ઘણા વખતના તપેલાને વરસાદની સાથે એ શાન્તિ પણ મળી છે. પરમ દયાળુ પરમેશ્વરની દયા નિસ્સીમ છે.’[૧૫] વળી ક્યારેક શિષ્ય દુઃખી થાય એવી વાત પણ પત્રમાં લખતા. ૨૪ જાન્યુઆરી, ૧૯૦૬નો પત્ર કાન્તને જાણવા માટે મહત્ત્વનો છે. તે આમ છે :

‘‘બન્ધુ કરુણાશંકર,

તમે શું એમ ધારો છો કે ગેરી બાલ્ડીના જીવન માટે લખવાને હૂં શક્ય છતાં યત્ન કરતો નથી ? ઓ બન્ધુ ! માનશો કે હૂં હૃદયમાં અને બુદ્ધિમાં ખરેખર બીમાર છૂં. એક સાધારણ પત્ર લખવાનો પણ મને શ્રમનો અનુભવ થાય છે. વખત જતાં સારૂં થવાની આશા દિનપ્રતિદિન વધતી જાય છે, અને દિનપ્રતિદિન સારૂં પણ થતૂં જાય છે, એમ હૂં થોડે થોડે અંતરે જોઉં છૂં છતાં હજૂ મહિનાઓ વીતશે. બધા વ્યવસાયોમાંથી મુક્ત થઈ કોઈ શાન્ત જગ્યામાં ઉદાહરણ, તમારી પાસે રહૂં તો વહેલૂં સારૂં થાય, પણ કુટુમ્બને એકલૂં રાખવાની બરાબર સગવડ નથી અને બીજાં કેટલાંક કારણથી અહીં રહીને ચલાવવૂં પડે છે.

પૃથ્વી પર નહીં પણ સ્વર્ગમાં ખજાના સંચિત કરવાની આજ્ઞા છતાં મેં પ્રાણનો પૃથ્વી પર સંચય કરી સંતોષ માનેલો એમ હાલ જોઉં છૂં. છતાં બેશક સ્વામીની દયા નિસ્સીમ છે અને વર્તમાન વિશોધનનૂં પરિણામ સારૂં જ આવશે.

ભવિષ્યના વિચાર હાલ તો દૂર જ રાખવા યોગ્ય ગણૂં છૂં.

તમને હૂં દૂઃખી કરૂં છૂ ? અફસોસ ! આ હૃદય જ્યાં ઉઘડે છે, ત્યાં અન્દરની સ્થિતિ જ પ્રકટ થાય છે.’’[૧૬]

‘અફસોસ’ વ્યક્ત કર્યા પછી પણ અવારનવાર કાન્તે કરુણાશંકરને પોતાની વ્યથા-કથા કહી હતી. ૨૬ નવેમ્બર, ૧૯૦૬માં ઢસાથી લખેલ પત્રમાં વળી એ જ

વાત દોહરાવે છે.

'કુંડલેથી લખેલો મારો દુઃખદાયક પત્ર મળ્યો હશે. મળ્યો છે કે નહીં, તે તમારા તા. ૧૮મીના પત્રથી સ્પષ્ટ થતું નથી, પણ ધારૂં છૂં કે મળ્યો હશે. તમારા કોમળ હૃદયને તેથી કેટલો બધો આઘાત થશે, એ કલ્પના છતાં તમારી પાસે બધૂં નિવેદન કરવાની મને ફરજ લાગી અને મેં લખ્યૂં.'[૧૭]

એ જ પત્રના અંતમાં કાન્તની આંતરવાણી આમ સંભળાય છે :

'કોઈ વાર લાગે છે કે પ્રકાશનો ઉપયોગ ન થવાથી પ્રભુએ તે લઈ લીધો છે, કોઈ વાર લાગે છે કે હવે બૂઝાયેલો અગ્નિ ફરી પ્રજ્વલિત થશે જ નહીં, પણ વળી સ્મરણ આવે છે કે વિયોગનૂં દુઃખ થાય છે એ સંયોગનૂં સૂચન ચિન્હ છે અને વિશુદ્ધ થયા પછી ફરી જીવન પ્રકટવા લાગશે. તમે પ્રાર્થના કરશો કે પિતા મારા પર દયા કરે.'[૧૮]

કાન્તે કરુણાશંકરને લખેલા પત્રોમાં સ્વામી, પિતા, પરમેશ્વરના ઉલ્લેખોમાં એમણે ધર્માન્તર પછી ઈસુ પર જે શ્રદ્ધા – આસ્થા રાખી હતી તેનો પડઘો સંભળાય છે. કાન્ત 'પરમ સત્ય' પામ્યા પછી ન્યૂ ચર્ચની વિભાવનાનો હિન્દમાં પ્રચાર-પ્રસાર કરવાની ઇચ્છા સેવતા હતા તેમાં જે સાથીઓનો સહયોગ મળતો હતો તે પૈકીના એક કરુણાશંકર હતા. નવીન દેવાલય – ન્યૂ ચર્ચ વિશે પણ એમના મનમાં અનેક વિચારો રમતા હતા. એ કરુણાશંકરને 'મારૂં પહેલૂં કામ આપણી ઉપાસના પદ્ધતિ તૈયાર કરવાનૂં છે.'[૧૯] એવું જણાવીને આગળ લખે છે : 'હજી સુધી બીજા નિયોગોમાંથી પૂરતો અવકાશ મળ્યો નથી. પણ ઘણા દિવસથી પ્રભુની પ્રાર્થનામાં અમુક ફેરફારો આવશ્યક લાગ્યા કરે છે.' કાન્તે આ પત્રમાં એ સુધારેલી પ્રાર્થના પણ ઉતારી હતી. વળી ૪ જૂન, ૧૯૧૩માં કાન્તે કરુણાશંકરને લખેલું : 'પ્રભુની સેવામાં પણ આપણી વિચારશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ. હિન્દૂસમાજની બહાર ટકી શકવાને વધારે સંખ્યા આવશ્યક છે, પણ આટલા દિવસના મન્થન પછી મને એમ જ લાગે છે કે હજી આપણે મંડળ સ્થાપવાને યોગ્ય સ્થિતિમાં આવ્યા નથી.'[૨૧]

આવું લખ્યા પછી કાન્તના આત્માને શાંતિ થતી નથી. અને ૧૮ જૂને વળી કરુણાશંકર સમક્ષ મન ખુલ્લું કરે છે. શું હતી એમના મનની વાત :

'એમ લાગ્યા કરે છે કે જાણે નીમેડપસની માફક આપણે રાત્રિએ જીસસને મળીએ છીએ. જેને આપણી બુદ્ધિ પ્રભુ તરીકે સ્વીકાર્યા વગર રહી શકતી નથી, જેણે પોતે કૃપા કરીને આપણને પોતાનૂં સ્વરૂપ ઓળખાવ્યૂં છે, તેને ઝાહેર રીતે કબૂલ કરવાની આપણી છાતી ચાલતી નથી. એમ કરવું મરણના જેવૂં દુઃખદાયક લાગે છે.'[૨૨]

૧૯૦૮માં કાન્ત જબલપુર ગયા ત્યારે કરુણાશંકરને લખેલા પત્રોમાં એમની પ્રકૃતિચાહના વર્તાય છે. વળી જબલપુરમાં જોયેલા ચર્ચનો ઉલ્લેખ પણ કરે છે. મંડલની સ્થાપના થઈ ત્યારે કરુણાશંકર કાન્તની સાથે જ હતા. જોકે તે પૂર્વે શિવાભાઈને લખેલા પત્રમાં કરુણાશંકરે 'નવીન મંડલની સ્થાપનામાં પ્રથમ જે ધર્માનુભવ થવો જોઈએ તે મારામાં તો નથી જ.'[૨૩] એવી નિખાલસ કબૂલાત કરી છે. એમણે નોંધ્યું છે કે, 'મારું નમ્ર માનવું છે કે બેપ્ટિઝમ લીધા પછી કર્તવ્યનો પ્રદેશ વિશાળ થાય છે. પણ ત્યાર પહેલાં હૃદયની સ્થિતિમાં અમુક ઉત્તમતા આવવી જોઈએ. અવતાર હૃદયે ન થયો હોય તેને બૅપ્ટિઝમની બાહ્ય ક્રિયા નિરર્થક છે. ઉપનયન સંસ્કારની માફક એ ક્રિયા સામાન્ય બનવી ન જોઈએ. એ ક્રિયા થયા પછી કંઈ દ્વિજત્વ આવે નહીં. દ્વિજત્વ પ્રાપ્ત થયા પછી – પોતાના આત્માની અને પરિચયમાં આવતાં સર્વની દઢ આંતરપ્રતીતિ પછી એ સંસ્કાર થાય તે ઈષ્ટ છે.'[૨૪]

અહીં કરુણાશંકરે ધર્મ સંબંધે જે ચિંતન-મનન કર્યું છે તે વ્યક્ત થયું છે. ન્યૂ ચર્ચમાં કાન્તના કારણે કરુણાશંકરને રસ જાગેલો પરંતુ તેઓ કાન્ત જેટલા પ્રભાવિત થયેલા નહીં. અલબત્ત, સ્વીડનબૉર્ગના વિચારો, એમનું તત્ત્વજ્ઞાન પામવાનો કરુણાશંકર છેક ૧૮૯૯માં પ્રયત્ન કર્યો હશે તે નોંધપોથીમાંના 'સ્વીડનબૉર્ગ કહે છે કે સૂર્ય શુદ્ધ અગ્નિ છે, અગ્નિ એ સ્નેહનું સમરૂપ છે.' (પૃ. ૮) વળી 'સૂર્ય એ શુદ્ધિ અગ્નિ છે, તેમ સ્વામી એ શુદ્ધ સ્નેહ છે' (પૃ. ૮) તે વાક્યોથી સમજાય છે, પરંતુ પૂર્ણ રીતે કરુણાશંકર સ્વીડનબૉર્ગની વિભાવનાને આત્મસાત્ કરી શક્યા નથી. એટલે નોંધપોથીમાં એમણે કાન્તને સંબોધન કરતા હોય એ શૈલીમાં નોંધ્યું છે :

''ઓ પ્રિય શિક્ષક ! આપ કોને જુઓ છો ? શા

ઉપરથી અમને નવીન મંડળમાં ગણો છો ? અમારાં આંતરો આપને સ્પષ્ટ છે ? આપની આગળ વર્ષોથી જે પ્રશ્ન પડ્યો છે તે જ પ્રશ્ન અમારી આગળ નથી પડ્યો, અમારાં આંતરો હજી બંધ છે. જેનાં ઊઘડ્યાં છે તે એ મહાપ્રશ્નો ઉત્તર પોતાનાં આચરણ (દ્વારા) આપે છે. ખરું પૂછો તો આપણી ભાષા પણ એક નથી. આપણે ભિન્ન છીએ, ભૂલમાં મગ્ન છીએ અને ભૂલને ભજવા ચાહતા નથી. અમારે દ્વારે બેસી પોકરો છો કે 'ઓ વ્હાલાં ! દ્વાર ઉઘાડો' હજી એ સ્વર અમે સાંભળ્યો નથી. કિં બહુના ? આપ એકલો છો. આપના સાથી જો આપ અમને ગણતા હો તો અમે સાચા સાથી નથી. આ નમ્રતાથી બોલાતું નથી. જે છે તે જ સ્થિતિનું આબેહૂબ ચિત્ર છે. કૃપા કરીને અમારી રાહ જોશો નહીં.''[૨૫]

આ હતી કરુણાશંકરની સાત્ત્વિક નિખાલસતા. છતાં એમનો ગુરુ પ્રત્યેનો ભાવ ક્યારેય ઘટ્યો નહોતો. કરુણાશંકરની આ નોંધપોથી એક રીતે એમની આત્મકથા જેવી છે. અલબત્ત, એમાં વિદ્યાની વાત યુદ્ધ છે. વળી કરુણાશંકરનું મનોમંથન રજૂ થયું. શિક્ષકનો ધર્મ શો હોય તેનું એક રૂપ આ નોંધપોથીમાં સચવાયું છે. ક્યાંક ગમા-અણગમા છતાં થયા છે. અહીં પેટલાદ અને ગંભીરાનાં વર્ષોનું દસ્તાવેજી ચિત્ર પ્રાપ્ત થાય છે. એમના સમયનો સમાજ આ નોંધપોથીમાં પ્રકટ થયો છે તો તત્કાલીન શિક્ષણનો આલેખ વ્યક્ત થયો છે. શિક્ષણની એમની વિભાવના પાછળ કાન્તની શિક્ષણવિભાવના પાયામાં છે. કાન્તની પ્રતિભાનાં અનેક પાસાંમાં એમની શિક્ષણકારની પ્રતિભા કરુણાશંકરના જીવનમાંથી પમાય છે. પરન્તુ કાન્તનું વ્યક્તિત્વ અનોખું હતું. કરુણાશંકર પોતાના આ શિક્ષક વિશે ૧૯૧૩ના મે માસની નોંધપોથીમાં હૃદયથી લખ્યું છે :

''વર્ષોથી જે મનુષ્યને હું 'શિક્ષક' કહેતો આવ્યો છું, તેમને હું હજી પિછાની શક્યો નથી. એમનાં અશ્રુ મેં તેર વર્ષ ઉપર જોયાં હતાં ત્યારે પણ એ અશ્રુને મેં પિછાન્યાં ન હતાં અને અત્યારે પણ પિછાનવાને અશક્ત છું, એટલું જ નહીં પણ એ પિછાનની ઇચ્છા સુધ્ધાં થતી નથી. જાણે બિલકુલ સંબંધ ન હોય તેવું છે. મને અન્ન ભાવે છે, નિદ્રા આવે છે, આનન્દમાં રહું છું. બધા વૈભવો ભોગવું છું અને મારા શિક્ષકને...

*'અન્ન ન ભાવે ને નિદ્રા ન આવે,*
*કહેવાય નહીં દુઃખ કોઈને રે,*
*નાથ સંભારે ને નિશ્વાસ મૂકે,*
*રાત-દિવસ કાઢે રોઈને રે'*

એ સ્થિતિ છે.''[૨૬]

કરુણાશંકર કાન્તના અંતરને બરાબર પામ્યા છે. એમણે જીવનનાં થોડાં વર્ષો અંબાલાલ સારાભાઈનાં સંતાનોને શિક્ષણ આપ્યું હતું. એ પાસું જુદું. કાન્ત સાથેનો અનુબંધ વિશિષ્ટ હતો.

**પાદટીપ**

૧. 'સંસ્કારલક્ષી શિક્ષણ', ગ્રંથ : પત્રો, પૃ. ૧ કરુણાશંકર ભટ્ટ
૨. 'સંસ્કારલક્ષી શિક્ષણ', ગ્રંથ : નોંધપોથીઓ, પૃ. ૧૦૦
૩. એ જ, પૃ. ૧૦૦
૪. એ જ, પૃ. ૨૯
૫. એ જ, પૃ. ૧૦૭
૬. એ જ, પૃ. ૧૨૨
૭. એ જ, પૃ. ૧૨૩
૮. એ જ, પૃ. ૨૧૦
૯. એ જ, પૃ. ૨૧૨
૧૦. 'કાન્તના પત્રો', પૃ. ૨૧૮, સં. દર્શના ધોળકિયા
૧૧. એ જ, પૃ. ૨૧૯
૧૨. એ જ, પૃ. ૨૬૨
૧૩. એ જ, પૃ. ૨૭૬
૧૪. એ જ, પૃ. ૨૭૭
૧૫. એ જ, પૃ. ૨૭૯
૧૬. એ જ, પૃ. ૩૨૦, ૩૨૧
૧૭. એ જ, પૃ. ૩૩૧
૧૮. એ જ, પૃ. ૩૩૨
૧૯. એ જ, પૃ. ૩૬૯
૨૦. એ જ, પૃ. ૩૬૯
૨૧. એ જ, પૃ. ૩૭૨
૨૨. એ જ, પૃ. ૩૭૩
૨૩. 'સંસ્કારલક્ષી શિક્ષણ', ગ્રંથ : ૨, નોંધપોથીઓ, પૃ. ૩૪૧
૨૪. એ જ, પૃ. ૩૪૨
૨૫. એ જ, પૃ. ૩૪૨
૨૬. એ જ, પૃ. ૩૪૦

# હાથ અને હૈયાનો એકાત્મભાવ

પ્રવીણ કુકડિયા

### હાથ મેળવીએ

*લાવો તમારો હાથ, મેળવીએ*
*(કહું છું હાથ લંબાવી) !*
*કહો શું મેળવી લેવું હશે મારે ? તમારા હાથમાં તો કેટલુંયે –*
*ધન હશે, સત્તા હશે, કીર્તિ હશે...*
*શું શું નથી હોતું તમારા હાથમાં ?*
*મારે કશાનું કામ ના,*
*ખાલી તમારો હાથ...*
*ખાલી તમારો હાથ ?*
*ના, ના, આપણા આ બેય ખાલી હાથમાંયે કેટલું છે !*
*આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો,*
*અરે, એના વડે આવો, પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ,*
*અને બિનઆવડત સારું નઠારું કેટલુંયે કામ કરતા*
*આપણા આ હાથ કેળવીએ !*
*અજાણ્યા છો ? ભલે !*
*તોયે જુઓ, આ હાથ લંબાવી કહું,*
*લાવો તમારો હાથ, મેળવીએ !*

નિરંજન ભગતના પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલય' (૧૯૪૭) પછી 'પ્રવાલદ્વીપ' (૧૯૪૬-૧૯૫૬), 'કિન્નરી' (૧૯૫૦), 'અલ્પવિરામ' (૧૯૫૪) અને '૩૩ કાવ્યો' ૧૯૫૮માં બહાર પડે છે. 'હાથ મેળવીએ' કાવ્ય તેમના આ સંખ્યાદર્શક શીર્ષકવાળા સંગ્રહમાં પહેલું છે. આ સંગ્રહના પૂરોગામી બધાં જ સંગ્રહોમાં નિર્ભ્રાન્ત નગર ચેતનાનું આલેખન છે. એમાં માણસની સંવેદનહીન યાંત્રિકતા તિર્યકતાથી આલેખાયેલી છે. પણ આ કવિએ પોતાના જીવનના અને કારકિર્દીના મધ્યાહ્નને માણસ માણસ વચ્ચેના હાર્દિક સંબંધોને લક્ષ્ય કરીને શા માટે કાવ્યો લખ્યાં હશે તે શોધનો વિષય છે. આ તેત્રીસ કાવ્યોમાં તા. ૩-૧૨-૧૯૫૬ના રોજ લખાયેલું 'હાથ મેળવીએ' કાવ્ય અજાણ્યા માણસના સૌહાર્દને ઢંઢોળવા તેની સાથે સામે ચાલીને કવિ નિર્હેતુક સંવાદ કરવા માંગે છે. આ કાવ્ય સંગ્રહનાં બાકીનાં બત્રીસ કાવ્યોના મુખબંધ શું સોહે છે; કારણ એ કાવ્યોમાં પણ આવા જ સૌહાર્દની વાત કરવામાં આવી છે. આ ઉપરાંત આ જ સંગ્રહમાં નિરંજન ભગતના અતિ ખ્યાત થયેલાં 'પથ્થર થર થર ધ્રૂજે', અને 'ફરવા આવ્યો છું' કાવ્યો છે.

વીસમી સદીમાં ઉપભોગવાદી માનસ ધરાવતા, મનુષ્ય-મનુષ્ય વચ્ચે અરે મનુષ્ય અને અન્ય જીવ વચ્ચેની સંવાદિતા ખોરવાઈ ગઈ છે. એ કવિને પહેલાં તો સમ પર લાવવી છે. જેમ-જેમ માણસ સભ્યતાના કહેવાતા અંચળા નીચે છુપાઈને પરસ્પર અવિશ્વાસ વધારતો જાય

છે – આ સ્થિતિ કવિને અકળાવે છે, કવિ સામે ચાલીને અજાણ્યા મામસ સાથે સંવાદ માંડે છે. આ સંવાદ, વિશ્વાસ સંપાદિત કરીને – નિઃસ્વાર્થ ભાવના રોપણ માટેનો છે તેનો ખ્યાલ તો કાવ્યારંભે જ આવી જાય છે. જુઓ.

*લાવો તમારો હાથ, મેળવીએ*
*(કહું છું હાથ લંબાવીને) !*

આ સંવાદપંક્તિ વાંચતાં જ આપણી સામે એક દશ્ય ખડું થાય છે. સામે ઊભેલા અજનબી વ્યક્તિનો હાથ પકડી બીજો હાથ તેની ઉપર મૂકતાં કવિનો સામેની વ્યક્તિનો વિશ્વાસ સંપાદિત કરવાનો અરધો આશય આ ત્રણ હથેળીના સંપુટથી જ સિદ્ધ થઈ જાય છે. તો બીજી રીતે વ્યક્તિના હાથની નીચે એક અને ઉપર એક હાથ, કવિ તરફથી અજનબી વ્યક્તિને એક સાથે અભય વરદાનરૂપ અને સુરક્ષિતતાનો દ્યોતક બની રહે છે. સંવાદની આ રીતિ એક તરફી છે, આ રીતિમાં પ્રશ્નકર્તા અને જવાબદાતા બંને એક જ હોય છે. સામાન્ય રીતે આપણે રોજિંદી બોલચાલમાં પણ ક્યારેક આ પ્રકારની રીતે વાત કરતા હોઈએ છીએ. 'લાવો તમારો હાથ' પછી મૂકેલું અલ્પવિરામ વિધાનને બે ભાગમાં વહેંચી નાખે છે. પૂર્વાર્ધમાં માંગણી છે અને ઉત્તરાર્ધમાં માંગણીનું પ્રયોજન. કૌંસમાં આપેલી પછીની પંક્તિમાં સંવાદને દોહરાવીને દશ્યને ગતિશીલ બનાવ્યું છે. અજનબીને હજુ પણ સમાધાન થયું હોય એવું ન લાગતાં કવિ કહે છે. બોલો મારે તમારી પાસેથી શું લેવું હશે ? પછી પોતે જ યાદી આપવા લાગે છે, યાદી આપીને પાછો પ્રતિપ્રશ્ન !

*'શું શું નથી હોતું તમારા હાથમાં ?*
*મારે કશાનું કામ ના'*

અહીં 'હાથમાં' અને 'કામના'નો પ્રાસ તો આકર્ષક છે જ સાથે સામેની વ્યક્તિને નિઃશંક બનાવવા માટે પછીની પંક્તિ કાફી છે.

પછી તો ખાલી હાથમાં શું શું નથી હોતું એવી પ્રશ્નપંક્તિ મૂકીને આગળ આપેલી યાદી સાથે તુલનાવીને ભર્યા હાથ સામે ખાલી હાથની મહત્તાનું બહુમાન કર્યું છે. પછી કવિ ફરીથી – પ્રશ્નોત્તર પદ્ધતિનો આશ્રય લે છે પણ પ્રશ્નનો કાકુ બદલાયો છે જુઓ.

'ના, ના, આપણા આ બેય ખાલી હાથમાંયે કેટલું છે !' પહેલા 'ના'નું પુનરાવર્તન હાથની સભરતાને દૃઢ કરે છે તો પંક્તિના ઉત્તરાર્ધમાં 'કેટલું' નામયોગી જથ્થાની બહુલતાને નિર્દેશે છે. સંવાદની આ રીત ભાવને રજૂ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પછીની પંક્તિ જુઓ.

*'આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો'*

અહીં 'ઉષ્મા' અને 'થડકો' ખાલી હાથને જીવંત બનાવે છે – ઉષ્મામાં હૂંફનો સંકેત પામી શકાય. થડકોમાં જીવંતતા. પણ આ જીવંતતામાં કવિને હાથની સંવેદનશીલતા બતાવવાનું અભિપ્રેત છે. કારણ આ જ સંગ્રહમાં ત્રીજા ક્રમના કાવ્ય 'પથ્થર થર થર ધ્રૂજે'માં અબળાને પથ્થર મારવા ઊંચકાયેલ હાથને કવિએ 'હાથ હરખથી જુઠ્ઠા ને જડ...' કહી હાથની જડતાને આબાદ ઝીલી છે. આવા જડ હાથને હૃદયના ભાવનો સ્પર્શ થવાથી તેની જડતા ખરી પડે છે. ક્રૂર રીતે માણસોને હણી નાંખનાર વાલિયા લૂંટારાના હાથને ઋષિના હૃદયસ્પર્શી શબ્દોએ કેવી રીતે સંવેદનશીલ બનાવ્યા કે એ ક્રૂર હાથોએ મહાકાવ્યનું સર્જન કર્યું.

આ કાવ્યની સરળતા જ એની વિશેષતા છે પણ પછી આવતી ત્રણ પંક્તિઓ સંદિગ્ધતા ઊભી કરે છે, તેનું વિવરણ પણ જરૂરી છે.

*'આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો;*
*અરે, એના વડે આવો, પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ.'*

અહીં કવિની વાત બરાબર બંધ બેસતી નથી. ઉષ્મા અને થડકા વડે એકબીજાના હૃદયનો ભાવ શેમાં ભેળવવો છે એ નક્કી થઈ શકતું નથી. ખરેખર તો કવિને હાથમાં રહેલાં ઉષ્મા અને થડકાનાં હૃદયનો ભાવ ભેળવવાની વાત કહેવી છે એ અહીં સ્પષ્ટ થતું નથી. આવું આગળની પંક્તિમાં પણ થાય છે. જુઓ.

'અને બિનઆવડત સારું નઠારું કેટલુંયે કામ કરતા આપણા આ હાથ કેળવીએ !'

પ્રથમ તો 'બિનઆવડત' એ કોઈ પણ પ્રકારનું કામ કરતાં હાથને કેળવવાની શી જરૂર ? હા; હાથની

કેળવણીથી બિન-આવડત દૂર જરૂર થાય. છતાં આગળની પંક્તિમાં આ શબ્દ તો સાવ આગંતુક લાગે છે.

માણસનું મન દરેક કામ બે પ્રકારની પ્રેરણાથી કરતું હોય છે, એક હાર્દિક અને બીજી બૌધિક. દરેક કામમાં આ બંનેની – સમતુલા જળવાય તો જીવનનો લય જળવાય. આવો લય જાળવવા કવિ પે'લા અજનબીને મદદરૂપ બનવા માંગે છે. આવા કામમાં કવિને સામેના માણસનો અપરિચય બાધક બનતો નથી. જુઓ.

*'અજાણ્યા છો ? ભલે !'*

કારણ અજાણ્યાને પરિચયના તાતણે બાંધવામાં હાથની આરંભિક ભૂમિકાનું મૂલ્ય કવિ બરાબર સમજે છે. કવિને હાથમાં હથિયાર રાખી સલામતી શોધતા માણસને કેળવી મન-મસ્તિષ્કમાં થયેલા ભંગાણને સાંધવામાં હાથની મેળવણી જ અંતિમ ઉપાય લાગે છે. હાથ અને હૈયાના એકાત્મભાવના અભાવે જ જગત આજે અશાંતિમય ભાસે છે. તેનો ઉપાય આ કાવ્ય બરાબર બતાવે છે. ગાગા લગા, ગાગા લગાની સપ્તકલ માત્રા સંતુલિત જીવનના ધબકારને સરસ રીતે અભિવ્યક્ત કરે છે, એ આ કાવ્યનો વધારાનો વિશેષ ગણી શકાય.

**શ્રી પો. મૂ. સર્વોદય હાઈસ્કૂલ - ઉમરાળા**
**જિ. ભાવનગર-૩૬૪૩૩૦**
**મો. ૯૪૨૮૪૯૨૫૯૪**

આપણે ત્યાં જે માલસામગ્રી ભેગી થઈ રહી છે તે પુષ્કળ છે એમાં કોઈ શંકા નથી. માનસિક ઇમારત બાંધવાને ઉપયોગી આટલાં બધાં ઈંટરોડાં પહેલાં કદી આપણને મળ્યાં નહોતાં. પણ સામગ્રી એકઠી કરતાં આવડ્યું એટલે મકાન બાંધતાં આવડ્યું એમ માની લેવું એ જ મોટી ભૂલ છે. સામગ્રી એકઠી કરવાનું ને બાંધવાનું જ્યારે એકી સાથે ધીમે ધીમે આગળ વધતું રહે, ત્યારે કામ પાકું થાય.

એનો અર્થ એ થયો કે, સંઘરવા જેવી વસ્તુ જ્યારે હાથમાં આવે ત્યારે તેનો ઉપયોગ જાણવો, તેનો સાચો પરિચય પામવો, જીવનની સાથે સાથે જીવનનું આશ્રયસ્થાન બાંધવું એ જ સાચું શિક્ષણ છે. માણસ એક તરફ વધતો જાય છે અને તેની વિદ્યા બીજી તરફ જમા થતી રહે છે, ખોરાક એક તરફ ભંડારને ભારે મારે છે, અને હોજરી બીજી તરફ પોતાના પાચક રસથી પોતાને જ ખાઈ જતી હોય છે – આપણા દેશમાં આ એક અભૂતપૂર્વ ઘટના ચાલી રહી છે.
[રવીન્દ્ર નિબંધમાલા-૧ પૃ. ૨૪૧-૨૪૨]

# ગઝલનો મિજાજ

**ભરત કાનાબાર**

ગુજરાતી ગઝલમાં 'મિજાજ' તરીકે ઓળખાતો શબ્દ મૂળ-અરબી ભાષાના શબ્દ 'મિઝાજ'માંથી અવતરણ પામ્યો છે. જોકે અરબી-ફારસી કાવ્યશાસ્ત્રમાં ક્યાંય એક પરિભાષારૂપે 'મિજાજ' શબ્દનો ઉલ્લેખ જોવા મળતો નથી. આધુનિક ઉર્દૂ ગઝલથી 'મિજાજ' શબ્દનો પ્રયોગ શરૂ થાય છે અને તેના પ્રભાવરૂપે એ પછી ગુજરાતી ગઝલમાં પ્રચલિત બને છે. 'મિજાજ'ના કોશગત અર્થ જોઈએ તો - તબિયત, ખમીર, ગુણ, ખાસિયત, અસર, આદત, મસલત, સ્વભાવ, હકીકત, અસલિયત, ગુરુર વગેરે કહી શકાય. અંગ્રેજીમાં તેને માટે Temperament શબ્દનો પ્રયોગ થાય છે.

'મિજાજ' ગઝલનું આંતર-બાહ્ય લક્ષણ ન હોવા છતાં 'મિજાજ' ગઝલનો જન્મજાત અવિભાજ્ય ગુણ વિશેષ છે, કહો કે એની પ્રકૃતિ છે. ''Temperament is an inborn-inlrt quality of Ghazal''.

'મિજાજ' એ ગઝલ સ્વરૂપના આંતર-બાહ્ય તત્ત્વોનાં રાસાયણિક સંયોજનમાંથી સ્વયંભૂ નીપજે છે. આ ગુણ વિશેષ જ ગઝલને અન્ય કાવ્યપ્રકારોથી અલગ ઓળખ આપે છે. 'મિજાજ' એટલે કોઈ એક પદાર્થ કે વસ્તુના બીજા પદાર્થ સાથે કરવામાં આવતા સંયોજનથી ઉત્પન્ન થતો ત્રીજો ગુણવિશેષ. જેમ કે પાન, કાથો, ચૂનો એ ત્રણેય જુદાજુદા ગુણ છે, પરંતુ ત્રણેયને એક સાથે મેળવી જ્યારે કોઈ વ્યક્તિને આપવામાં આવે તો તે પાન ખાવાથી ત્રીજો જ ગુણ પ્રાપ્ત થાય છે, તેનો જુદો અને નવો જ 'ટેસ્ટ' લાગે છે, ગઝલના 'મિજાજ'નું પણ આવું જ છે. હુસ્નેખયાલ, (વિચાર સૌંદર્ય) અંદાજેબયાં (અભિવ્યક્તિ રીતિ) મૌસીકીયત (સંગીતમયતા) તૈવર, નાટકીયતા, શબ્દોની પસંદગી, પ્રવાહિતા, સોંસરાપણું અને અર્થની વ્યાપકતા એ બધાના સુમેળ દ્વારા કોઈ શે'રને આકર્ષક રીતે રજૂ કરવામાં આવે તો મિજાજ અનુભવી શકાય છે.

મિજાજ એકપક્ષીય નહીં, ઉભયપક્ષીય વ્યાપાર છે, એટલે જ ઘાયલ કહે છે : 'મિજાજ માત્ર સર્જક સાપેક્ષ નથી, બલ્કે ભારોભાર ભાવક સાપેક્ષ પણ છે.''[૧] જોકે ચંદ્રકાન્ત ટોપીવાળાનું મંતવ્ય આનાથી ભિન્ન છે. તેઓ ગઝલના મિજાજને જ ગઝલકારનો મિજાજ માને છે, પરંતુ આ વાત અર્ધસત્ય જેવી છે. રશીદ મીર નોંધે છે : ''ગઝલના મિજાજનો અહેસાસ તેના મૂળ રંગ તગઝઝુલમાં નિહિત છે''[૨] અહીં રશીદ મીરની સમજ માત્ર તગઝ્ઝુલ વાળા શે'રમાં જ મિજાજ હોય એવી છે, પરંતુ મિજાજ એ ગઝલનો રંગ નથી, પરંતુ રંગથી ભિન્ન વસ્તુ છે, આ રંગ સિવાયની ગઝલોમાં પણ મિજાજ જોવા મળે છે. મરીઝનો એક શે'ર જુઓ :

*'જિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ'*
*એક તો ઓછી મદીરા છે ને ગળતું જામ છે.'*

અહીં, શૃંગાર, પ્રેમરંગ નહીં હોવા છતાં તેનો આગવો મિજાજ અનુભવાય છે. એ જ રીતે ઘાયલનો આ શે'ર પણ ઉદાહરણરૂપ છે.

*'પાપકર્મી હું પુણ્ય શું જાણું*
*પુણ્યશાળી તું પાપ શું જાણે'*

ગઝલમાં મિજાજની વાત આવી ત્યારે ચિનુ મોદી 'ઈર્શાદ'ની યાદ જરૂર આવે

*'ઠાઠ ભપકા એ જ છે 'ઇર્શાદ'ના*
*ઘર બળે તો તાપી જોવું જોઈએ'*

અહીં પણ પ્રેમ રંગ નથી છતાં મિજાજ કેવો ખીલ્યો છે !

'ઇર્શાદ'ની ગઝલમાં ખુમારી છે, અને તેને પ્રગટ કરવાની આગવી શૈલી છે. આવો જ મિજાજ શબ્દના સૌંદર્યથી 'ઘાયલ'ના શે'રમાં પણ પ્રગટ થાય છે, જુઓ :

*'શબ્દની આરપાર જીવ્યો છું,*
*હું બહુ ધારદાર જીવ્યો છું.'*

રમેશ પારેખ પણ વિચારસૌંદર્ય, વર્ણનછટા, સંગીતતત્ત્વ અને આધ્યાત્મિકતાનો ઉલ્લેખ કરી કહે છે : "ગઝલમાં 'મિજાજ'ના આગ્રહી સજ્જનો અને કવિઓએ પણ આજ સુધી આ મુદ્દા પર કોઈ પ્રકાશ પાડ્યો નથી."[૩]

ગઝલના મિજાજને આપણે આંગળી ચીંધીને બતાવી શકીએ એવો નક્કર નથી, વાયવી છે. પુષ્પ અને સુગંધ જેવો ગઝલ અને મિજાજનો અવિનાભાવી, આગોચર, સૂક્ષ્મ સંબંધ છે. પુષઅપના 'Desection' પૃથક્કરણથી એની સુગંધ પામી શકાય નહીં, એ અનુભવનો વિષય છે. એ જ રીતે ગઝલનો મિજાજ પણ પૃથક્કરણથી પર, અવ્યાખ્યેય અગોચર છે. એ પણ સ્પષ્ટ થવું જોઈએ કે ગઝલનો મિજાજ અને ગઝલકારનો મિજાજ એ બંને ભિન્ન બાબતો છે. અને તેનો 'અંદાજેબયાં'માં સમાવેશ થાય છે, જુઓ જલનમાતરીનો આ શે'ર :

*'ભાગે છે એ રીતે મને નીરખીને ઝાંઝવાં*
*જાણે કે એને પકડીને હું પી જનાર છું'*

આવું જ વિચારસૌંદર્ય, અભિવ્યક્તિની રીતિનું પ્રગટીકરણ આદિલ મન્સૂરીના 'અંદાજેબયાં'માં ઉદ્‌ઘાટિત થાય છે.

*'પૂછી રહ્યો પડછાયો મને જે મળ્યો સામે*
*શું નામ તમારું અને રહેવું કયા ગામે ?'*

રતિલાલ અનિલ મિજાજને 'એક વ્યક્તિત્વ' ગણે છે. તેમણે જે બાબતોનો ઉલ્લેખ કર્યો છે તેનો 'અંદાજેબયાં'માં સમાવેશ થાય છે. ચિનુ મોદી 'ઇર્શાદ' જ્યારે 'વિચાર નહીં, પરંતુ વિચારને રજૂ કરવાની જે રીત છે તે રીતમાં ગઝલનો મિજાજ સમાયેલો છે."[૪] એમ કહે છે ત્યારે વિચારને રજૂ કરવાની રીત એટલે એ શબ્દો 'અંદાજેબયાં'ના દ્યોતક છે. જયેન્દ્ર શેખડીવાળા મિજાજને 'ત્રિસ્તરીય પ્રવર્તન' કહે છે, તે વધુ યોગ્ય લાગે છે. ઘાયલની જેમ તેઓ પણ મિજાજને ગઝલની ગઝલ તરીકે ઓળખ રચી આપતો કેન્દ્રસ્થ વાયવી ગુણ કહીને મિજાજને રતિલાલ અનિલની જેમ 'ગઝલનું વ્યક્તિત્વ'[૫] કહે છે.

સામાન્ય રીતે સર્જકના ભાવ અને ચિત્તતંત્રમાં પ્રગટેલા આઘાતનું ચમત્કૃતિજન્ય પ્રત્યાપન એટલે 'મિજાજ' એવું માનવું પણ અર્ધસત્ય છે. વાસ્તવમાં માત્ર આઘાત જ નહીં કોઈ પણ ભાવ કે લાગણી સર્જકના ચિત્તતંત્રમાં જન્મી શકે અને જો એમાં અભિવ્યક્તિ રીતિ, શબ્દપસંદગી, વિચારસૌંદર્ય, સંગીતત્ત્વ, નાટકીયતા, તેવર, બોલચાલના વાક્યાંશો, મસ્તી, ખુમારી, બેપરવાઈ, બગાવત, મર્માળી પ્રતિક્રિયા, મર્માળા ઉદ્‌ગારો વગેરેનો સુયોગ્ય વિનિયોગ કરાયો હોય તો, ભાવકપક્ષે એવા શે'રના પ્રત્યાયનથી મિજાજ અનુભવી શકાય છે. આ માટે સર્જક - ભાવકની સજ્જતાનું અનુસંધાન જોઈએ. જેમાં મિજાજ જોવા મળતો હોય તેવા થોડા શે'ર જુઓ :

*'નૂરથી ભરપૂર આંખોવાળા માનવ ! આમ આવ*
*દૃષ્ટિ છે તો અંધ સાથે જરા દૃષ્ટિ મિલાવ' – અમીન આઝાદ*

*'અશ્રુ પછીનાં સ્મિતનું આ દૃશ્ય તો જુઓ,*
*વર્ષા પછીનો જાણે કે પહેલો ઉઘાડ છે.' – બેફામ*

*'સાવ અધવચ્ચેથી ચીરે છે મને*
*મારો પડછાયો જ પીડે છે મને' – ભરત ભટ્ટ 'તરલ'*

*'મિત્રોની મહેરબાની તમાશો બની ગઈ,*
*મોંઘી પડી છે એમની થોડી દયા મને' – રાજ નવસારવી*

*'કમજોરથી અમે નથી કરતા મુકાબલો,*
*કોણે કહ્યું કે, 'મોતથી પંજો લડાવશું' – શૂન્ય પાલનપુરી*

કેટલાકને એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે મૂળ સ્વરૂપ-લક્ષણોમાં જેનો ઉલ્લેખ ન હોય તે 'મિજાજ' લક્ષણની ચર્ચાની જરૂરિયાત શા માટે ? પરંતુ પ્રત્યેક સાહિત્યસ્વરૂપ પોતાના ઉદ્‌ભવકાળથી જ જેમ જેમ વિકાસની પ્રક્રિયામાંથી પસાર થાય છે તેમ તેમ યુગપરિબળોને અનુરૂપ એમાં પરિવર્તન - પરિવર્ધન થતું રહે છે એ જ સમયનો તકાજો હોય છે. પ્રતિભાશાળી સર્જકો આવાં

તત્ત્વોને વિશેષરૂપે આમેજ કરીને ગઝલને વધારે ધારદાર, દમદાર બનાવે છે, તેથી જ ગઝલનું વિશેષ સૌંદર્ય ખીલી ઊઠે છે.

આમેય 'મિજાજ' તો ગઝલમાં એના જન્મકાળથી જ ઓગળેલું હતું જ, આપણે કેવળ એને પાછળ ઓળખી બતાવ્યું એટલું જ, તેથી જ એવું કહેવામાં અતિશયોક્તિ નહીં લાગે કે 'ગઝલ એટલે મિજાજ અને મિજાજ એટલે ગઝલ.'

**સંદર્ભસૂચિ :**


૧. એજન. પૃ. ૨૦
૨. એજન. પૃ. ૨૩
૩. એજન. પૃ. ૨૪
૪. ઉદ્‌ગાર, જાન્યુઆરી, ૧૯૮૦, પૃ. ૧૧-૧૨
૫. 'વિ', સંપાદક : અદમ ટંકારવી / રાજેન્દ્ર જાડેજા, સપ્ટેમ્બર, ડિસેમ્બર-૯૦ સળંગ અંક : ૨૮૬-૨૮૭, કલ્પોત્તર ગ્રંથ-૪, અંક : ૫-૬, પૃ. ૨૪-૨૫
૬. ગઝલ - શકીલ કાદરી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. પ્ર. આ. ૨૦૦૫
૭. ગઝલ-વિવક્ષા - ડૉ. રશીદ મીર, ધબક પ્રકાશન : વડોદરા, પ્ર. આ. મે -૨૦૦૦
૮. ગઝલ મંથન સંપાદક : બિપીન આશર, પ્રકાશક - વૈદિક મિશન ટ્રસ્ટ - પ્રાંસલા જિ. રાજકોટ, પ્ર. આ. એપ્રિલ, ૨૦૦૬
૯. ગઝલના મહેલમાં – એસ. એસ. રાહી – પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. પ્ર. આ. ૨૦૦૫
૧૦. ગઝલનું પરિશીલન – શ્રી લલિત રાણા 'આતશ ભારતીય', પ્ર. આ. ૨૦૦૫
૧૧. ગૂર્જર ગઝલ સંચય – સંપાદકો : ચંદ્રકાન્ત શેઠ, યોગેશ જોષી – ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૮



**એસોસિએટ પ્રોફેસર**
**૧૧, ગાયત્રીનગર સોસાયટી,**
**ગાયત્રી મંદિર પાછળ,**
**હાઈવે - રાધનપુર જિ. પાટણ**
**મો. ૯૮૨૫૭૦૧૨૧૩**


---

**(અનુસંધાન પૃ. ૪૯નું ચાલુ)**

દીન બની તાબેદાર થાય છે.

ઘોનું દૃષ્ટાંત સુંદર છે; પરંતુ તે મનને કેવી રીતે લાગુ પાડવું ? મનને નથી પૃષ્ટ ભાગ વા નથી પગ કે નથી મોં. રોટલાને જેમ મોં નથી અથવા પાણીને જેમ સર્વત્ર મોં છે તેમજ મન એ મોં વિનાનું અથવા વિશ્વ મુખવાળું છે એને શું કરવું ?

હાં ? પાણી બાર રસ્તાથી વહે છે. તેમજ તે (મન) વિશ્વ મુખવાળું છે અને અમર કોશમાં તેને 'सर्वतो मुखं' (पुष्करं सर्वतो मुखं) એમ પણ કહેલ છે. છતાં તેને એક મુખવાળું બનાવવું શક્ય છે. નળનું પાણી એકજ મુખમાંથી આવી શકે છે; અથવા તો કોઈ મોટા જલાશયમાંથી પણ જો એક નહર કરવામાં આવે તો બધું પાણી તે દિશાએ જાય છે, અથવા તેજ નહેરમાંથી વહે છે.

એજ દષ્ટાંત મનને લાગુ પડવા જેવું છે. તે પાણી જેવું સ્વભાવતઃ 'सर्वतो मुखं' છે ખરૂં. છતાં યુક્તિથી અથવા તો કૃતિથી તેને એક મુખવાળું બનાવવું શક્ય છે. પણ એ પંડિત જનજ જાણે. શ્રીકૃષ્ણ ભગવાન આથી જ્ઞાત હતાં તેથીજ તેઓએ ''तत्रैकाग्रं मनः कृत्वा'' એવો ઉપદેશ કર્યો.

પરંતુ પંડિત જનોએ એ મર્મ ક્યાંથી જાણ્યો ? અર્થાત વિષયમાં લંપટ રહેલ માણસના ચાળા જોઈનેજ. 'कामातुराणां न भयं न लज्जा' એ સૂત્ર જે કવિએ રચ્યું તે પંડિત કવિ તેના ચાળા સમજી ગયા હતા : 'क्षुधातुराणां न रुर्चिनपक्वं'એ રચનાવાલા પણ તેના ચાળાથી જ્ઞાત હતાં. 'चिंता तुराणां न सुखं न निंद्रा' એ કહેવાવાલો પણ મર્મજ્ઞજ.

**(અનુવાદક : સૌભદ્ર-પોરબંદર.)**

**(મે ૧૯૧૮ જોડણી મૂળ પ્રમાણે રાખવામાં આવી છે. – સં.)**

# યશવન્ત મહેતાનાં બાળકાવ્યોમાં શિક્ષણ

રવીન્દ્ર અંધારિયા

શિક્ષણના ખોળામાં જીવનનો ઉછેર એટલે બૌદ્ધિક વિકાસની ગેરન્ટી માત્ર નહિ, પરંતુ મનુષ્યમાંથી માનવ નીપજવાની ખાતરી. 'હું માનવી માનવ થાઉં તો ઘણું' કવિના સ્વરમાં રજૂ થયેલ સંપૂર્ણ મનુષ્યજાતની ઝંખના શિક્ષણની પનાહમાં આવતા ચરિતાર્થ થઈ શકે છે, કારણ કે શિક્ષણ જીવન ઉછેરની પ્રક્રિયા છે. શિક્ષણ વ્યક્તિને વાંચતાં, લખતાં અને ગણતાં શીખવીને માત્ર સાક્ષર જ નથી બનાવતું, અપિતુ તે વ્યક્તિના તન, મન અને અંતરમાં રહેલા ઉત્તમાંશોને બહાર આણી વિકસાવે છે. શિક્ષણના આ મહતી કાર્યને લઈને જ સૃષ્ટિના આદિકાળથી લઈને આજ પર્યન્ત શિક્ષણ અંગે સમાજ ખેવના કરતો રહ્યો છે. તેને પરિણામે શિક્ષણ એક સામાજિક દાયિત્વ અને સહિયારું સાહસ ગણાયું છે. આથી જ સમાજનું પ્રત્યેક એકમ આ ઉપક્રમમાં સકારાત્મક ભૂમિકા ભજવે છે. સાહિત્યકાર પણ સમાજનું એક પ્રબુદ્ધ એકમ છે. તેથી જો તે પોતાના સાહિત્યક્ષેત્રમાં શિક્ષણને ન સ્પર્શે તો જ નવાઈ લાગે. અલબત્ત, તેમની ભાવચેતના અને કલાચેતનાની પરિઘિમાં શિક્ષણનો સમાવેશ સહજ રીતે જ થઈ જતો હોય છે.

શિક્ષણ એ જીવનનો પર્યાય છે તો જીવન એ શિક્ષણનો પર્યાય છે. તેથી જીવન વિશે જે કોઈ ચિંતન કરે છે તે અંતતોગત્વા શિક્ષણ વિશે પણ ચિંતન કરે છે. સાહિત્યકાર પ્રકૃતિત : જીવન-ચિંતક હોય છે. તે કલાના સ્વર્ણિમ રથ પર સવાર થઈને જીવનપથ પર માનવીય મૂલ્યોનાં ઓજસ પાથરતો હોય છે. પછી તે મહાકવિ હોય કે કવિ, નલકથાકાર હોય કે વાર્તાકાર હોય, બાળસાહિત્યકાર હોય કે સાહિત્યકાર, માનવીય મૂલ્યોનું ધરૂવાડિયું શિક્ષણને ગણવામાં આવે છે.

શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. અહીં પ્રસિદ્ધ અને વરિષ્ઠ બાળસાહિત્યકાર સર્વશ્રી યશવંત મહેતાનાં બાળકાવ્યોમાં આલેખાયેલા શિક્ષણ વિશે ચર્ચાનો ઉપક્રમ છે. તેથી શિશુ અવસ્થાથી લઈ બાલ્યાવસ્થા સુધીના જીવનફલક દરમિયાન ચાલતી શિક્ષણપ્રક્રિયા કેન્દ્રસ્થ છે. એ નિમિત્તે કવિની શિક્ષણચેતનાને વિશ્લેષવાનું ઠરાવ્યું છે. તાજેતરમાં (૨૦૧૬માં) પ્રકાશિત કવિનાં ચાર બાળકાવ્ય સંગ્રહો : (૧) આનંદી ગીતો (૨) મોજમજાનાં ગીતો (૩) ચુનમુન ગીતો (૪) ચોકલેટ ગીતો–માં પ્રગટ શિક્ષણ વિષયક કાવ્યચેતના વિશ્લેષવામાં આવી છે. કાવ્યસંગ્રહોનાં શીર્ષકો જ પ્રતીતિ કરાવે છે કે તેમાં સંગૃહીત કાવ્યો શિશુ અને બાળભાવજગતને પેશ કરે છે. શિશુ અને બાળભાવજગત તો દાદીમાના પટારા જેવું હોય છે. પટારો ખૂલે ને તેમાંથી જેમ અજીબોગરીબ ચીજો નીકળી આવે છે તેમ શિશુ અને બાળમાનસમાંથી અજીબો-ગરીબ બાબતો ઊગી નીકળે છે, જેમ કે...

*'મને નિત્ય નવાં સપનાં આવે,*
*મમ્મી ! જરા સાંભળો તો !*
*કદીક હાથ બેઉં બની જાય પાંખો,*
*ઊડી ઊડી જોઉં હું દેશ આખો;*
*તરું આભે જ્યાં તારલા લાખો... મમ્મી.'*

બાળમાનસ એ જબરી ફળદ્રુપ ભૂમિ છે. તેથી તેમાં અપ્રત્યાશિત બાબત ઊગી નીકળી શકે છે. આ સંદર્ભે આ અભિવ્યક્તિ માણો...

*'આખું આભ ફુવારો, મમ્મી,*
*વરસે અગણિત ફોરાં,*
*ધરતી સઘળી નહાતી,*
*શીદ તું રાખે અમને કોરાં ?'*

સામાન્યતયા બાળકાવ્યો બાળલીલા ઉર્ફે મા, દાદા-દાદી પરત્વેનું વહાલવલણ, ભાઈભાંડરડાં સાથેના વ્યવહારો, ચિત્રવિચિત્ર કલ્પનાલોકમાં વિચરણ, પશુ-પક્ષી પરત્વેનો પ્રેમ વિશેષ રજૂ થતો હોય છે. તદ્ઉપરાંત પ્રકૃતિ,

જ્ઞાનવિજ્ઞાન, રાષ્ટ્રપ્રેમ, સામાજિક સમરસતા વગેરે બાળકાવ્યના પદાર્થો (વિષયો) હોય છે. શ્રી યશવંત મહેતા ઉક્ત કાવ્યપદાર્થો સાથે કેવી રીતે કામ પાર પાડે છે તેની ઝલક માત્ર જોઈએ.

પ્રકૃતિવર્ણન : કવિએ વસંત, વગડો, ચંપા-ચમેલી, ચાંદા-સૂરજ, વરસાદ, વૃક્ષ, ખેતર – નદી વગેરેને વિષય બનાવી કાવ્યો સર્જ્યાં છે. એક ઉદાહરણ...

*'વર્ષા આવે રમઝમ રમઝમ,*
*પાણી વરસે ટમટમ ટમટમ,*
*વાદળ ગાજે ધમધમ ધમધમ*
*વીજળી ચમકે ચમચમ ચમચમ'*

અત્રે પરિવેશ સાથે શબ્દોની ધ્વન્યાત્મકતાનો અનુબંધ દૃષ્ટવ્ય છે.

બાળલીલા : કવિએ આ સંદર્ભે મમ્મી અને પપ્પા સાથે જુદાજુદા વિષયોને લઈને વાતચીત, પશુ-પ્રાણી પ્રેમ વર્ણવતાં મગરી, માસી, કાળી કૂતરી, ગરોળી, બિલ્લીમાસી વગેરે ઉપરાંત ભાઈભાંડરડાના પ્રેમને, પારિવારિક બાળલીલાને વિષય બનાવી કાવ્યો સર્જ્યાં છે. આવો એક એક ઉદાહરણ જોઈએ.

*'પૂછે છે મમ્મી, આ ચુનરી શાથી ભીની થઈ ?*
*ગઈ રાતે વાદળની સાથે જ્યારે રમવા ગઈ !*

*સાચું કહે છે, દીકરી મારી ? તું છે દેવતાઈ ?*
*– મમ્મી, મનમાં હો દૈવત તો નથી કશી નવાઈ !'*

**(મા-બેટીનો વાત્સલ્યભર્યો સંવાદ)**

હવે ભાંડરડાનો પ્રેમ જુઓ...

*'દાદા, દેશવટો દઈ દો દાદી-મમ્મીને !*
*રોજ સતાવે છે બંને શાણી સુમીને !'*

આ રહ્યાં ઉદાહરણો પશુ-પક્ષી પરત્વે પ્રેમનાં...

*'અબે, નાનકા પંખી, તારે છે કશીય ફરિયાદ ?*
*ચીં.. ચીં... ચીં... ચીં કરી કરે છે તું કોઈને યાદ ?'*

*'બિલ્લીમાસી કેવી શાણી, ખાતી જાય, પીતી જાય*
*મન ફાવે તે કામ કરે, ને મન ફાવે ત્યાં ઊંઘી જાય !'*

ચિત્રવિચિત્ર કલ્પના લોકમાં વિહરવાનું તો તમને પણ ગમશે...

*'મા, હું ભૂત બનું તો સારું !*
*તું છો લાવે નહિ રમકડાં, એવો મંતર મારું;*
*દુકાનનાં તમામ રમકડાંથી મુજ રૂમ શણગારું...*
*મા.*

હવે જ્ઞાન-વિજ્ઞાનને વિષય બનાવી લખાયેલ બાળકાવ્યની ઝલક માણીએ...

*'મનુકાકાનો મોબાઈલ બોલે ઘડી રે ઘડી,*
*એની ટીં-ટીં સુણીને મને રીસ રે ચડી'*

*'ચુનમુન ને ચૉકલેટ ચાંદા પર ગ્યાં'તાં;*
*ડગલે ડગલે પાંચ મીટર કૂદ્યાં'તાં.'*

આ ઉપરાંત 'કમાલ છે વિજ્ઞાન', 'અવકાશયાત્રીનું ગીત', 'દૂરબીન' વગેરે વિષયોને લઈને કાવ્યો કર્યાં છે.

સામાજિક સમરસતાને વિષય બનાવીને પણ બાળકાવ્યો લખ્યાં છે. એક ઉદાહરણ...

*'તું શ્યામ ને હું શ્વેત, તેથી શું થયું ?*
*તું હિન્દુ ને હું શીખ, તેથી શું થયું ?*
*વાત મોટી એ બધાંથી –*
*હૃદય પણ, મસ્તિષ્ક પણ છે,*
*જેમ તારે, તેમ મારે.*
*શાંતિ ને સુખની અણગણ્યા*
*યુગોની અણબૂઝ ઝંખના*
*છે જેમ તારે, તેમ મારે.*
*એટલે –*
*તું શ્યામ ને હું શ્વેત, તેથી ભેદ શા ?'*

આ અને આવા વિવિધ વિષયોની ફૂલછાબથી ભરિયો છે બાળકાવ્યનો દરિયો. ત્યારે શિક્ષણ જેવા ગંભીર વિષયને બાળકાવ્યનો વિષય બનાવવો એ અલબત્ત, કપરું કવિકર્મ છે. આવું કપરું કવિકર્મ પાર પાડ્યું છે શ્રી યશવંત મહેતાએ.

શિક્ષણ એ માત્ર પ્રક્રિયા નથી, એ તત્ત્વજ્ઞાન પણ

છે, એ સમાજશાસ્ત્ર પણ છે. એ કળા પણ છે અને વિજ્ઞાન પણ છે. તોપણ તેની એક એવી લાક્ષણિકતા છે કે જે માનવજીવનના દરેક તબક્કાને પ્રભાવિત કરે છે. આ લાક્ષણિકતા જ તેને સાહિત્યનો પદાર્થ બનાવે છે, વસ્તુ બનાવે છે. અલબત્ત, બહુ ઓછા સાહિત્યકારો શિક્ષણને પોતાના સર્જનનો પિંડ બનાવે છે. પ્રકૃતિ, પ્રણય વગેરે વિષયો સાહિત્યકારોને જેટલા આકર્ષે છે, તેટલું આકર્ષણ શિક્ષણ જમાવી શક્યું નથી. તેમાંય જ્યારે બાળસાહિત્ય સંસારનું વિહગાવલોકન કરવામાં આવે છે ત્યારે જવલ્લે જ શિક્ષણ પોતાના સર્જનનું પિંડ બનેલું જોવા મળે છે. અલબત્ત, આ સ્થિતિમાં શ્રી યશવંત મહેતા અપવાદરૂપ છે. બેશક તેમની સાહિત્યિક ચેતના પ્રણય અને પ્રકૃતિથી વધુ સામાજિક મૂલ્યો સાથે નિસબત ધરાવે છે. તેથી જ તેઓના સાહિત્યમાં શિક્ષણના સામાજિક મુદ્દાઓ વધુ ઉજાગર થાય છે. આ રીતે જ્યારે તેઓ શિક્ષણને પોતાના બાળકાવ્યો માટેનો પદાર્થ બનાવે છે ત્યારે ત્યારે સામાજિક ઉન્નયનના ભગીરથ કાર્યમાં નબળા પડતા શિક્ષણને આલેખવાને અગ્રતા આપે છે. ઉક્ત ચારેય બાળકાવ્યસંગ્રહોનું અનુંશીલન કરતાં શિક્ષણ વિષયક બાળકાવ્યોને બે પ્રકારમાં વહેંચી શકાય છે. એ પ્રકારો આ મુજબ છે :

(૧) શિક્ષણ પદાર્થને લઈને રચાયેલ સમ્પૂર્ણ બાળકાવ્ય

(૨) અન્ય કાવ્યો વચ્ચે વચ્ચે શિક્ષણ અંગેની અભિવ્યક્તિઓ.

ચારેય બાળકાવ્યસંગ્રહોમાં સંગૃહીત બાળકાવ્યોનું વિષયવસ્તુ પૃથક્કરણ કરતાં આ મુજબનું તારણ મળે છે :

કુલ બાળકાવ્યો : ૧૫૪

શિક્ષણ અંગેનાં સમ્પૂર્ણ બાળકાવ્યો : ૦૯

અન્ય વિષય સાથે શિક્ષણ અંગેની અભિવ્યક્તિવાળાં : ૨૫

આમ જોઈએ તો કુલ ૧૫૪ બાળકાવ્યોમાંથી ૩૪ બાળકાવ્યો શિક્ષણ વિષયક અભિવ્યક્તિ કરે છે. એટલે કે ૨૨.૦૭ ટકા કાવ્યો શિક્ષણ વિષયક મુદ્દાને છેડે છે. તેમાં પણ શિક્ષણ, શિક્ષણવસ્તુ, શિક્ષણવ્યવસ્થા, પરીક્ષા, શાળા વગેરે જેવા મુદ્દાઓ પરત્વે બાળમાનસની રુચિ-અરુચિ અને પ્રતિક્રિયાઓ કાવ્યનું મુખ્ય વસ્તુ બન્યું છે. પ્રથમ આપણે શિક્ષણવસ્તુને લઈને રચાયેલા સમ્પૂર્ણ બાળકાવ્ય વિશે તપાસીએ...

શિક્ષણ વસ્તુને લઈને રચાયેલ સમ્પૂર્ણ કાવ્ય

આ પ્રકારનાં કુલ ૦૯ કાવ્યો મળે છે. તે આ મુજબ છે :

(૧) પરીક્ષા સાંભરે રે ! (૨) જા, પરીક્ષા (૩) બનીશ ટીચર મોટો (૪) લો, ઊઘડી વળી નિશાળો (૫) ભણતર કોણે મોકલ્યાં ? (૬) અંગૂઠા છાપ, એ સાચો શાપ છે (૭) ટીચર શીખવે એ ! (૮) સ્કૂલ (૯) નિશાળે તે કેમ જાશો ? આ કુલ નવ કાવ્યો પૈકીનાં બે કાવ્યો પરીક્ષા વિષયક છે. આજના બાળમાનસ પર પરીક્ષાનો કેટલો મોટો હાઉ છે (ડર છે) તેનું સટીક વર્ણન બંનેમાં થયું છે, જેમ કે....

***'હું તો પુસ્તક જોઉં, પરીક્ષા સાંભરે રે...***
***મારી નિંદરડી ઊડી ઊડી જાય રે... હું તો.***

***ડાબે-જમણે કિતાબોના ડુંગરા રે,***
***નોટબુકે હૈયું ફફડી જાય રે... હું તો***
***બાળપણ છે અવસર આનંદનો રે,***
***એવું સુણતાં આંખો રડી જાય રે... હું તો.***

બાળક એ તો અવિરત આનંદનો ઊછળતો ફુવારો છે એમ કહેવાય છે, મનાય છે. એ જ બાળપણની આ પરીક્ષાએ કેવી દયનીય હાલત કરી મૂકી છે તેનું હૃદયદ્રાવક ચિત્ર કવિએ દોર્યું છે. જોકે શિક્ષણશાસ્ત્રીઓએ અને કેળવણીકારોએ પરીક્ષાને અનિવાર્ય અનિષ્ટ ગણાવ્યું છે. અલબત્ત, પરીક્ષાનું સ્થાન રામાયણ-મહાભારતકાળથી અવિચળ રહ્યું છે, પરંતુ તેનું આવું બિહામણું સ્વરૂપ કદીય ન હતું. તેની પ્રતિક્રિયા સ્વરૂપ બાળમાનસ પરીક્ષાને જાકારો દેવાનું પસંદ કરે છે. 'જા, પરીક્ષા' કાવ્યમાં આ જાકારો ઉર્ફે તેના પ્રત્યેની બાળકોની નફરત આ રીતે વ્યક્ત થઈ છે :

***'નિશાળ છોડી જા, પરીક્ષા !***
***તારું અહીં શું કામ છે ?***
***જગતમાં સહુથી અકારું એક તારું નામ છે...***
***નિશાળ***

*રંગે ભૂંડી, રૂપે ગૂંડી, તું છે, પરીક્ષા ડરામણી;*
*બાળકે તારું શું બગાડ્યું, કરતી કેમ*
*સતામણી ?... નિશાળ*

આ પરીક્ષાની બાળમાનસ પર થતી વિઘાતક અસરને કવિએ આ રીતે આલેખી છે :

*'હું રે બાળક છું રમત ઘેલો, ક્રિકેટ-કમ્પ્યૂટર*
*ગમે;*
*સુણી પરીક્ષા ટાઇમટેબલ, મનના સૂરજ*
*આથમે... નિશાળ.'*

આ પંક્તિમાં 'મનના સૂરજ આથમે' અભિવ્યક્તિની વ્યંજના વાચકના મનને પણ હલબલાવી મૂકે તેવી ધારદાર છે. તેથી જ લાચાર બાળક પરીક્ષાને પીપી આપું, ચોકલેટી હાર આપું કહી લાલચ આપે છે ને નિશાળ છોડી જવાની વિનંતી કરે છે.

પરીક્ષા હોય એટલે રિઝલ્ટ પણ હોય, રિઝલ્ટમાં બે જ નિર્ણય. કાં તો પાસ અને કાં નાપાસ. જે પાસ થાય એ વિદ્યાર્થી અને તેનાં માતા-પિતા એમ માને કે જાણે જંગ જીત્યો. ને જે નાપાસ થાય એ વિદ્યાર્થી અને તેનાં માતા-પિતા એમ માને કે જાણે જીવનનો જંગ હાર્યો. અલબત્ત, આ માનસિકતા વખોડવા યોગ્ય છે. તેથી જ અહીં 'પપ્પુડો કેમ ફેલ' થાય છે કવિતામાં કારણ શોધવામાં આવ્યું છે. કવિએ સિફતપૂર્વક પપ્પુડાનું ટાઇમ મેનેજમેન્ટ વિશ્લેષી આપ્યું છે :

*'પપ્પુડો જાણે છે સારી રીતે વરસે દિવસ છે*
*ત્રણ-છ-પાંચ;*
*એમાં રવિવાર બાવન આવે, પછી ત્રણ સો તેર*
*દિ'વાંચ'*

આ રીતે ઊંઘ માટે વપરાતા એકસો વીસ દિવસ, વરસમાં પંદર દિવસ તહેવારના, આડત્રીસ દિવસો ઉત્સવો, ભાષણો સાંભળવામાં વપરાય, પાંત્રીસ દિવસ ચિત્ર-રમત જેવી મનગમતી પ્રવૃત્તિ કરવામાં વપરાય, નાનાં-નાનાં વૅકેશન માટે પાંત્રીસ દિવસ ગુમાવવા પડે, વધ્યા સિત્તેર દિવસ તો એમાં પચાસ દિવસનું ઉનાળુ વૅકેશન.. ઓગણીસ દિવસ ચાલે પરીક્ષા...

*'બચ્યો એક જ દિન, પાસ નાપાસનો ચાલે*
*ત્યારે ખેલ;*
*આમ જ ભણતર ચાલે પછી પપ્પુડો કેમ ન*
*થાયે ફેલ ?'*

કવિ આપણને પ્રશ્ન પૂછે છે. આમ કરી તે પપ્પુડાને નિર્દોષ જાહેર કરે છે. આ કાવ્ય બાળમાનસમાં ચાલતા મનોવ્યાપારની આબેહૂબ છબી રજૂ કરે છે.

આવી બાળમનોદશા હોય ત્યારે તેમને 'આ ભણતર કોણે મોકલ્યાં ?' જેવા જ પ્રશ્નો ઊઠે ને ? અલબત્ત, આ પ્રશ્ન વાજબી છે. ભણતરને પરિણામે તેમની અનેક મનગમતી પ્રવૃત્તિઓ પર રોકટોક આવે છે. સાંભળો બાળકનો આર્તનાદ....

*'બૉલ ગયો ને બૅટો તૂટ્યાં, હવે પકડવી હાથે*
*પેન,*
*મોજે ગાતા ગરબડ રાગડા, હવે ગોખવું વન ટુ*
*ટેન... ભણતર.*
*અહીં રોજ રોજ એક્ઝામ આવતી, મળે માર્ક*
*ઓછા-ઝાઝ,*
*અને પપ્પા રિઝલ્ટ જો જુએ, એનો ગુસ્સો*
*મૂકતો માઝા... ભણતર.'*

આ કવિતા નરસિંહ મહેતાકૃત 'ઘડપણ કોણે મોકલ્યાં ?'ની પેરોડી છે, પરંતુ મૂળ કવિતા અને તેની પેરોડી વચ્ચે કલાત્મક સાયુજ્ય સધાવું જોઈએ તે અહીં પ્રતીત થતું નથી.

ભણતર પ્રત્યે આવું વલણ હોય તો સ્કૂલ વિશે તો શું કહેવું ? કવિએ સ્કૂલ વિશે બાળમનોભાવને સફળતાપૂર્વક ઉદ્ઘાટિત કર્યા છે, 'સ્કૂલ' શીર્ષક કાવ્યમાં.

*'સાચું કહી દે, મમ્મી, કે આ કોણે સ્કૂલ*
*બનાવી ?*
*કશુંય સારું સૂઝ્યું નહિ કે બલા બનાવી*
*આવી ?'*

આવો પ્રશ્ન થવાનાં કારણો કવિ આ રીતે આપે છે :

*'પરોઢનાં મીઠાં સપનાંની મોજ માણતી સૂતી;*
*ત્યાં તો હડફડ આવીને તું નાખે છે*
*હડબડાવી ! આ કોણે.*

*એક જ દિવસ રજાનો સ્કૂલે, છ-છ દિવસ સજાના;*
*આઠ-આઠ પિરિયડમાં રોજ બેસું શીશ નમાવી !.... આ કોણે.'*

અત્યારની સ્કૂલો, શિક્ષણ બાળકોમાં શાળા અને શિક્ષણ પરત્વે આવી નકારાત્મક લાગણી જન્માવે છે તેથી જ સ્તો અમેરિકન શિક્ષણ શાસ્ત્રી ઈવાન ઈલિચે 'સ્કૂલ ઈઝ ડેડ'ની ઘોષણા કરેલી, પરંતુ અહીં માતા-પિતાની સકારાત્મક ભૂમિકા દર્શાવતાં કવિ કહે છે :

*'કઠણ ઘણું ભણવાનું, મમ્મી, તોપણ જાઉં સ્કૂલ;*
*કારણ કે તું કહે છે, એથી થાય ઊજળું ભાવિ.'*

શિક્ષણ કે ભણતરનું વર્તમાનયુગમાં મહત્ત્વ પિછાણનારી નવી પેઢી અભણ એવી જૂની પેઢી સાથે કેમ વર્તે છે, તેનું ઉદાહરણ છે, 'અંગૂઠા-છાપ, એ સાચો શાપ' કાવ્યમાં....

*'દાદાજી, ક્યાં લગી રહેશો સાવ અંગૂઠા-છાપ ?*
*અભણ રહેવું એ આ યુગનું ગણાય મોટું પાપ !... દાદાજી.*
*કાગળ, અરજી, મનીઓર્ડરમાં પરવશ થઈને રહેવું,*
*ગરજ કારણે ગધેડાને કહેવો પડે બાપ !... દાદાજી.'*

શિક્ષણ પ્રત્યેની હકારાત્મક ભાવનાને પરિણામે બાળકની ભાવિ જીવનની પસંદગી જુઓ... 'બનીશ ટીચર મોટો'

*'ભણી-ગણીને, મમ્મી,*
*હું તો બનીશ ટીચર મોટો,*
*નહિ હાથમાં રાખું કદીય સોટી અથવા સોટો.*
*ભણતર આપું એવું હસતાં, રમતાં, ગમ્મત કરતાં,*
*વળતે દિવસે સ્કૂલ આવતાં બાળક જરી ન ડરતો.'*

ખરેખર આ કાવ્ય શિક્ષણ કેવું હોવું જોઈએ તેનો ચિતાર આપે છે. શાળા અને શિક્ષક તરફથી તેને મળતા કટુ અનુભવોને પરિણામે તેનામાં શિક્ષક બનવાની અને વિદ્યાર્થીઓની મુસીબત હળવી કરવાના મનોરથ જાગે છે. કદાચ કોઈ વાચકને એવી લાગણી થાય કે આ કાવ્યમાં બાળક કરતાં કવિ વધુ બોલે છે તો એ સહ્ય છે. તેનું કારણ એ છે કે કવિએ જે છે તેનું જ ચિત્રણ કરીને અટકી જવાનું નથી, બલકે તેણે શું હોવું જોઈએ તેનું પણ દર્શન કરાવવાનું છે. તેથી જ કવિ-લેખકોને આર્ષદ્રષ્ટા કહેવાય છે.

જીવનપથ પર ગુરુનું મહત્ત્વ ડગલે ને પગલે છે. તેથી દરેક યુગમાં ગુરુ મહિમા ગવાયો છે. આ કવિતા जरा हटके પ્રકારની કવિતા છે, તેનું નામ છે, 'ટીચર શીખવે એ !' તેમાં પપ્પુડો જ્ઞાનપ્રાપ્તિ માટે સરસ્વતી દેવીની પ્રાર્થના કે સાધના કરતો નથી, પરંતુ દિવસ ને રાત રામ-સેન-સરદાર બાહુબલી હનુમાનની ઉપાસના કરે છે ને તેમને પ્રસન્ન કરવામાં સફળ થાય છે. એટલે તે વરદાન માગવાનું જણાવે છે ત્યારે પપ્પુ હાથ જોડીને કહે છે, ધનલાલચ નહિ લગાર, જલદી શીખવો જ્યોમેટ્રી, અલજીબ્રા, ભૂગોળસાર, કરી મને કમ્પ્યૂટર માસ્ટર, શીખવો ભાષાચાર.

ત્યારે હનુમાનજી કહે છે :

*'મસ્તક મચકોડી મારુતિ બોલ્યા, ''પપ્પુ, યાર,*
*અમારે યુગ હતા નહિ આવા કંઈ વિષય-વિચાર,*
*છોડ પૂજાપા, ટીચર શીખવે એને મનમાં ધાર.''*

આ રીતે કવિએ શિક્ષણના પાયાના અંગ સમા – શાળા, શિક્ષણ, વિદ્યાર્થી, અભ્યાસક્રમ અને પરીક્ષા જેવા વિષયો પર બાળસુલભ તર્કો વડે જે કાવ્યહાર ગૂંથ્યો છે તે ખરેખર આવકાર્ય છે.

# ઘનશ્યામ દેસાઈની વાર્તાઓમાં પ્રયોગશીલતા

**ભગવાન એસ. ચૌધરી**

ઈ. સ. ૧૯૫૫ પછી સુરેશ જોષીના આગમન સાથે આધુનિકતાનો પાયો નંખાયો. આધુનિકીકરણની પ્રક્રિયા કેવળ કલાગત આંદોલન સુધી સીમિત ન રહેતા ધર્મ, શિક્ષણ, સમાજ, સંસ્કૃતિ, આજનાં શહેરો, એટલું જ નહીં આજના મનુષ્યના આધુનિકીકરણનો પણ એમાં વિચાર કરવામાં આવ્યો છે. આધુનિકીકરણની વાત અહીં મુખ્યત્વે નવા વિકાસની, પ્રગતિના સંદર્ભમાં છે.

પરંપરા પ્રત્યે વિદ્રોહ કે સંસ્કૃતિ પ્રત્યે વિરોધ એ આધુનિકતાનું વિશિષ્ટ લક્ષણ છે. સમકાલીન સર્જક પોતાના સમયની સમસ્યાઓથી બંધાયેલો અવશ્ય છે, પરંતુ તે પોતાના સમયનાં પરિબળો અને મૂલ્યોનો સ્વીકાર પણ કરે છે. જ્યારે આધુનિક મનુષ્ય એ મૂલ્યોમાં વિશ્વાસ નથી કરતો. તે પોતાને અતીતથી અળગો અનુભવે છે, છતાં અતીતનો બોધ સાંપ્રતના સંદર્ભમાં તેના મનમાં એક ખેંચાણ પેદા કરે છે. ''આધુનિકતા એ રીતે, એક નૂતન, અપૂર્વ ચૈતન્યસભર પ્રભાતનો સંચાર સ્થિર કરતી મનુષ્યની પાયાની ચિત્તશક્તિ છે.''(૧)

'ટોળું' વાર્તાસંગ્રહમાં આધુનિક ટૂંકી વાર્તાની વિશિષ્ટ મુદ્રા જોવા મળે છે. 'ટોળું' વાર્તાસંગ્રહના લેખકને પરંપરા કે પ્રયોગોના ભેદ નડ્યા નથી. તેથી જરૂરી બધી સામગ્રી લેખે લગાડીને પણ નિષ્ઠા જાળવવાનો તેમણે પ્રયત્ન કર્યો છે.

કાગડો :

'ટોળું' વાર્તાસંગ્રહની પ્રયોગશીલ વાર્તાકાર ઘનશ્યામ દેસાઈની આ એક પ્રતીકાત્મક ફેન્ટસી વાર્તા છે. આ વાર્તામાં માનવચેતનામાં સંચરતી પીડનવૃત્તિનું મધુર આકર્ષણ અને પીડનવૃત્તિના અભાવમાં જન્મતા દાહક શૂન્યથી બચવા માટેના મરણિયા પ્રયત્નોની ક્ષણે જ 'હું'ને થતાં અભિજ્ઞાનની ચોટદાર, ચોકાવનારી ઘટનાનું આલેખન થવા પામ્યું છે.

વાર્તામાં કાગડો અને હું દ્વારા થતી અનેક ક્રિયાઓ, હું અને કાગડાનાં સ્વરૂપાંતરો સિનેમેટિક પદ્ધતિએ પરિવેશનાં વર્ણનો અને ગતિ તથા સ્થિતિનાં આકર્ષકરૂપો કાલ્પનિક વિશ્વનું નિર્માણ કરે છે. નાયક હું અને કાગડાના સ્વરૂપાંતરોની ઘટનામાં માનવઅસ્તિત્વની મૂળભૂત વિસંગતી જન્મી છે.

સ્થગિત, નિર્જીવ પરિવેશ કાગડાના આગમનથી તેમાં આવતા પરિવર્તનનું બારીક વર્ણન કાગડાની અપાર્થીવતાને સૂચવે છે. જોરદાર પવનનું ફૂંકાવું, વૃક્ષોના પાંદડાંનું ફફડવું, દરિયાનાં મોજાંનું ઊંચે ઊછળવું ને દરિયાને ખેંચી જાણે કિનારે ઘસડી લાવતો કાગડો તેની અસામાન્યતા પ્રગટ કરે છે. ''દરિયાકાંઠે ભીની રેતમાં દટાયેલો માણસ દૂરથી ટપકાને આવતા જુએ છે. તે કાગડો દરિયાને ખેંચી લાવતો અનુભવાય. પછી માણસના ઢીંચણ પર બેસીને એ કોચે છે – બધું કોચીને માંસ ખાઈ વિશાળકાય બનેલો બિહામણો કાગડો ઊડે છે, ને પાંખોથી આભ ઢંકાઈ જાય છે. પેલો માણસ પણ છે – કાગડારૂપે એય દરિયા ઉપર ચક્રાકારે ઊડીને કાંઠે આવીને ભીની રેતમાં અર્ધા દટાયેલા માણસના ઢીંચણ પર બેસીને જુએ છે. તો એ માણસ પોતે જ છે : કાગડો અહીં દુરિતનું પ્રતીક છે. માણસનું કાગડો બનવું એય પેલી મરણગત મુક્તિની-કાગવાસની વાતને નિર્દેશે એમ કહી શકાય. આવી વાર્તાઓ માનવીના મનમાં પડેલાં જુદાં જ વાસ્તવસ્તરોને આલેખે છે.''(૨)

કાગડાના આગમન બાદ કાગડો અને હું વચ્ચે થતી ક્રિયાઓ, પ્રતિક્રિયાઓ વાર્તાનું કેન્દ્ર બને છે. 'હું'ને ભક્ષ કરવાની કાગડાની ક્રિયાઓનું બારીક વર્ણન તેના અદમ્ય બળની ભયાનકતા પ્રગટ કરે છે.

પીડા ભોગવવાની ક્ષણે જ પીડા આપવાની શક્તિ પ્રાપ્ત થવી, તેવી માનવચેતનાની સંકુલ ગતિને અહીં સ્વરૂપ બદ્ધ કરી છે.

અહીં કાગડાને પ્રતીક રૂપે ઘટાવી આપવાનું સરળ

નથી. મનના ઊંડાણમાંથી ડોકિયું કરતા શેતાનની છાયા કે પછી evil-devil છાયા એમાં પ્રતીકરૂપે પ્રગટતી જોઈ શકાય. અથવા માનવમનના ઊંડાણમાંથી ઊઠતી આત્મપીડન કે આત્મવિદારણની વૃત્તિઓમાં જોઈ શકાય. આ વાર્તામાં 'કાગડો' આ બધાનું સંકુલરૂપ છે, અને એથીયે કંઈક વિશેષ છે. ''છેવટે ટોળાને બદલી કે ભૂંસી નહીં શકતો નાયક પોતાના ટપકાનેય ભૂંસી નથી શકતો એવી વ્યથામાં સબડે છે.''(૩)

આમ વાર્તા કરુણાંત પામે છે. આ કરુણાંતિકા તે આધુનિક માનવની કરુણતા છે.

કાચિંડો :

આ વાર્તાનું કેન્દ્રીય પાત્ર કિશોર વયનો કાર્તિક છે. કાર્તિકનું મનોગત વાસ્તવ ઘટનાઓ અને સૂચક વર્ણનો વડે મૂર્ત થયું છે. આ વાર્તાનો પરિવેશ અને અન્ય પાત્રોના વર્તન-વ્યવહારોથી કાર્તિકના મનોગત વાસ્તવનાં નૂતન પરિમાણો પ્રગટ થાય છે.

કાર્તિકના પપ્પા ગુસ્સાવાળા છે. કાર્તિકને સતત પપ્પાના મારનો ભય છે. કાર્તિકનાં પપ્પા-મમ્મી મિ. મહેતાને ત્યાં બેસવા ગયાં તે સમયની ઘટના કાર્તિકના પપ્પાનો દમનકારી સ્વભાવ પ્રગટ કરે છે. કાર્તિક સાથેની મિ. મહેતાની ઔપચારિક વાતો પણ કાર્તિકને એક વિષય બનાવ્યાની ચાડી ખાય છે. કાર્તિકને કવિતા ગવડાવવા માટે કઠોર આગ્રહ કરતા કાર્તિકના પપ્પાનું વર્તન સભ્ય સમાજના દંભને સૂચવે છે. કવિતાના શબ્દો, કવિતા ગાતી વખતની કાર્તિકની શારીરિક દશા તથા પરિવેશનો સંદર્ભ ગવડાવવાની વૃત્તિ નર્યો દંભ બની રહે છે.

'એક જ પળમાં ઊભો થઈ ગયો, બે હાથ જોડી જડ પૂતળાની જેમ એણે આંખો બંધ કરી. સૌ ચૂપ થઈ ગયા, બહાર કોઈના રેડિયોમાંથી કર્કશ અવાજ આવ્યો અને કાર્તિક ગોખેલી કવિતા બોલવા લાગ્યો.

*''માય કન્ટ્રી ઈઝ ઇન્ડિયા,*
*આઈ એમ એ બ્રેવ સન... આઈ લવ...*

કવિતા થોડી લાંબી હતી. બોલતાં-બોલતાં વચમાં એને સહેજ કંપારી આવી ગઈ.'' (૪)

કાર્તિકનાં માતા-પિતા, પડોશમાં રહેતા મિ. મહેતા અને કાર્તિકની સ્કૂલ બસના ડ્રાઇવર-કંડક્ટર આ બધાં પાત્રોનું કાર્તિક તરફનું અસામાન્ય વર્તન કાર્તિકને મૂંઝવી નાખનારું, ત્રાસ આપનારું છે. કાર્તિક આ પાત્રોની સંહારક વૃત્તિનો ભોગ બન્યો છે. કાચિંડો આ વાર્તાનાં સર્વ પાત્રોમાં રહેલી સંકુલ સંહારક વૃત્તિનો ભોગ બનતી કાર્તિકની નિર્દોષતાનું પ્રતીક છે. કાચિંડાનું પ્રતીક મનુષ્યમાં રહેલી સંહારક વૃત્તિના સંકુલ વાસ્તવને મૂર્ત કરે છે.

આ વાર્તામાં શિશુવયની કોમળતા અને નિર્દોષતાને હણી લેતી પુખ્ત જનોની હિંસકવૃત્તિને કાચિંડાના પ્રતીક વડે થયેલા આલેખનમાં વાર્તાકારની તટસ્થતા અને વસ્તુલક્ષીતા વડે જન્મતો વ્યંગનો કાકુ મહત્ત્વનું ઓજાર બન્યું છે. પરંપરાગત વાર્તાલેખનની સૂચન અને વ્યંજના પૂર્ણ આલેખનની રીતિનો કલાત્મક સુયોગ આસ્વાદક છે.

હૂંફ :

ઘનશ્યામ દેસાઈની 'હૂંફ' વાર્તામાં વૈચારિક વિરોધનું સન્નિધિકરણ રચાય છે. રોહિત જીવનમાં ખૂબ એકલતા અનુભવે છે. તેને બિહામણાં દુસ્વપ્નો આવે છે. એય હતાશ થયેલો છે, ઉષ્મા વિના થીજી ગયો છે. તેને સ્ત્રીહૃદયની તીવ્ર ઝંખના છે. સરિતાની હૂંફ માટે વ્યાકુળ છે. સરિતા સંગાથે તે સુખી સમૃદ્ધ લગ્નજીવન જીવવા આતુર છે. સરિતાને સુખી કરવા તત્પર છે. પરંતુ સરિતાનું ચિત્ત અનિલના વિચારોમાં ખોવાયેલું છે.

સરિતાને રોહિત સાથેનાં લગ્ન મંજૂર નથી, પિતાની બળજબરીથી નક્કી થયેલો આ સંબંધ તેને સ્વીકાર્ય નથી. સરિતાને અનિલની નિકટ જવાની તીવ્ર ઝંખના છે. જ્યારે રોહિતને સરિતાની નિકટ જઈ હૂંફ મેળવવાની ઝંખનાનું વિરોધાભાસી ચિત્ર અંકિત થયું છે.

''લગ્નપૂર્વે પરસ્પરની ઝંખનાનું સર્વસામાન્ય સ્વરૂપ વિરોધી મનોવ્યાપારોની સહોપસ્થિતિ દ્વારા વિઘટન પામ્યું છે. તેમાં પ્રગટ વાસ્તવની ભીતર પડેલા અતિવાસ્તવનું રૂપ મુખરિત થયું છે.''(૫)

''સાથીની જરૂર તો મનેય છે. સરિતા વિચારવા લાગી ત્યારે મેં અનિલને એક વાર નહોતું કહ્યું ! ત્યારે મેદાનમાં નાળિયેરીના વૃક્ષ નીચે અમે બેઠાં હતાં. ઢળતી સાંજનો સમય હતો. વૃક્ષો ઝૂલતાં હતાં અને પડછાયા નાચતા હતા. મેં અનિલને પૂછ્યું, અનિલ તું આ પડછાયા સ્થિર કરી શકે ? થોડી વાર અનિલ એ વૃક્ષો તરફ તાકી

રહ્યો. પછી મક્કમ સાદે કહ્યું. મને તારી હૂંફ જોઈએ છે. પછી ભલેને ચારે બાજુ પડછાયા નાચ્યા કરે...''[૬] ''રોહિતને પોતાની એકલતા ટાળવી છે સરિતાને મેળવીને. પણ સરિતા તેની એકલતા દૂર કરી શકે તેમ નથી. સરિતા રોહિતને હૂંફ આપી શકે તેમ નથી અને છતાં રોહિત વાર્તામાં અંત સુધી પોતાની ઝંખનાને દોહરાવ્યા કરે છે.''[૭]

આમ આખીય વાર્તામાં સરિતાનું બાહ્ય વર્તન ભલે બરાબર રોહિતને અનુકૂળ લાગે, પણ તેનો વિચાર તો રોહિતના વિચારોથી સાવ જુદી દિશાનો છે.

આધુનિક વાર્તાકાર તરીકે ઘનશ્યામ દેસાઈ નોંધપાત્ર રહ્યા છે. તેમનો એકમાત્ર વાર્તાસંગ્રહ કલ્પન-કપોલ-કલ્પિત-સંન્નિધિકરણ, જેવી રચના પ્રયુક્તિમાં સુરેશ જોષીની અસર સાહજિક દેખાઈ આવે છે.

સંદર્ભ સૂચિ


૧. સુમન શાહ – સાહિત્યમાં આધુનિકતા – પ્ર. બાબુભાઈ શાહ – પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ-૨૦૧૪, પૃ. ૧૦.

૨. પારુલ પ્રધાન - સાઠોત્તરી ગુજરાતી ટૂંકી વાર્તા – પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ – ૨૦૦૫ પૃ. ૮૬

૩. એજન – પૃ. ૮૬

૪. ઘનશ્યામ દેસાઈ – ટોળું - પૃ. ૭૪

૫. જયેશ ભોગાયતા – આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વનું નિરૂપણ – પાર્શ્વ પ્રકાશન અમદાવાદ. પ્રથમ આવૃત્તિ-૨૦૦૧, પૃ. ૮૯

૬. ઘનશ્યામ દેસાઈ - ટોળું - પૃ. ૮૫

૭. ભરત સોલંકી - આધુનિક ટૂંકી વાર્તામાં સન્નિધિકરણ - બાબુભાઈ શાહ. પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફરોડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૪, પૃ. ૮૮


## સાહિત્યવૃત્ત


આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક

ચંદ્રમણિ પ્રકાશન **મમતા** વાર્તામાસિક

સંપાદક : મધુરાય

**મમતા જાહેર કરે છે ત્રીજી વાર ગુજરાતી વાર્તાસાહિત્યની સૌથી મોટી**

**મમતા વાર્તાસ્પર્ધા : ૨૦૧૮**

| | | |
|---|---|---|
| પહેલું ઇનામ રૂ. ૫૧,૦૦૦ | બીજું ઇનામ રૂ. ૨૧,૦૦૦ | ત્રીજું ઇનામ રૂ. ૧૧,૦૦૦ |

- આ વાર્તાસ્પર્ધામાં કોઈ પણ નવોદિત કે પ્રસ્થાપિત લેખક ભાગ લઈ શકે છે. - એક સ્પર્ધક વધુમાં વધુ ત્રણ વાર્તાઓ મોકલી શકે છે.
- શબ્દમર્યાદા ૨૦૦૦ શબ્દો - વાર્તા કમ્પ્યુટર પર ટાઈપ કરેલી હાર્ડ કોપી કે વર્ડ ફાઈલમાં સોફ્ટ કોપી હોવી જરૂરી છે.
- વાર્તાની સાથે વાર્તા મૌલિક છે અને કોઈ સામયિક, રેડિયો, ઇન્ટરનેટ કે બીજા કોઈ પણ માધ્યમમાં પ્રકાશિત થયેલી નથી તથા સ્પર્ધાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી સ્પર્ધામાં મોકલેલ વાર્તા અન્ય કોઈ પણ માધ્યમમાં પ્રગટ કરાશે નહીં તેવો અલગ બાંહેધરી પત્ર મોકલવો અનિવાર્ય છે. અન્યથા વાર્તા સ્પર્ધામાં સામેલ કરાશે નહીં.
- સ્પર્ધામાં મોકલેલ વાર્તાઓના પ્રથમ પ્રકાશનનો અધિકાર મમતાનો રહેશે. મમતામાં પ્રકાશિત દરેક વાર્તાનો પુરસ્કાર અપાય છે.
- વાર્તાની નકલ લેખકે પોતાની પાસે રાખવી - વાર્તા પરત મોકલાશે નહીં. - વાર્તા ઉપર વાર્તાનું શીર્ષક કે લેખકનું નામ લખવું નહીં - વાર્તાનું શીર્ષક, લેખકનું પૂરું સરનામું, મોબાઈલ નંબર, ઈમેલ વગેરે જુદા કાગળમાં લખવાં.
- પરિણામ અંગે પત્ર, ઈ-મેઈલ, ફોન કે મેસેજ દ્વારા કોઈ પણ ચર્ચા કે પૂછપરછ થઈ શકશે નહીં.
- નિર્ણાયકોનો મત આખરી અને બંધનકર્તા રહેશે. - મમતાની સાથે વ્યવસ્થામાં જોડાયેલા મિત્રો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.
- આ સ્પર્ધામાં ભાગ લેવાની કોઈ ફી નથી. અને આ નિયમોમાં કોઈ પણ વખતે સુધારા વધારા કરવાના તમામ હક મમતા કાર્યાલયને છે.

**વાર્તા મોકલવાની છેલ્લી તારીખ : ૩૦ જૂન, ૨૦૧૮**

**વાર્તા મોકલવાનું સરનામું : ''મમતા વાર્તાસ્પર્ધા : ૨૦૧૮''**

**C/O કનૈયાલાલ ભટ્ટ, પ્લોટ નં. ૧૧૮૫/૫, સેક્ટર : ૩/ડી. ગાંધીનગર-૩૮૨૦૦૬**

# શાશ્વત ઊર્મિઓની શિલ્પાકૃતિ – 'શાશ્વતી'

**વિરંચિ ત્રિવેદી**

આમ તો ઊર્મિકવિતાનું કુળ જ મોટું છે એમ કહીએ તોપણ ખોટું નથી. કવિતામાત્ર ઊર્મિકવિતા છે, કારણ કે કવિતામાં સંવેદન – ઊર્મિ જ કાવ્યબીજ છે. એનાં વિવિધ કાવ્યરૂપોમાં પણ પ્રકારવૈવિધ્ય ખાસ્સું છે. મુક્તક, હાઈકુ, તાન્કા, મોનો-ઇમેજ, જેવા પ્રયોગો ફળદાયી નીવડ્યા. પ્રયોગશીલતાના વલણે તો સાઈન પોએમ અને તન્હાને પણ અજમાવી જોયું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે બદલાતા પ્રવાહોની સાથે કવિતાનાં રૂપો પણ બદલાતાં રહ્યાં છે, છતાં લઘુકાવ્યની મુદ્રા ઝાંખી થઈ નથી.

આ કાવ્યરૂપમાં ઓછા શબ્દની નાની પંક્તિમાં સંવેદનને ઉભારી, ચમત્કૃતિજન્ય પરાકાષ્ઠા સાથે લાઘવબદ્ધ નિરૂપી, આકારતું અખંડરૂપ જાળવવાનું હોવાથી લઘુકાવ્ય સર્જક માટે પડકારરૂપ સાબિત થયું છે. ચમકીને ઓઝલ થઈ જતા આગિયાના જેવો Spark લઘુકાવ્યનું પ્રાણતત્ત્વ છે પણ ભાવકના ચિત્તમાં એ ચમકાર ચિરંજીવ બની જતો હોય છે. જિવાતી – અનુભવાતી ક્ષણને તેજ માત્રામાં ભાવકને પણ હૃદયસ્પર્શી બની રહે તેવી અભિવ્યક્તિના કૌશલની અપેક્ષા સર્જક પાસે લઘુકાવ્યની કાયમ રહી છે. કૃતિમાં અનુભૂતિકણનો ઉદ્‌ભવ અને શમનનો વ્યાપ ક્ષણાર્ધ પૂરતો જ હોય એવા આદર્શને વરેલું લઘુકાવ્ય વાસ્તવિકતાની ભોંયમાંથી ઊગે છે.

આ મુદ્દાઓની સાથે સાથે ભાવકની નિસબતનો હેતુ પણ સર્જકે કાવ્યસર્જનક્ષણે લક્ષમાં એટલે રાખવો રહ્યો કે, કવિતામાં સ્વરૂપની વફાદારી પાળીને કઈ કક્ષાએ સજ્જતા અને સર્જકતાને કવિ કામે લગાડે છે અને કયા સર્જન ઉન્મેષો ભાવકના ચિત્ત પર કેવી અસર ઊભી કરી શકે છે એ મુદ્દો દિવ્યાક્ષી શુક્લનાં લઘુકાવ્યો માટે મહત્ત્વનો બની રહે છે. સંચયમાં લઘુકાવ્યોની સંખ્યા તો ૫૨૪ છે, એમાં જ્યાં સર્જકતા ચમત્કૃતિની ભેટ ધરી દે છે, અભિવ્યક્તિના નવા વળાંકો વિસ્મય જન્માવે છે, અને જ્યાં ભાવવિશ્વ નવા ઉઘાડ લઈને આવે છે ત્યાં લઘુકાવ્યો આસ્વાદ્ય બની ગયાં છે.

'શાશ્વતી' સંચયનાં લઘુકાવ્યોમાં મન, સ્મૃતિનાં વિવિધ આશ્ચર્યો પ્રગટાવતાં સંવેદનોની અભિવ્યક્તિઓ, અધ્યાત્મભાવનાનો દિવ્ય ઉઘાડ, દર્દ-વિરહની મૌલિક સંવેદનાઓ, સંબંધના સમીકરણોમાંથી મળતી સૌરભ, પ્રકૃતિ સાથે સંવેદનના સુયોગે રચાતી ભાવસૃષ્ટિ તેમ જ સાંપ્રત અને આધુનિકતાનો સંસ્પર્શ, ભાવસમૃદ્ધ વૈભવ છે. લઘુકાવ્યોમાં મન અનુભવસ્તરે અવતરે છે. પ્રતીક-અલંકારોનો વિનિયોગ, લઘુકાવ્યોમાં સંવેદનની સૂક્ષ્મતાને સ્પર્શી કવિતાનું પોતવણે છે. મનોભાવનું દૃશ્યાંકન એમનાં લઘુકાવ્યોની ખૂબી છે. તેમનાં કાવ્ય-ગુંફનમાં સૂક્ષ્મ ભાવનું અવલોકન, અનુભાવન અને પછી આલેખન ત્રેવડે ભરતે ભાવને ગૂંથે છે. આ યોગ રચાય છે ત્યાં 'અનુભૂતિનું કલાત્મક રૂપાંતર – એનું જ નામ કવિતા' એમ કહી ભાવક કિલ્લોલી ઊઠે છે, વિવિધ દૃષ્ટાંતોમાંથી અહીં માત્ર એક ઉદાહરણ 'એકેહજારાં'ના પ્રમાણરૂપે છે. એમાં કવયિત્રી એક નિશાનથી લક્ષ્ય તાકે છે. કવિતાના સિદ્ધાંતનું લક્ષ્ય અને રચનારીતિના કૌશલનું પ્રમાણ દા. ત. :

*કલાત્મક ઘાટ મળે*
*અનુભૂતિને*
*ને,*
*બની જાય*
*પ્રસન્ન*
*અભિવ્યક્તિ ! (ક્રમાંક ૫૨૨)*

અવનવી કવિકલ્પનાઓ, વિશેષતાઓમાંથી રચાતું કાવ્યશિલ્પ, સિદ્ધ થતી કાવ્યાત્મકતા અને કવિતાની વિભાવનાઓ સ્પષ્ટ કરતાં લઘુકાવ્યો પણ આ સંચયની વિશેષ ઉપલબ્ધિ છે.

*સ્વાગત કરતાં*
*સમીરનું*
*રણઝણી ઊઠે*
*પુષ્પ-પાંદડી ! (૧૨૩)*

*ફૂટવા લાગે*
*ફટાકડા સ્મરણોના*
*ને,*
*ભાગી દૂર દૂર*
*છુપાઈ જાય*
*શ્વાન ખાલીપાનો ! (૧૩૫)*

વિવિધ ઉદ્‌ગમસ્થાનની સાથે દર્દનાં બદલાતાં રૂપો અને સમયનો તફાવત તેમનાં કેટલાંક દર્દવિષયક લઘુકાવ્યોની પૂંજી છે. એમાં ચિંતન અને તેમાંથી ઊઘડતું રહસ્ય પણ લઘુકાવ્ય ૧૧૫માં પ્રતીતિકર છે, તો ૫૪મા લઘુકાવ્યમાં દિલને ફૂલથીયે નાજુક સાબિત કર્યું છે. તડપન પણ દર્દની બારીક રગો ઉઘાડે છે. એ કણસતી રગોનું દર્દ લઘુકાવ્ય નં. ૫૪, ૪૭૪ અને ૪૯૭માં ગમશે, પરંતુ આંસુને જ ઉત્તમ અભિવ્યક્તિ તરીકે પ્રમાણ આવતું આ લઘુકાવ્ય નં. ૨૫૦ના ભાવસંવેદનને ભાવક પણ કબૂલશે અને એવી કરુણ પળોમાં, સાવ એકલવાયાપણામાં મનની ભૂમિકા અદ્‌ભુત ભાગ ભજવે છે એ પણ અનુભવાતા સત્યની સચોટ અભિવ્યક્તિ આપે છે :

*આંધી*
*ઊઠે*
*ઉરમાંહી,*
*ને*
*રડે નયન ચોધાર ! (ક્રમાંક ૨૫૦)*

*ટપાર્યા કરે*
*મન,*
*વારંવાર*
*સ્વજન બનીને ! (ક્રમાંક ૨૫૪)*

દિવ્યાક્ષી શુક્લએ જે કેટલાંક લઘુકાવ્યોમાં કાવ્યાત્મકતા સિદ્ધ કરી છે એમાં અલંકારાદિ પ્રયુક્તિના વિનિયોગની સૂઝ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેમ કે વિષણા વયની તુલના પાનખર સાથે રૂપક યોજીને (૧૦) નદીના રૂપને નીરખતી નાવડીમાં સજીવારોપણ (૨૭), સ્મરણોનાં ઘરેણાંથી છલોછલ રહેવાની મનની ચાહના (૫૩), શરીરને વીંટળાતા વાયરાના આલિંગનની ઉપેક્ષા (૬૮), સ્મરણોના ફટાકડાથી દૂર ભાગતા મનના ખાલીપા માટે શ્વાનનું રૂપક (૧૩૫), માનવમહેરામણમાં વિશ્વાસના સઢથી ચાલતી શ્વાસની નાવ (૧૮૫), માટીમાંથી માથું ઊંચકી અંકુરિત બીજનું, હરિયાળી ક્રાંતિ માટેનું રૂપક (૨૬૭), નીંદરની બારીએ સપનાના પારેવાનું શબ્દચિત્રાંકન (૩૦૮), પ્રગતિમાં અલ્પવિરામની મહિમા કરતું વિરામ લેતી ટ્રેનનું રૂપક (૫૦૨)માં કવયિત્રીની સર્જનપ્રતિભાનો પૂરો પરિચય મળે છે. એમાં ભાવનિરૂપણનું વૈવિધ્ય સૌંદર્યમંડિત છે. જીવનમાં મોજની ક્ષણ સર્વોત્તમ સુખની ક્ષણ છે અને તે માનવહૃદયમાં તેમ જ જીવનમાં શાશ્વત પદે છે, જેવું ભાવસભર ચિંતન પણ કેટલાંક લઘુકાવ્યોમાં છે. સ્મૃતિનો હિસ્સો પણ જીવનમાં અનેરો છે, એવા અર્થમાં રહેલું લઘુકાવ્ય ભાવસૌંદર્ય પણ રચે છે :

*ઝગે*
*સંબંધનાં*
*ઝુમ્મર*
*ઝળહળતાં,*
*સ્મૃતિની*
*હવેલીમાં ! (૪૧૭)*

*બની*
*જાય*
*ક્ષણ*
*શાશ્વત*
*મોજની,*
*જીવનમાં ! (૪૨૭)*

*જીવનને*
*ઉલ્લાસિત*
*રાખતું*
*મધુર સંભારણું*

*બની રહે*
*શાશ્વત સ્નેહ*
*સ્વજનનો ! (૪૩૬)*

કેટલાંક લઘુકાવ્યોમાં સર્જન-પળની સ્થિતિ, કવિતાનો આદર્શ અને વિભાવના અને કાવ્યાનુભવને ખૂબ સચોટ રીતે નિરુપ્યો છે, જેમ કે કલમના સંગ માટે અધીરી આંગળીઓ (૮૮), આનંદના દીવડાથી કવિતાદેવીનો સત્કાર (૧૧૮), કવિતાની ફ્રેમમાં મનોગત (૧૩૮), કવિતાના આંગણે શબ્દોનાં સન્માનનો ઉત્સવ (૧૭૭), કવિતાના આંગણમાં ભાવની રંગોળીનું સૌંદર્ય (૪૧), ઉલ્લેખનીય છે એ સર્વમાં ભાવકને મન ભાવે એવાં લઘુકાવ્યો આ રહ્યાં :

*ઊગે*
*કાવ્યપુષ્પ*
*કાગળના ક્યારામાં,*
*ને પ્રસરે*
*પરિમલ વૈશ્વિક*
*સૃષ્ટિમાં સનાતન ! (૨૨૨)*

*સર્વત્ર*
*વિદ્યમાન દીસે*
*સંવાદિતા*
*સૃષ્ટિના મંચ પર,*
*સર્જનહારના*
*શ્રેષ્ઠ સંચાલનથી ! (૧૯૦)*

*ભાષાની પાંખો*
*પહેરી,*
*ઊડતી રહે*
*સિસૃક્ષા*
*સર્જનના*
*વિશાળ*
*વ્યોમમાં ! (૨૧૧)*

'શાશ્વતી' લઘુકાવ્યસંચયને સમગ્રતઃ અવલોકતાં એવી પ્રતીતિ અવશ્ય થશે કે રચનામાં પ્રયોજાયેલો શબ્દ તેની શબ્દકોશની શુષ્કતામાંથી, અન્વયમાં ગૂંથાતાં સંવેદનની ભીનાશ લઈને આવે છે. અન્યત્ર મળે એ વિષયવૈવિધ્ય તો અહીં છે જ પણ અભિવ્યક્તિના અવનવા મરોડ કાવ્યને કલાકીય રૂપ આપતા રહ્યા છે. અહીં સ્મૃતિઓની રૂપલીલા છે, તો મનની તરંગલીલાની મોહક સૃષ્ટિ પણ છે. મન જાણે કે ત્રાંબાકૂંડી, સિતાર, ક્યારેક નાવિક તો ક્યારેક હલેસાં, છીપ, મટુકી, મરજીવો, એક્વેરિયમ એમ કેટકેટલાં રૂપો મનને જુદીજુદી રીતે લાવી, મનની ભૂમિકાનું વૈવિધ્ય દર્શાવે છે, એ કવયિત્રીની સર્જકતાનું પ્રમાણ આપે છે. સ્વાનુભવમાંથી કવયિત્રીના ઋતુ હૃદયને સ્પર્શી જતાં સંવેદનો જ કાવ્યસર્જનના નિર્માણની પશ્ચાદ્‌ભૂમાં છે. એથી વિશેષ તો, કાવ્યાનંદ પણ કવિતાનો વિષય તરીકે આ સંચયમાં છે એ આશ્ચર્યની ઘટના છે. સંવેદનનો આ સ્તરે સંસ્પર્શ તે કવયિત્રીતા કવિતા સાથેના નિકટતમ નાતાનો નિર્દેશ આપે છે :

*ભાળું*
*સાતેય રંગો*
*કાગળના*
*કેનવાસમાં,*
*ને મન લ્હાણી કરે*
*આનંદની ! (૧૧૬)*

*પ્રગટાવી*
*દીવડા આનંદના*
*સત્કારું*
*કાવ્યદેવીને*
*જીવન-મંદિરમાં !*

કવયિત્રી દિવ્યાક્ષી શુક્લએ 'શાશ્વતી'માં પૂરબહાર મહોરેલાં પુષ્પોની વસંત ઉતારી છે. આ કાવ્યપુષ્પોની વિશેષતા એ છે કે, સૃષ્ટિના સભર ઊર્મિતત્ત્વની નોખી નોખી સુવાસ એમાં ભરી છે. ફૂલદાનીમાં પુષ્પો કરમાય અને સુગંધહીન પણ બને, પરંતુ પાનખર નડે જ નહીં એવાં આ કાવ્યપુષ્પો સદાય સુવાસિત અને ખીલેલા રહેવાની ખૂબી ધરાવે છે, કારણ કે એમને શાશ્વત ઊર્મિતત્ત્વોનું સિંચન મળ્યું છે. આ જ તો છે 'શાશ્વતી'નું વિસ્મય. અસ્તુ.

**(હવે પછી પ્રગટ થનાર 'શાશ્વતી' લઘુકાવ્ય સંગ્રહની પ્રસ્તાવના)**

**પ્રસાદ**

# બુદ્ધિપ્રકાશ

## સો વર્ષ પહેલાં

● સંકલન : **થોમસ પરમાર**

**ખડા તાત્વિક બે બોલ**

એક ઠેકાણે અર્ધા ગામ સુધી એકદમ ખડકવાળો ભાગ છે; તેના પર એક ઇંચ વરસાદ પડ્યો; અને આ કુલ ક્ષેત્રપર જેટલો વરસાદ પડ્યો તેટલું જ પાણી તે ખડકના મધ્યભાગમાં એક ઊંડું ટાકું છે તેમાં પડ્યું. ત્યારબાદ બપોરે જો સખત તડકો પડે તો ખડક ઉપરનું બધું પાણી એકદમ શોષાઈને સુકાઈ જવાનું પરંતુ એકત્ર થયેલું પાણી એવી રીતે શોષાઈને સુકાશે નહીં એટલુંજ નહી પણ તે કાયમ રહીને ઇષ્ટ કાર્ય સાધી શકે છે. આજ ન્યાયથી ઇંદ્રિયોના સહવાસથી વિષયો પર મનની જે થોડી થોડી શક્તિ વપરાય તેજ શક્તિ જો એક સામટી એકજ અંતગતિ કાર્યપર રોકાય તો કાયમને માટે ઘણુંજ સારૂં અને મહત્ કાર્ય થવાનું એ દેખીતું છે. ''કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય.''

જેમ વાનર કોઈપણ વેળા નવરો બેસતો નથી અને સાત પેઢીથી દરરોજ વિચાર કરવા છતાં પણ એકાંતિક પ્રયત્નના અભાવે પોતાને માટે એક ઝુંપડું પણ બાંધી શકતો નથી તેમજ આ મન એક ક્ષણે આ વિષયપર, બીજી ક્ષણે બીજા વિષયપર એવી રીતે સહસ્ર જન્મથી જ માંકડા જેવી ચેષ્ટાઓ કરવામાં ઉદ્યુક્ત રહે છે અને તેથીજ તેને પોતાને માટે વિશ્રાંતીનું ઘર (**तद्धाम परमं मम**) બાંધતાં આવડતું નથી એ દેખીતું છે.

પરંતુ આ હિસાબ જો અમોને ન સમજાય તો અમે ગણિત વ્યર્થ ભણ્યા નથી કે ? ''**तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेंद्रियक्रिय :**'' (ભગવદ્‌ગીતા. અ ૬ શ્લોક ૧૨) આ શ્લોકથી ''એકાગ્ર'' કરવું એ કહેનારો મનુષ્ય પાકો ગણિત શાસ્ત્રી હતો; પરંતુ એ પણ અમોને ક્યાં સમજાય છે ?

કાચની સહાયથી સૂર્યના વા ચંદ્રના પ્રસૃત કિરણ એકત્ર કરવામાં આવે તો તે છાણું વા કપાસને અનુક્રમે બાળે છે અને ભીના પણ કરે છે. પરંતુ જેઓએ તેનું એવું એકીકરણ અથવા કેંદ્રીકરણ પોતે કર્યું નથી અથવા કરેલું જોયું નથી તેઓને કિરણોનું સામર્થ્ય સમજાતું નથી. એવીજ રીતે એકીકરણથી અનુભવમાં આવનાર મનના સામર્થ્યની સ્થિતિ છે એ જો અમોને ન સમજાય તો આ દોષ કોનો ?

જે કેટલીક વાતે બાહ્યાંગ પરથી જોનારને અસાધ્ય કિંવા અસંભવિત ભાસે છે તેજ વિવેકી; ગણિતશાસ્ત્રી, હિસાબી, એઓની દષ્ટિથી જોનારને શક્ય લાગે છે. Nature abhors vacuam 'કુદરતને ખાલી જગ્યા ગમતી નથી !' એવો સિદ્ધાંત ઉપર ઉપરથી જોનારાઓએ કેટલાક શતકોથી ઠોકી દીધો હતો; પરંતુ એક પ્રકારના યંત્રની સહાયથી કોઈ પણ ઓરડી અથવા સ્થળ ખાલી (નિર્વાત) કરવું શક્ય છે એમ કોઈએક શાસ્ત્ર દષ્ટિવાળા માણસને લાગ્યું; અને તેણે પોતાની

કલ્પના અનુભવથી સિદ્ધ કરી દીધી. તેથી કોઈ પણ ગહન બાબતમાં એવાજ હિસાબી માણસની અક્કલથી જ ચાલવું જોઈએ.

એવીજ રીતે ઉપરાઉપર જોનારની દૃષ્ટિથી 'મન' એ અત્યંત નાદાન ચંચળ અને અનિવાર એવું દેખાય છે અને તેથી તેનું એકીકરણ કેવળ અશક્ય છે એવું લોક માને છે. ઇતર જનોની વાત તો કાંઈ કહેવા જોગ નથી પણ પ્રત્યક્ષ અર્જુનજીએ પણ 'મન' એ મસ્ત કજીયાળ, વિજલીથી ચપળ એતએવ દુર્નિગ્રાહ્ય છે એવો નિરાશાની ભરમાં પોકાર કર્યો પણ તેમના ગુરૂ મર્મજ્ઞ હતાં તેઓએ અર્જુનજીના શોર બકોરની કાંઈપણ દરકાર કરી નથી.

ફાલ્ગુનજીએ મનના દુર્નિગ્રહને બાઘડો સમજીને પોકાર કરવો એ ઠીકજ છે; કારણ ફાલ્ગુનજી અજ્ઞાત હતા. કથન છે કે: **''भयस्थान शतानिच दिवसे दिवसे मूढमाविशति न पंडितं''** પરંતુ શ્રી કૃષ્ણ ભગવાન પૂર્ણ પંડિત એટલે સર્વજ્ઞ હતા તેથી તેઓને બાઘડાની ભીતિ લાગી નહીં. કહ્યું છે કે: **'तरति शोकमात्मवित्.'**

જ્ઞાની અથવા મર્મજ્ઞની વાત જુદી અને અજ્ઞાની અથવા મૂઢની વાત જુદી. જ્ઞાની દેખાવથી ફસતો નથી અને તેથી બ્હીતો પણ નથી. કોઈ એક પ્રસંગે પહેલવાનોની એવી કુસ્તી જોવામાં આવે છે કે તે જોડીમાંથી એક દેખાવામાં મોટો જાડો અને કદાવર હોય છે, અને તેને જોતાંજ સામાન્ય પ્રેક્ષકવર્ગ ગભરાય છે; પરંતુ તેનો પ્રતિદ્વંદ્વી દુબળી અને પાતળી કાઠીનો હોઈને પણ ખરો મર્મજ્ઞ હોવાથી – તે કદાવર માણસથી બ્હીતો નથી. કારણ તે જાણે છે કે ખાલી દેખાવમાં કાંઈ નથી. તેને માટે મર્મસ્થાનમાં એક ઘા બસ છે, એટલે તે હારી જવાનો; અને એવા કેટલાક કિસ્સા આપણા જોવામાં આવે છે.

જેણે જબરા દશમુખી રાવણને પણ ઉલટો પાડવામાં બાકી રાખી નથી એવું શિવ ધનુષ્ય સામે જોઈને જાનકી માતાજી વિહ્વલ થયાં; પણ શ્રી દશરથજીના પુત્ર શ્રીરામચંદ્રજી જરા પણ ડર્યા નથી. તેઓએ તત્કાલ પ્રત્યંચા ચઢાવી દીધી કારણ તે મર્મજ્ઞ હતા.

કહેવત છે કે **''नास्ति मृत्योः परंभयं''** એટલે મૃત્યુ શિવાય ભય નથી. પણ પિતામહ ભીષ્મજીને મૃત્યુની બ્હીક નહોતી. કારણ તે મૃત્યુના મર્મથી જ્ઞાત હતા. મહાત્મા માર્કંડેય પણ ડગમગ્યા નહી. કારણ તે પણ મૃત્યુના મર્મ ઉર્ફે યમના પણ મરણને (મર્મ એ શબ્દ ''મૃ=મરવું'' આ શબ્દથી સિદ્ધ થયેલો છે) એટલે ''શિવ ચરણને'' જાણતા હતા. ટુંકામાં મર્મજ્ઞને બ્હીક નથી. મર્મ જાણવો એજ પાંડિત્ય છે.

ઘઉં જડ છે પણ કાકડીના અડદ એજ તેનો મર્મ છે. આમ્રફળનો રસ જાતે ભારી છે ખરો પણ ગરમ દૂધ આવે કે થયું. વીંછી ઘણોજ ડંખીલો પણ ઢેડ ગરોળી સામે સ્તબ્ધ. સર્પ ક્રૂર પણ નોળીયા સામે તદ્દન નરમ. ટુંકામાં કોઈ પણ બાબતનો મર્મ મળ્યો કે ભીતિ નષ્ટ થાય છે.

તે ચતુર વિશ્વકારીગીરે (શ્રી બ્રહ્મદેવજીએ) મર્મ વિના એક પણ પદાર્થની રચના કરી નથી. આપણા શરીરમાં ૧૦૭ મર્મ છે. વાઘ ઘણો વિકરાળ અને જબરો પશૂ પણ તેનું પેટ તો ઘણુંજ નાજુક. અનુભવવાળો વાઘ મારનારો માણસ તેજ જગ્યા (પેટમાં) લાકડી ભોંકે છે.

તેવીજ રીતે મન એ ઘણું જબરૂં ખરાબ અને નિરંકુશ એ બ્હીક અર્જુનજીને હતી પણ શ્રીકૃષ્ણ ભગવાન મર્મજ્ઞ હોવાથી તેઓને તે બ્હીક કેમ લાગે ?

શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનજીને કહ્યું કે આ મનની બ્હીક લાગે છે એ વાજબી છે પણ તેને ઉલટું નાખ અને તેને સજ્જડ પકડી રાખ. છોડીશ મા. (વૈરાગ્યનો અભ્યાસ કર) એટલે એ મન મરી જશે.

શ્રીકૃષ્ણ પરમાત્માનું એ કહેવું સત્ય છે. ગજેંદ્રનો પગ ખેંચનારો મગરમચ્છ જલમાં હોય ત્યારે અત્યંત શક્તિવાન રહે છે પણ તેજ રેતીના મેદાન ઉપર ઉંધો નાખવામાં આવે તો નિર્બળ અને દીન બને છે.

પાટલાઘો વિગેરે અનેક પેટે ચાલનારાં પ્રાણીઓ જ્યારે પૃથ્વી સામે મોં કરીને ચાલે છે ત્યારે તે એટલું જોર કરે છે કે તે આપણા કાબુમાં રહી શકતાં નથી પણ જો તેઓનો પૃષ્ટ ભાગ પૃથ્વી સામે કરવામાં આવે તો તેઓ બલહીન બને છે. મનનું મજબુત પણું પણ એજ જાતનું છે. તે જ્યારે વિષયાભિમુખ દોડે છે ત્યારે તે બેસુમાર જોરવાળું હોય છે; પરન્તુ કોઈએ જો તેનો પૃષ્ટ ભાગ વિષયોના સામે કર્યો વા તેને ઉંધુ; પાડ્યું એટલે તે (મન)

**(અનુસંધાન પૃ. ૩૬મે પાને)**

# પુસ્તક પરિચય

## ઘર અને શાળા માટેનો અખંડ દીવો

પુસ્તક : ચલ ગુરુ Selfie લે.. લે..; લે. રણછોડ શાહ; પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧, આવૃત્તિ : પ્રથમ : ૨૦૧૮, કિંમત : રૂ. ૧૫૦; પૃ. ૧૨૭.

હિંગ્લિશ બોલી અને રમતિયાળ શૈલીના આ પુસ્તકના શીર્ષકમાંના ''ગુરુ'' કોઈ ગુફાવાસી જટાળા જોગી નથી; આપ જ છો. શબ્દ 'Selfie' તો આજના મોબાઈલયુગમાં વાત અને વ્યવહારમાં ચલણી બની ગયો છે. આ પુસ્તકના પંદરમા લેખ 'શિક્ષણની સેલ્ફીશ સેલ્ફી'માં લેખકે આ શબ્દનું તાત્પર્ય ''જાત સાથે વાત'' દર્શાવેલ છે જેમાં 'જાત-તપાસ' જેવી વ્યંજના રહેલ છે.

પ્રત્યેક જાગ્રત માનવીએ વિકાસ માટે સતત જાતતપાસ કરતા રહેવાની જરૂર છે એમ માનતા અને સમજાવતા આ પુસ્તકના લેખક રણછોડ શાહ આ પૂર્વે પંદરથી વધુ પુસ્તકો આપી ચૂક્યા છે; હળવું ગાંભીર્ય ધરાવતા એમનાં મંતવ્યો અને તેની રજૂઆત એવી તો આકર્ષક, અનુભવજન્ય, રસાળ અને મુદ્દાસર છે કે તેઓ ગુજરાતભરના શિક્ષણપ્રેમીઓના એક મિત્ર અને માર્ગદર્શક તરીકેનો આદર પામી રહેલ છે. શિક્ષણક્ષેત્રે ઓછી કહેણી અને વધુ કરણી કરતા રહેલા આ પુસ્તકના લેખકે જાગ્રત શિક્ષકો, વાલીઓ, સંચાલકો - સર્વ કોઈને પોતપોતાની Selfie લેતા રહીને સ્વ-સુધારણા કરવા માટેનું અથ-ઇતિ આયોજન કરવા પ્રેર્યા છે.

શિક્ષકોને સમાજમાં પુનઃ ગૌરવ હાંસલ કરવા માટે જ્ઞાનવાન થવાને પ્રેરતા આ લેખકે વાલીઓને પણ કેવળ સંપત્તિવાન જ નહીં જ્ઞાનવાન થવા સૂચવ્યું છે. શિક્ષકો દ્વારા જીવન-મૂલ્યોની જાળવણી થતી રહે તે માટે ઉત્સુક આ લેખકે આ વાત તો લેખોમાં વારંવાર પડઘાવી છે અને તે માટે વાલીઓના સહયોગને તેમણે અનિવાર્ય લેખ્યો છે. શિક્ષકના વ્યવસાયને શ્રેષ્ઠ ઠેરાવતાં એક આચાર્યાની ઉક્તિને ટાંકતાં તેમણે લખ્યું છે : 'આર્થિક સમૃદ્ધિ જરૂરી છે જ પરંતુ આપણે જ્યાંથી પ્રાપ્ત કરીએ છીએ તેને પણ કંઈક અર્પણ કરીએ તો જીવનના અંતે જે સંતોષનો અનુભવ થાય છે તે અનેરો હોય છે.'

બાળકોને અપાતા શિક્ષણમાં ભાષા, ગણિત, ભૂગોળ જેવા વિષયો સમાવાય છે પણ લેખકને તો શિક્ષણમાં ''જીવન શિક્ષણ''નો અભાવ ખટકે છે. આ માટે એમણે વિદ્યાર્થીઓમાં ભાઈચારાની ભાવનાનો વિકાસ, રમૂજની આવડત (Sense of Humour), સર્જનાત્મકતા, મૂલ્ય-નિષ્ઠા, યોગ-ધ્યાન અને નિર્વાણની સમજને ખૂબ અગત્યતા દર્શાવ્યા છે. વ્યવહારુ અભિગમ ધરાવતા લેખક રણછોડ શાહે માતૃભાષા ગુજરાતી શીખવતા શિક્ષકોને વધુ સમર્થ થવા માટે વાચન, કવિતા અને નિબંધના શિક્ષણ અંગે આયોજન સહિતનાં ઉપયોગી સૂચનો કર્યાં છે; વિદ્યાર્થીઓની રફનોટના છેલ્લાં પાનાંઓનું અવલોકન કરવા અંગેનું સૂચન પણ અમલમાં મૂકવા જેવું છે. શિક્ષકોના સાથી બ્લેકબૉર્ડ, બાલસાહિત્ય-પ્રચાર, બાલપુસ્તકાલય-વ્યવસ્થા અને સંચાલનની વાત કરવાનું લેખક ચૂક્યા નથી. આમ છતાં અભ્યાસક્રમમાં જેનો સીધો સમાવેશ થતો જણાતો નથી તે મૂલ્યનિષ્ઠાની કેળવણીની દિશામાં કંઈ ન થાય તો કંઈક તો થાય તે માટે આબાદ સમાધાન સૂચવેલ છે : 'અભ્યાસક્રમમાં આ બાબતોનો સમાવેશ ન થાય ત્યાં સુધી એક શિક્ષક તરીકે જેટલો અમલ થાય તેટલો તો જરૂરથી કરીએ જ.'

વાલીઓ દ્વારા સંતાનોના થતા અણઘડ ઉછેરનો લેખકને ઉચાટ છે; બાળકોને વધુ પડતી સવલતો આપીને તેમને પાંગળા ને પરાધીન ન કરવાનું એમણે ભારપૂર્વક કહ્યું છે. હાલના માહોલમાં મૂલ્યનિષ્ઠ શાળા સંચાલકોના માર્ગદર્શન માટે 'માહોલ'નું થયેલ વિશ્લેષણ આબાદ છે. શાળાને લઘુઉદ્યોગ થતો બચાવવા માટે અને તેને વ્યક્તિનિષ્ઠ નહીં પણ વિચારનિષ્ઠ બનાવવા અંગેની જિકર અવશ્ય વિચારણીય છે.

લેખક રણછોડ શાહને સજ્જડ સલામ છે લેખોમાંનાં રોચક ઉદાહરણો માટે. ભાગ્યે જ કોઈ લેખ વાસ્તવિક ઉદાહરણથી વંચિત રહ્યો છે. કોઈ કોઈ લેખો તો એકથી વધુ ઉદાહરણો ધરાવે છે. વાચકો પોતાના પ્રિયજનોને આ ઉદાહરણો કહેવા જરૂર લલચાશે.

છેલ્લા લેખમાં, યુ. કે. જી. કક્ષાએ ઇન્ટરવ્યૂ આપતી બટકબોલી બાલિકાના ઉત્તરો તો ખરેખર આશ્ચર્યચકિત

કરી દે તેવા છે. આ લઘુ લેખ વાચકના ચહેરે પ્રસન્નતા પાથરી દે છે. જોકે માત્ર બે જ લેખોને અંતે લેખકે શ્રદ્ધાસભર 'આચમન'ની ભેટ આપેલ છે; તેમાંના એકને પડઘાવીએ :

''જ્યારે 'ભગવાન' તમને 'મુશ્કેલી'ના શિખર પરથી 'ધક્કો' મારે ને સાહેબ... તો એક વાત યાદ રાખજો, કાં તો તમને 'ઝીલી' લેશે, કાં તો તે તમને 'ઊડતાં' શીખવી દેશે.''

''ચલ ગુરુ Selfie' લે.. લે...'' સરખું વર્તમાન સમયમાં પ્રેરક અને ઉપયોગી પ્રકાશન શિક્ષકો, વાલીઓ અને શિક્ષણ-સંસ્થાના સંચાલકો અને વિદ્યાપ્રેમીઓને દર વરસે એક વાર વાંચવા જેવું પુસ્તક ધરીને લેખક રણછોડ શાહે શાળા અને પરિવારોની મોંઘેરી સેવા કરી છે. ઘર અને શાળા માટેના અખંડ દીવા જેવા આ પુસ્તકના લેખકને સ્ટેન્ડિંગ અવેશન – હાર્દિક અભિનંદન.

**ઈશ્વર પરમાર**

### સોનાની લગડી જેવા હાઈકુ – 'સત્તરાક્ષરું'

(સત્તરાક્ષરું – (સંપાદિત હાઈકુસંગ્રહ) : સંપાદક રમેશ પટેલ, શબ્દસેતુ પ્રકાશન, ૧૨/બી, પહેલા માળે, કાર્તિક સ્વામી સોસાયટી, સર્વોદયનગરની બાજુમાં, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૪, પૃષ્ઠ ૮૦, મૂલ્ય : રૂ. ૧૦૦)

'સત્તરાક્ષરું' એ કવિશ્રી રમેશ પટેલ દ્વારા સંપાદિત હાઈકુસંગ્રહ છે. નામી-અનામી કવિઓના આ હાઈકુઓ કવિતાસતતંગી માટે નોંધપાત્ર છે. કવિશ્રી સ્નેહરશ્મિ દ્વારા આ જાપાનીસ કાવ્યપ્રકાર અહીં અવતર્યો. આજે એ આ ભૂમિનો થઈને ખૂબ પાંગર્યો છે. ચિત્રાત્મકતા એ હાઈકુનો પ્રાણ છે. સત્તર શ્રુતિ દ્વારા જે ચિત્ર દૃષ્ટિ સમક્ષ રચાય તેમાંથી વાચકચિત્તમાં જે ધ્વનિ-વ્યંજનાના તરંગો ઊઠે તે આનંદ આપે. એક ભાવજગત રચી આપે, ભયો ભયો !

એવાં થોડાંક હાઈકુ આસ્વાદીએ –

*જીર્ણ દુર્ગની*
*ટોચ ઉપરે, તાજું*
*લહેરે ઘાસ.*

તદ્દન ખખડી ગયેલા કિલ્લાની ટોચ પર, ઘાસ લહેરે છે. ઘાસ કેવું છે ? તાજું ! આ દશ્યચિત્ર શું ઇંગિત કરે છે ? બે પેઢીના અનુસંધાનનો મર્મ તો પ્રગટ નથી કરતું ને ? જો 'દુર્ગ' શબ્દ પ્રતીક બને છે તો હવે નવી પ્રજાનો (રાજા-રજવાડાં ગયાં) ઉદય થઈ રહ્યો છે એવો અર્થ સમજાય...

*લોહી વહેણમાં*
*ઊછળે ના યા ગ રા*
*કીકીમાં કાવ્ય !*

૧૯૬૪માં પત્ની જ્યોત્સ્નાબહેનનું નિધન થયું ત્યારે ઉમાશંકર જોશીએ પોતાની વેદના આ ઉપરના હાઈકુમાં આકારી છે. પોતાનું અંગત જીવનમાંથી જાય ત્યારે જે વેદના રક્તવહેણમાં ઘોળાતી હોય છે તેને વ્યક્ત કરવા શબ્દો પણ પાંખા પડે છે. મૌનના કિનારે બેસીને આપણું મન જોયા કરે છે માત્ર ! કવિ એ વેદનાને નાયાગ્રા સાથે સંયોજિત કરે છે. નાયાગ્રા ધોધનો પ્રપાત – એ દશ્ય, જાણે આપણામાં કશુંક વારંવાર પછડાયા કરતું હોય – જનારનાં સ્મરણોનો પછડાટ ? – એવી તીવ્ર લાગણી જન્માવે છે. અને 'કીકીમાં કાવ્ય' કહી દિવ્યઅંજલિ આપી છે. હાઈકુની આ તાકાત અહીં બરાબર પ્રગટી છે.

વર્તમાન કાવ્યધારામાં જેમનું નામ ગૌરવભેર લઈ શકાય એવા ઉમદા કવિનું આ હાઈકુ જુઓ –

*વેરાન વૃક્ષ*
*ડાળે ડાળે ટહુકે*
*શૂન્ય-વિહંગો !*

આ હાઈકુમાં બે કલ્પનો જે વિજનતાનો ભાવ ઉજાગર કરે છે તેની મજા છે. એક વૃક્ષની વેરાનતાનું દશ્ય કલ્પન અને બીજું શૂન્યવિહંગોના ટહુકાર. એ શ્રાવ્યકલ્પન ! હરિયાળા વૃક્ષમાં એક વખત પંખીઓના ટહુકાર સાંભળતા અને મન હરખાઈ જતું. એક ઉન્માદ જાગી જતો... તે આજે ક્યાં ? જાહોજલાલી ગયા પછીની વેદના આમ જ ઘૂંટાતી હશેને આપણામાં ?

ધીરેન્દ્ર મહેતાનું આ હાઈકુ જીવતરની ઘેરી-ગંભીર વેદનાને કેવી સહજતાથી ચિત્રિત કરે છે – જુઓ..

*વંટોળ ગયો*
*આવી ચઢ્યું આંગણે*
*આ કોનું પીંછું !*

'વંટોળ' ઊઠે છે ત્યારે એ કેટલું બધું તહસનહસ કરી નાખે છે. કોઈ દિશા પણ ન સૂઝે ! એવામાં મન મૂઢ થઈ જાય. કવિ તે સમયે 'પીંછા'ની વાત કરે છે. પીંછુ તો પંખીનું હોય. પણ એ 'પીંછું' ખાસ અંગત કોઈ પરિચિતનું છે એ સૂચવાય છે આ ઉદ્ગાર ચિહ્ન દ્વારા. યાદ રહે 'આ કોનું પીંછું' પછી પ્રશ્નાર્થ નથી મૂક્યું પણ ઉદ્ગાર ચિહ્ન મૂકેલ છે. અહીં વ્યંજનાર્થ ભાવકચિત્તમાં વેદનાનો આકાર લઈ રહે છે. જીવનઝંઝાવાતમાં કોઈ અંગત ગુમાવ્યા તરફનો ઇશારો નથી ને ! 'આવી ચઢ્યું' પણ કંઈક સૂચવે છે... વિચારજો.

રમેશ પટેલનું આ હાઈકુ પ્રજાના સનાતન પ્રશ્નની થપ્પડ આપણને મારે છે. સાંભળો...

*ચાડિયો ઊભો*
*લીલા ખેતર વચ્ચે*
*ભૂખ્યો તરસ્યો !*

ચાડિયો આપણું એક જીવંત પ્રતીક છે. ખેતરના એ ચાડિયાને કવિએ એક મોટા વ્યાપમાં મૂકી દીધો... ને રચાયું અદ્ભુત હાઈકુ ! ખેતર કેવું છે હરિયાળું, 'લીલું' ! અર્થ શો ? અર્થ એ જ કે ખેતરમાં મોલ લળી રહ્યો છે જોયું... સમજાયું... પમાયું... આપણા સમાજની પરિસ્થિતિનું કેવું વાસ્તવિક ચિત્ર કવિએ માત્ર 'લીલા ખેતર વચ્ચે' પંક્તિથી દોરી લીધું ! આ ભર્યાભર્યા નગર વચ્ચે જીવતા વંચિતોની વેદનાને કલામય રીતે પ્રગટ કરી દીધી. શું આપણે જીવંત છીએ ? જો જીવંત હોત તો ઝૂંપડપટ્ટીઓ ઊભી થઈ હોત ? અનાથઆશ્રમો હોત ? સદાવ્રતો જેવો શબ્દ હોત ખરો. ઘેરી વેદનાને વ્યક્ત કરતાં આ હાઈકુ વિશે વિચારશો તો બીજા અર્થ પણ મળશે !

હવે જુઓ તેજસ દવેનું આ વિલક્ષણ હાઈકુ –

*મંદિર બ્હાર*
*ભિખારી પૈસા ગણે*
*પૂજારી જુવે.*

આમ તો હાઈકુમાં પ્રકૃતિ નિરૂપણથી મર્માળુ શબ્દચિત્ર ખડું કરવાનું હોય એમાંથી જેટલા વધુ અર્થ પ્રગટે તે હાઈકુ ઉત્તમ ! પણ કવિ તો તેનેય વળોટી જઈ કંઈક નવીનતા પણ લઈ આવે. એવું જ આ હાઈકુમાં જોઈ શકાય છે. આ કરુણ વ્યંગ આપણામાં રહેલી માનસિકતાને ટપારી જાય છે. 'મંદિર' શબ્દ મનને ધર્મ સાથે સાંકળે... મંદિર બહાર બેઠેલ ભિખારીને જતાં-આવતાં લોકો પૈસા નાખે... ભિખારી એ પૈસા ગણે... પેલો પૂજારી તે જુએ. મંદિરમાંય ભક્તો પૈસા નાખે - અઢળક નાખે... એ જાણતો હોવા છતાં પૂજારી... ભિખારીને પૈસા ગણતો જોઈ શું વિચારતો હશે ? પૂજારીને એ જોયાની જરૂર ખરી ? શું પૂજારી રજિસ્ટર્ડ ભિખારી હશે ? તેથી આમ જુએ છે ? કવિનો કરુણ કટાક્ષ એ છે કે પૂજારીને ખૂબ મર્મ છે છતાં ભિખારીને મળેલા પૈસામાં લાલસા રાખે છે. – આ ચિત્ર આપણી કહેવાતી ધાર્મિકતા પર વ્યંગ છે. કયો વ્યંગ હશે ? વિચારો...

ભૂપેન્દ્ર શાંતિલાલ વ્યાસ – 'રંજ'નું આ હાઈકુ સંવેદના શી ચીજ છે તેનું દર્શન કરાવી જાય છે. આજે માનવે સંવેદનશીલતા ને સહિષ્ણુતા ગુમાવી છે. કદાચ સાહિત્યસર્જન દ્વારા જ એ ખીલવી શકાશે... અહીં કવિ એક ચિત્ર રજૂ કરે છે.

*છેદાયું વૃક્ષ*
*ઊડી ગયાં વિહંગો*
*ફફડે આત્મા.*

વૃક્ષ અને પંખીઓનો અવિનાભાવી સંબંધ. વૃક્ષ પંખીઓની કેટકેટલી વાતો સવાર-સાંજ સાંભળતું હશે. કદાચ એના તરંગો આકાશે પણ ઝિલાતા હોય.. ન જાને ! વૃક્ષ પર સાંજ-સવારે આવીને પક્ષીઓ બેસતાં હોય... હવે વૃક્ષ જ દિવસ દરમિયાન કપાઈ જાય તો - ? સાંજે ત્યાં આવનારાં પક્ષીઓની વેદના કેવી હોય. એમની પર શી વીતે... કદાચ આ ખ્યાલ આભને આવે તો એ ફફડે જ ! સંબંધોની – લાગણીઓની જે ફિતરત હોય છે તે અહીં કાવ્યત્વને ઉજાગર કરે. અચાનક કોઈ જાય છે તો શું બોલાય છે. 'લે, હજી કાલે સાંજે તો અમે નાસ્તાપાણી સાથે કર્યાં... ને સવારે આ સમાચાર ?'

આપણા અસ્તિત્વને મૃત્યુ હલાવી દે છે. વૃક્ષનો વિનાશ પંખીઓના અને પંખી સાથે જોડાયેલા આભના અસ્તિત્વમાં પણ વેદનાના વમળ નહીં રચતો હોય એની શી ખબર ?

– આમ હાઈકુ નાનકડું કાવ્યસ્વરૂપ પરંતુ હીરા

- મોતી - ડાયમન્ડની ચમક એના અર્થમાં ઝબકારતી હોય છે જે એક વાર દેખાઈ જાય તો આંખે કહેતાં હૃદયે અંકાઈ જાય ! આવા સુંદર હાઈકુઓનું સંપાદન કરનાર ડૉ. રમેશભાઈ પટેલને ધન્યવાદ.

**યોસેફ મૅકવાન**

## 'વાદ-વિવાદ-સંવાદ' મનનીય લઘુ નિબંધોનો સંગ્રહ

(વાદ-વિવાદ-સંપાદ : લે. રમેશ પટેલ, પ્રકાશક : રાજેશ બુક સેલર્સ. ૧૨બી/ પહેલા માળે, કાર્તિકસ્વામી સોસાયટી, સર્વોદયનગરની બાજુમાં - શાહપુર દરવાજા બહાર - અમદાવાદ-૪, મૂલ્ય રૂ. ૮૦)

'વાદ-વિવાદ-સંવાદ' એ કવિશ્રી રમેશ પટેલનો લઘુનિબંધ સંગ્રહ છે. આ નિબંધોમાં વિચારોનાં, ઊર્મિનાં, ભાવનાનાં, લાગણીનાં એવાં સ્ફુલિંગો ટમટમે છે કે જો તમારી ભીતર એકાદ પડી જાય તો... તેનો પડઘો તમારી જીવનશૈલી પર અવશ્ય પડે ! આજના માનવીને માટે જીવવું કેવું દુર્લભ બન્યું છે તેની વાત અહીં લેખકે ખૂબ ખુલ્લી રીતે જરાય ડંખ રાખ્યા વિના આલેખી છે. એ વાંચીને લેખકને સલામ મારવાનું મન થાય ! ઊગતી પેઢી માટે તો આ પ્રેરણાનો સ્રોત છે.

છે લઘુનિબંધ સંગ્રહ... ને કવિએ પ્રસ્તાવના લખી છે ગઝલમાં ! એમાં જ એમની મૌલિકતા. એવી જ મૌલિકતા આ નિબંધોમાં.

આપણે જીવનને સમજ્યા વિના જે રગસ્યો પ્રવાહ વહે છે તેમાં જાણે-અજાણે તણાઈએ છીએ. કવિને એવી માનસિકતાની ચીડ છે. તેમાં વ્યક્તિનું પોતાનું તત્ત્વ અને સત્ત્વ નિરર્થક થઈ જાય છે. જીવનમાં બનતી કોઈ પણ ઘટનાના મૂળ મુદ્દાને પામી, તેનું પૃથક્કરણ કરી. જીવનનો સાથ પામવાનો હોય છે. આપણા બધાનાં જીવન એકસરખાં નથી જ નથી. એટલે લેખક માનવી-માનવી વચ્ચેના સંબંધોને સમજવા અને પામવાનો સૂચક માર્ગ દાખવે છે.

આ પુસ્તિકાના અનુક્રમમાં આપેલા લેખના મથાળાની ઉપર નજર કરવાથી જ જિજ્ઞાસાના વમળ ઊઠે છે... જેમ કે 'વડીલોની આજ્ઞાનો અનાદર કરો !', 'ઉત્સવ ન ઊજવવા એ રાષ્ટ્રની સેવા છે' અહીં સેવાના સાચા અર્થને કવિ ખોલે છે. 'લગ્નવિહીન સંબંધોને આવકાર મળવો જોઈએ !' બે વ્યક્તિના મિલન પાછળ કુટુંબો જે આર્થિક બોજ સહે છે તેની વાત કરતાં કરતાં લોકો કેવી બેવકૂફ દેખાદેખીમાં સરી જાય છે તેની વેદના તેમાં છે. સમાજની આંખ ઉઘાડનારો આ લેખ છે.

'ઓછો આત્મવિશ્વાસ માણસને જ્યોતિષી તરફ ખેંચી જાય છે !' સમાજ એકધારી ઘરેડમાં અટવાયા કરે છે તેની વેદના આ નિબંધમાં ધારદાર રીતે આલેખાઈ છે. નવી પેઢીએ વિચારવા જેવા કેટલાક મુદ્દા અહીં પ્રગટ છે.

'ક્રાંતિનો અર્થ શાંતિ નહીં પ્રશાંતિ છે !' રાજકારણ આપણા જીવનને બિહામણું સ્વરૂપ આપી દે છે. આપણે હિંસક બનીએ છીએ. સંકુચિતતા જીવનને તહસનહસ કરી નાખે છે. તેની સામે લેખકે સાચી સ્વતંત્રતાનો દીવો ધર્યો છે. તેના પ્રકાશમાં સમાનતાને બંધુત્વની ભાવના પ્રગટે. માનવતાપૂર્ણ અભિગમ જ સમાજમાં રચનાત્મક કામ કરવા પ્રેરે. માત્ર કલ્પનાઓથી સમાજ ન બદલાય. એ માટે સાચી કેળવણી ફેલાવવી હોય તો કેળવણીને રાજકારણથી દૂર કરો.

'પારિતોષિકો વિશે અલ્પ ચિંતન !'માં સાચા સર્જકની ઉપેક્ષા કેવી રીતે થાય છે તે સમજાવ્યું છે. 'કોઈ નવોદિત સર્જકની સજ્જતાને સાચી રીતે પ્રમાણવાની પ્રામાણિકતા કદાચ સાહિત્યજગતે ગુમાવી દીધી હોય એવું નથી લાગતું ?' આ એક માત્ર નિવેદનથી સાહિત્યજગતની સાચી પરિસ્થિતિનું ચિત્ર લેખક દોરી આપે છે !

'માણસોને ચાહવાનું કદી નહીં અટકાવીએ !' લેખક અતિ સંવેદનશીલ છે. માણસ માણસ વચ્ચે પ્રેમ તો ટકવો જ જોઈએ. લેખક ખંડનાત્મક પ્રવૃત્તિ અટકાવી માણસને ચાહવાની રચનાત્મક પ્રવૃત્તિની દિશા સૂચવે છે જે આવકાર્ય છે.

ટૂંકમાં, અહીં આપેલા ૪૮ જેટલા લઘુનિબંધો જીવનમાં માનવીય અભિગમ કેવા હોવા જોઈએ તેનો ગ્રાફ લેખકે આપ્યો છે. તેમાં તેમની મૌલિકતા સરળ ભાષામાં જોવા મળે છે. આ પુસ્તિકા યુવાનોના હાથમાં જાય તો... તેમને લાભ થાય... સમાજને લાભ થાય.

**યોસેફ મૅકવાન**

સમૃદ્ધ રાષ્ટ્રનું કેન્દ્રસ્થાન વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓ છે. જેટલા વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓ વધારે તેટલું રાષ્ટ્ર વધુ સમૃદ્ધ. રાજાની કાયદા પાલનની મજબૂત નીતિથી રાષ્ટ્ર સુરક્ષિત બને. સુરક્ષિત રાષ્ટ્રમાં પૂંજીપતિઓ તણાઈ આવે. પૂંજી પોતાની સાથે ત્રણ વસ્તુઓને લાવે : ૧. રોજી, ૨. રેવન્યૂ અને ૩. સમૃદ્ધિ. સમૃદ્ધિ હોય ત્યાં સુખ હોય. ગરીબી હોય ત્યાં દુઃખ હોય. મહાજન પ્રજાજીવનનું કેન્દ્ર કહેવાય.

**– સ્વામી સચ્ચિદાનંદ**

આપણા દેશના ઉદ્યોગોનો ઇતિહાસ પદ્ધતિસર લખાયેલો નથી. આપણા ઉદ્યોગો સંબંધી પૂરતી શોધખોળ પણ થઈ નથી. હિંદ એક વખત – લાંબો વખત વ્યાપાર ઉદ્યોગમાં બહુ જ આગળ પડતો દેશ હતો એવું ઇતિહાસના મળી આવેલા ટુકડાઓ ઉપરથી આપણે જોઈ શકીએ એમ છીએ. હિન્દુસ્તાનનું આકર્ષણ જ તેની સમૃદ્ધિ, કારીગરી અને ઉદ્યોગોને લીધે જ હતું એમ ઇતિહાસ સળંગ ન હોવા છતાં આપણે જાણીએ છીએ.

**– રમણલાલ વ. દેસાઈ**

સુતરાઉ કાપડ ઉદ્યોગ ભારતીય અર્થકારણમાં મહત્ત્વનું સ્થાન ધરાવતો હતો. રેશમી કાપડ તથા ગરમ કાપડની બનાવટોનું પણ દેશમાં ઉત્પાદન થતું હતું. ઇંગ્લૅન્ડના કારખાનામાં તૈયાર થતો માલ કિંમતમાં સસ્તો હતો. ભારતીય માલ ઉપર સંરક્ષણાત્મક જકાત દાખલ કરી, તેથી ભારતીય કાપડ ઉદ્યોગને ગેરલાભ થયો. કંપની સરકારે મજૂર મહાજનોને પરોક્ષ દૃષ્ટિએ નબળા બનાવ્યા હતા. વિદેશી કાપડની હરીફાઈને લીધે સુતરાઉ તથા રેશમી કાપડ ઉદ્યોગનું પતન થયું. દેશના વેપારીઓ પાસેથી લેવામાં આવતી જકાતને કારણે આંતરિક વ્યાપાર સંકટમાં આવે છે. ભારતનાં બજારો ઇંગ્લૅન્ડના કાપડથી ઊભરાયાં.

**પ્રા. જે. આર. શાહ**

ઈ. સ. ૧૮૯૫માં કેન્યા – યુગાન્ડાને જોડતી રેલવે લાઇન બનાવવા બ્રિટિશરો ભારતથી બત્રીસ હજાર શ્રમજીવીઓ લઈ ગયા હતા. તે પછી ભારતથી પોરબંદરના સાહસી ઉદ્યોગપતિ નાનજી કાલિદાસ મહેતા ઉપરાંત મેઘજી પેથરાજ, મુળજીભાઈ માધવાણીએ ઇસ્ટ આફ્રિકન અર્થતંત્રમાં ભારે નામ કાઢતું પ્રદાન આપ્યું. તેનાથી પ્રેરાઈને સૌરાષ્ટ્ર-કચ્છના વેપારીઓ ત્યાં જવા માંડ્યા. યુગાન્ડાના કંપાલા, લુગાઝી, જિંનઝા ઉપરાંત દારેસલામ, નૈરોબી વગેરેમાં પણ વેપાર ઉદ્યોગ અને ચેરિટી પ્રોજેક્ટ કર્યા હતા.

**– ભવેન કચ્છી**

સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલપંપ પાસે, વંથલી રોડ, ટીંબાવાડી, મુ. જૂનાગઢ.

# ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

## પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પુસ્તકની કિંમત |
|---|---|---|---|
| ૧. | કવીશ્વર દલપતરામ ભાગ-૧ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૫૦ |
| ૨. | કવીશ્વર દલપતરામ ભાગ-૨ પૂર્વાધ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૮૦ |
| ૩. | કવીશ્વર દલપતરામ ભાગ-૨ ઉત્તરાર્ધ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૯૦ |
| ૪. | કવીશ્વર દલપતરામ ભાગ-૩ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૮૦ |
| ૫. | મોત ઉપર મનન | સ્વ. ફીરોઝ કાવસજી દાવર | ૭૫ |
| ૬. | Descriptiv Catalogsanskrit Manuscripts Part-II | ડૉ. પ્રિયબાલા શાહ | ૧૩૫ |
| ૭. | Descriptivy Catalogsanskrit Manuscripts Part-I | ડૉ. પ્રિયબાલા શાહ | ૧૨૦ |
| ૮. | Descriptiv catalog of Arabic And Persian Manuscripts part-II | Shri Rasikalal C. parikh | ૭૫ |
| ૯. | Descriptiv catalog of Arabic And persian Manuscripts part-I | Shri Rasikalal C. parikh | ૯૬ |
| ૧૦. | History of Gujarat Vol.-III | M. S. Commissarialt | ૨૫૦ |
| ૧૧. | સૂફીમત (બીજી આવૃત્તિ) | ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક | ૧૪૦ |
| ૧૨. | સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ (બીજી આવૃત્તિ) | શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૦૦ |
| ૧૩. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૧ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૩૦ |
| ૧૪. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૨ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૮૦ |
| ૧૫. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૩ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૫૦ |
| ૧૬. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૪ (પ્રથમ આવૃત્તિ) | જયકુમાર શુક્લ | ૧૫૦ |
| ૧૭. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૫ (પ્રથમ આવૃત્તિ) | જયકુમાર શુક્લ | ૨૫૦ |
| ૧૮. | અખો એક અધ્યયન | ઉમાશંકર જોશી | ૧૪૦ |
| ૧૯. | પુરાણોમાં ગુજરાત | ઉમાશંકર જોશી | ૨૦૦ |
| ૨૦. | મહાકવિ કાલિદાસ | | ૧૫૦ |
| ૨૧. | વિદ્યાપુરુષનો વાક્પ્રસાદ | રસિકલાલ છોટાલાલ પરીખ | ૩૦૦ |
| ૨૨. | અમદાવાદનો ઇતિહાસ | મગનલાલ વખતચંદ | ૧૧૦ |

બુદ્ધિપ્રકાશ મે ૨૦૧૮ Regd. under Postal Registration No.
GUJ-160/2018-2020 Valid upto 31 December 2020
Posted at Ahmedabad P.S.O. on 21st each month. RNI No. 15009 / 59

